પાના -૮, કિંમત રૂ.૨, તા. ૧૦-૦૬-૨૦૨૫- મંગળવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૦ ● અંક : ૧૫૮ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in pratapdarpan_official pratapdarpansrt@gmail.com pratapdarpan_official11

# સુરક્ષા મંત્રાલય નવી એર ડીફેન્સ સિસ્ટમની ખરીદી કરશે

## ૩૦ હજાર કરોડમાં નવી એર ડીફેન્સ સિસ્ટમ કયુઆરએસએએમ માટે ડીલ : અત્યાધુનિક સીસ્ટમ પાક. અને ચીન સરહદ પર તૈનાત કરાશે

નવી દિલ્હી, તા. ૧૦

ભારતીય સેનાને ટુંક સમયમાં જ નવી એર ડીફેન્સ સિસ્ટમ જોવા મળી શકે છે. ડિફેન્સ અધિકારીઓનાં જણાવ્યા મુજબ રક્ષા મંત્રાલય ચીન અને પાકિસ્તાનની બોર્ડર પર તૈનાતી માટે કિવક રિએકશન સરફેસ ટુ એર મિસાઈલ સિસ્ટમ (કયુઆરએસએમ)ની ત્રણ રેજીમેન્ટ ખરીદવાનો વિચાર કરી રહી છે.

આ ડીલ ૩૦ હજાર કરોડ રૂપિયાની થશે. કયુઆરએસએએમ દિવસ અને રાત બન્ને સમય કારગત છે. તેનું સફળ પરીક્ષણ પણ કરવામાં આવી રહ્યું છે. અધિકારીઓનાં જણાવ્યા મુજબ આ ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (ડીઆરડીઓ)ને તૈયાર કર્યું છે.તેને એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જઈ શકાય છે.

કયુઆરએસએએમ સિસ્ટમમાં મુવીંગ ટાર્ગેટ ખોજવા, ટ્રેક કરવા અને ઓછા સમયમાં ફાયર કરવાની કેપીસીટી છે. લગભગ ૪૦ કિલોમીટરની રેન્જની સાથે કયુઆરએસએએમ મીડીયમથી ઓછા



ડિસ્ટેન્સમાં મીડીયમ રેન્જ સરફેસ ટુ એર મિસાઈલ સિસ્ટમ (એમઆરએસએએમ) અને આકાશ જેવી મોજુદ એર ડિફેન્સ સિસ્ટમને સપોર્ટ કરશે.

આ ડિફેન્સ સિસ્ટમને સેનામાં સામેલ કરવા માટે કાઉન્સીલની બેઠક જુનના ચોથા સપ્તાહમાં મળી શકે છે. હાલ ભારત પાસે આકાશતીર, એસ-૪૦૦ અને આયર્ન ડ્રોન વચ્ચે જેવા એર ડીફેન્સ મોજુદ છે.

આ જ એર ડીફેન્સ સિસ્ટમે ભારત-પાકિસ્તાન વચ્ચે ૭ થી ૧૦ મે સુધી ચાલેલા સંઘર્ષ દરમ્યાન પાકિસ્તાન તરફથી છોડવામાં ચીની મીસાઈલો અને તુર્કીશ ડ્રોનને ખતમ કર્યા હતા.

ઓપરેશન સિંદુર દરમ્યાન આકાશ તીર, ડીફેન્સ સીસ્ટમે પાકિસ્તાની મિસાઈલ અને ડ્રોન્સને ખતમ કરવા માટે મહત્વની ભુમિકા ભજવી હતી. આ એક સ્વદેશી આર્ટીફીશીયલ ઈન્ટેલીજન્સ-પાવર એર ડીફેન્સ સીસ્ટમ છે. ભારત-પાકનાં સંઘર્ષ દરમ્યાન આકાશ તીર ડીફેન્સ સીસ્ટમ હીરો બની હતી.

# ૬ રાજ્યોમાં હીટવેવનું એલર્ટ જારી હાલ વરસાદની કોઈ શકયતા નથી

### શ્રી ગંગાનગરમાં ૪૭.૩ ડિગ્રી સાથે સૌથી વધુ તાપમાન

નવી દિલ્હી, તા. ૧૦

દેશના ઉત્તરીય રાજ્યોમાં કાળઝાળ ગરમી પડી રહી છે. સોમવારે દેશના ૬ રાજ્યોના ૧૮ શહેરોનું તાપમાન ૪૫ ડિગ્રીને પાર રહ્યું. આ રાજ્યોમાં રાજસ્થાન, હરિયાણા, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, દિલ્હી અને ઓડિશાનો સમાવેશ થાય છે. રાજસ્થાનનું શ્રીગંગાનગર ૪૭.૩ ડિગ્રી સેલ્સિયસ સાથે દેશમાં સૌથી ગરમ રહ્યું છે.

મંગળવારે પણ પંજાબ, હરિયાણા, રાજસ્થાન, મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ સહિત દિલ્હી-એનસીઆરના મોટાભાગના જિલ્લાઓમાં હીટવેવ અને ભીષણ ગરમીનું એલર્ટ આપવામાં આવ્યું છે. દિલ્હીમાં આજે પણ તાપમાન ૪૫ ડિગ્રી નજીક જઈ શકે છે. રાજ્યમાં આગામી બે દિવસ માટે હીટવેવનું ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે.

હવામાન વિભાગે રાજસ્થાનમાં ભાષણ ગરમીના કારણે રેડ એલર્ટ જાહેર કર્યું છે. જેસલમેર, બાડમેર, જોધપુર, પાલી, જાલોર અને સિરોહી જેવા પશ્ચિમી જિલ્લાઓ સૌથી વધુ અસરગ્રસ્ત થયા છે. હરિયાણામાં પણ સોમવારે તાપમાન ૪૫ ડિગ્રીને પાર કરી ગયું હતું. સિરસા ૪૬.૪ ડિગ્રી તાપમાન સાથે રાજ્યમાં સૌથી ગરમ રહ્યું હતું.

આસામમાં પૂરની સ્થિતિમાં સુધારો થયો છે, પરંતુ રાજ્યના ૧.૬૩ લાખ લોકો હજુ પણ પૂરથી અસરગ્રસ્ત છે. આ વર્ષે રાજ્યમાં પૂર અને ભૂસ્ખલનની ઘટનાઓમાં ૨૭ લોકોના મોત થયા છે. હાલમાં કોઈ પણ નદી ભયજનક નિશાનથી ઉપર વહી રહી નથી.

છેલ્લા ૬ વર્ષની સરખામણીમાં, આ વર્ષે દક્ષિણપશ્ચિમ ચોમાસું આંધ્રપ્રદેશમાં વહેલું પહોંચ્યું હતું, પરંતુ તે નબળું રહ્યું છે. જૂનના પહેલા નવ દિવસમાં

અનુસંધાન પાના ૭ પર

# ઈ-પાસપોર્ટ સર્વિસ અન્ય ભાગોમાં પણ શરૂ થશે

### બધી વિગતો ચિપમાં હોવાથી છેતરપિંડીની શકયતા નહીં રહે

નવી દિલ્હી, તા. ૧૦

દિલ્હીમાં સામાન્ય બુકલેટવાળા પાસપોર્ટના બદલે આઈએફઆઈડી (રેડિયો ફ્રિકવન્સી આઈડેન્ટીફીકેશન) ચિપવાળા પાસપોર્ટ બનવા શરૂ થઈ ચૂકયા છે. પાસપોર્ટના કવર પર લાગેલ આ નાનકડી ચિપમાં પાસપોર્ટધારકની પુરી વિગત નોંધાશે.

પાસપોર્ટ વિભાગનું કહેવું છે કે, આઈએફઆઈડી ચિપવાળા પાસપોર્ટ સામાન્ય પાસપોર્ટની તુલનામાં વધુ સુરક્ષિત રહેશે, તેમાં છેડછાડ કરવી સંભવ નથી.

વર્ષ ૨૦૨૪માં હૈદ્રાબાદ, અમૃતસર, ચેન્નાઈ સહિત દેશના ૧૨ ક્ષેત્રીય પાસપોર્ટ કાર્યાલયમાં તેને પાયલોટ પ્રોજેકટ તરીકે શરૂ કરવામાં આવ્યા હતા.

તેમાં સફળતા બાદ અન્ય શહેરોમાં પણ ઈ-પાસપોર્ટ લોન્ચ કરવામાં આવ્યા છે. એક અધિકારીએ જણાવ્યું હતું કે, દિલ્હીમાં હવે જે નવા પાસપોર્ટ બનશે કે જેનુ નવીનીકરણ થશે.

તે બધા આરએફઆઈડી ચિપવાળા હશે. પાસપોર્ટ પર લાગેલી ચિપમાં ચહેરાનો ફોટો, આંગળીના નિશાન, આઈરીસ સ્કેન સહિત એન્ક્રીપ્ટેડ વ્યક્તિગત અને


અનુસંધાન પાના ૭ પર

# ચૂંટણી પંચે કોંગ્રેસ સહિતના રાષ્ટ્રીય પક્ષો સાથે બેઠક કરવા તૈયારી દર્શાવી

### ચૂંટણી પંચની કામગીરી પર સવાલો ઉઠતા પંચ રાજકીય પ્રશ્નોની દલીલોનું જવાબ આપશે

નવી દિલ્હી, તા. ૧૦

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસના નેતા અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી જાહેરમાં ચૂંટણી પંચ પર કથિત ગેરરીતિઓ અંગે ગંભીર આરોપો લગાવી રહ્યા છે. આમ છતાં, કમિશન ઈચ્છે છે કે રાહુલ ગાંધી પણ કોંગ્રેસ સાથેની તેમની બેઠકમાં પાર્ટી પ્રમુખ અને અન્ય વરિષ્ઠ નેતાઓ સાથે હાજર રહે.




કમિશનના સૂત્રોના જણાવ્યા અનુસાર, આ સંદર્ભમાં પાર્ટીના ટોચના નેતૃત્વનો ટૂંક સમયમાં સત્તાવાર રીતે સંપર્ક કરવામાં આવશે. કોંગ્રેસ સાથે કમિશનની આ બેઠક ૨૩ જૂન પછી ગમે ત્યારે થઈ શકે છે.ચૂંટણી પંચે કોંગ્રેસ સાથે ચૂંટણીલક્ષી ચર્ચા માટે આ તૈયારી કરી છે જ્યારે તે અન્ય પાંચ રાષ્ટ્રીય પક્ષો સાથે વિવિધ ચૂંટણી મુદ્દાઓ પર ચર્ચા કરી રહી છે.આમાં ભાજપ, બસપા, આપ, સીપીઆઈ(એમ) અને નેશનલ પીપલ્સ પાર્ટી (એનપીપી)નો સમાવેશ થાય છે.ભાજપ પ્રમુખ જેપી નડ્ડા, બસપા સુપ્રીમો માયાવતી, આમ આદમી પાર્ટી (આપ) ના કન્વીનર અરવિંદ કેજરીવાલ, એનપીપી

અનુસંધાન પાના ૭ પર

# વાહનોનો થર્ડ પાર્ટી વીમો ૧૮ ટકા જેટલો મોંઘો થઈ જશે

### વિમા પ્રિમિયમમાં વધારો કરવા ઈરડાનો પ્રસ્તાવ

નવી દિલ્હી, તા. ૧૦

હવે ટુંક સમયમાં આપને ગાડીઓનો ઈુસ્યોરન્સ ખરીદવા માટે વધુ પૈસા ચુકવવા પડી શકે છે. ધી ઈુસ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરીટી ઓફ ઈન્ડિયા (આઈઆરડીએઆઈ)એ મોટર થર્ડ પાર્ટી (ટીપી) વીમા પ્રિમીયમમાં સરેરાશ ૧૮ ટકાના વધારાનો પ્રસ્તાવ રાખ્યો છે.

જોકે કેટલીક ગાડીઓની કેટેગરીમાં આ વધારો ૨૦ ટકાથી ૨૫ ટકા સુધી હોઈ શકે છે. પ્રસ્તાવ હાલમાં સડક પરિવહન અને હાઈવે મંત્રાલય દ્વારા સમીક્ષાને આધિન છે જેના આગામી બેથી ત્રણ સપ્તાહમાં પોતાના નિર્ણયની જાહેરાત થવાની આશા છે.

ઈન્ડસ્ટ્રીઝનાં એક જાણકારે જણાવ્યું હતું કે, છેલ્લા ચાર વર્ષથી વધુની રોક બાદ ઈરડાએ આ પ્રસ્તાવ એવા સમયે કર્યો છે.જયારે વ્યાપક જનરલ ઈુસ્યોરન્સ ઈન્ડસ્ટ્રી વધતા દાવા અને ફિકસ્ડ પ્રાઈસીંગ સ્ટ્રકચરનો સામનો કરી રહ્યુ છે.

સ્ટેટ હોલ્ડર્સનું કહેવુ છે કે, આ વધારો વધતી વીકલ ડેન્સીટી મોંઘવારીનું દબાણ અને વળતર સાથે તાલમેલ રાખવો જરૂરી છે. જોકે

અનુસંધાન પાના ૭ પર

# લોસ એન્જલસમાં સતત ચોથા દિવસે હિંસા ૭૦૦ મરિન કમાન્ડોની પણ તૈનાતી

## ગેરકાયદે ઈમિગ્રન્ટસની ધરપકડની કાર્યવાહીના વિરોધમાં ફાટી નિકળેલા તોફાનોમાં બેનાં મોત

નવી દિલ્હી, તા. ૧૦

અમેરિકાના કેલિફોર્નિયા રાજ્યના લોસ એન્જલસમાં ૪ દિવસથી ચાલી રહેલી હિંસામાં અત્યાર સુધીમાં બે લોકોના મોત થયા છે. ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને બહાર કાઢવાના નિર્ણય સામે આ હિંસક વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે.

આ વિરોધ પ્રદર્શનને કાબુ કરવા માટે, ટ્રમ્પ વહીવટીતંત્રે વધુ ૨૦૦૦ નેશનલ ગાર્ડ્સ તહેનાત કરવાનો નિર્ણય લીધો છે, જેનાથી તેમની કુલ સંખ્યા ૪૦૦૦ થશે. આ ઉપરાંત, ૭૦૦ મરીન કમાન્ડો તહેનાત કરવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો છે.તેઓ નેશનલ ગાર્ડ સાથે



મળીને સુરક્ષા વ્યવસ્થા સંભાળશે. આ મરીન જવાન દક્ષિણ કેલિફોર્નિયાના ટ્વેન્ટી નાઈન પામ્સ બેઝથી આવી રહ્યા છે. યુએસ અધિકારીઓએ જણાવ્યું હતું કે આ તહેનાતી આગામી થોડા કલાકોમાં થઈ શકે છે.આ પહેલા ટ્રમ્પે લોસ એન્જલસમાં હિંસા અને તોડફોડ બાદ તહેનાત નેશનલ ગાર્ડ જવાનોની પણ પ્રશંસા કરી હતી. આ જવાનોને સામાન્ય રીતે રાજ્યના ગવર્નરોના આદેશ પર બોલાવવામાં આવે છે, પરંતુ આ વખતે ટ્રમ્પે પોતે તેમને તહેનાત કર્યા છે.

ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને બહાર

અનુસંધાન પાના ૭ પર

# ટ્રમ્પ અને એલન મસ્ક વચ્ચે સુખદ સમાધાનના સંકેત

### મને મસ્ક સાથે વાત કરવામાં કોઈ વાંધો નથીઃ ટ્રમ્પનું નિવેદન

વોશિંગ્ટન, તા. ૧૦

અમેરિકાના ટ્રમ્પ યુગના સૌથી મોટા બ્રેક-અપ જેવા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમના ખાસ સાથી તથા ટેસ્લાના બોસ એલન મસ્ક વચ્ચે ફરી સમાધાનના સંકેત છે. શ્રી મસ્કે તેના અગાઉના નાસાના કાર્યક્રમને થંભાવી દેવાની જાહેરાત કરી હતી તે પાછી ખેંચી છે.ટ્રમ્પ વિ. જે તેણે એસ્પીટન ફાઈલમાં ટ્રમ્પના નામનો ધડાકો કર્યો હતો તે ટવીટ પણ ડીલીટ કર્યુ છે તો ગઈકાલે વ્હાઈટ હાઉસમાં ડોનાલ્ડ ટ્રમ્પે પણ સમાધાનના સંકેત આપતા કહ્યું કે મારે મસ્ક સાથે વાત કરવામાં કોઈ સમસ્યા નથી.જયારે પત્રકારે શ્રી ટ્રમ્પને પ્રશ્રન પૂછયો કે તમો શુ મસ્ક સાથે કોઈ સમયે ફોન કરવાનું વિચારો છો! ટ્રમ્પ વિચારતા હોય તે રીતે તેનો જવાબ આપતા કહ્યું કે હમ્મ- હજું મે તેના પર કોઈ વિચાર કર્યો નથી પણ હું માનુ છું કે તે (મસ્ક) મારી સાથે વાત કરવા માંગે છે. જો હું તેના સ્થાને હોત તો મે ચોકકસ વાત કરી હોત, કદાચ તેણે કોલ કર્યો પણ હશે, પણ મે તમારે તેને પુછવું જોઈએ.તેને પૂછો કે તેણે ફોન કર્યો છે! મને તેની સાથે વાત કરવામાં કોઈ સમસ્યા નથી. ટ્રમ્પે બાદમાં કહ્યું કે અમારા સંબંધો સારા જ છે અને હું તેમનું સારુ જ ઈચ્છું છું!

# મેઘાલયની પોલીસ આરોપી સોનમને લઈ પટનાથી રવાના

## રાજ નિર્દોષ હોવાનો તેની માતાએ કરેલો દાવો

નવી દિલ્હી, તા. ૧૦

ઈન્દોર ટ્રાન્સપોર્ટ બિઝનેસમેન રાજા રઘુવંશીની હત્યાના આરોપસર ધરપકડ કરાયેલી તેની પત્ની સોનમ રઘુવંશી (૨૪) ને લઈને મેઘાલય પોલીસ સોમવારે મોડી રાત્રે શિલોંગ જવા રવાના થઈ હતી. મેઘાલય પોલીસ હાલમાં પટનાના ફુલવારી શરીફ પોલીસ સ્ટેશનમાં રોકાઈ છે. સોનમને પણ અહીં રાખવામાં આવી છે.૪ સભ્યોની ટીમ સોનમને સાંજે ૪ વાગ્યે ઈન્ડિગો ફ્લાઈટ દ્વારા પટનાથી કોલકાતા લઈ જશે. ત્યાંથી તેઓ ગુવાહાટી થઈને શિલોંગ પહોંચશે. સોનમ ઉપરાંત ફ્લાઈટમાં વધુ ૪ લોકો માટે ટિકિટ બુક કરવામાં આવી છે. સોનમને BR01 PR 6242 નંબરની કારમાં પટના લાવવામાં આવી હતી. આ દરમિયાન સોનમ શાંત દેખાતી હતી.બીજી તરફ, રાજા રઘુવંશી હત્યા કેસના આરોપી રાજ કુશવાહાની માતાએ કહ્યું - મારો પુત્ર ક્યારેય આવું ન કરી શકે. મારા પુત્રને ખોટી રીતે ફસાવવામાં આવ્યો છે. તે સોનમના ભાઈની ફેક્ટરીમાં કામ કરતો હતો. સાથે કામ કરતી વખતે તેઓ એકબીજા સાથે વાત કરતા હતા પરંતુ રાજાના મર્ડર સાથે તેના કોઈ લેવા-દેવા નથી.

અનુસંધાન પાના ૭ પર

# પેલેસ્ટાઈનનો સ્કાફ પ્રદર્શીત કરી એપલની ઈવેન્ટમાં વિરોધ પ્રદર્શન

### એપલના કર્મચારીને સીક્યુરીટી ગાર્ડે પકડીને બહાર કાઢયો

નવી દિલ્હી, તા. ૧૦

અમેરિકામાં ઈમીગ્રેશનની સાથે પેલેસ્ટાઈન તરફી પણ સતત વધતા રહેલા દેખાવો અને ખાસ કરીને ટેક જાયન્ટસ કંપનીના ઈવેન્ટમાં પણ આ પ્રકારે કર્મચારીઓ ગાઝા-પેલેસ્ટાઈન માટે સહાનુભૂતિ દેખાડવાનું ચૂકતા નથી તેવી માઈક્રોસોફટ અને ગુગલ બાદ ગઈકાલે યોજાયેલા એપલના વર્લ્ડવાઈડ ડેવલપર કોન્ફરન્સમાં પણ એક કર્મચારીએ ચાલુ કોન્ફરન્સે સ્ટેજ પર પહોંચી જઈને તેનું જેકેટ ખોલીને તેઓ પેલેસ્ટાઈનના નાગરિકો પહેરે છે તેવો કેફીયેર માથા પર પહેરવાનો સ્કાફ પ્રદર્શીત કર્યો હતો અને પછી હું એપલમાં કામ કરૂ છું તેવા બરાડા પાડવા લાગ્યો હતો. જો કે તે શું બોલી રહ્યો છે તે ભાગ્યે જ ઓડીયન્સમાં સંભળાતુ હતુ. બાદમાં તેને ઈવેન્ટના

કયોરિટી ગાર્ડ સ્ટેજ પર

અનુસંધાન પાના ૭ પર

# ભમીદળના વડા જનરલ ઉપેન્દ્ર દ્વીવેદીએ કેદારનાથના દર્શન કર્યા

### મંદિરના પૂજારીઅઓ દ્વારા ખાસ હવન કરાયો

દેહરાદૂન, તા. ૧૦

ભારતીય સૈન્યના ઓપરેશન સિંદુરમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવનાર ભૂમીદળ વડા જનરલ ઉપેન્દ્ર દ્વીવેદીએ કુટુંબ સાથે કેદારનાથના દર્શન કર્યા હતા. તેઓને કેદારનાથના પુજારીઓ દ્વારા ખાસ હવન વિધિ પણ કરાવવામાં આવી હતી.

જનરલ દ્વીવેદીનું અહી તિર્થ પુરોહીત સમાજ દ્વારા સ્વાગત કરાયુ હતું. બાદમાં જનરલે પુજા સહિતની વિધિ કરી હતી. તેઓ લગભગ અડધો કલાક અહી મંદિરમાં રોકાયા હતા. તેઓએ બાબા કેદારનાથના દર્શને આવીને એક પરમ શાંતિનો અહેસાસ થતો હોવાનું જણાવ્યું હતું.

ચારધામ યાત્રાના પ્રારંભ બાદ બાબા કેદારનાથના દર્શનાર્થીઓની વીવીઆઈપી સંખ્યા પણ થઈ છે. દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તા પણ તા. ૨ જૂનના કેદારનાથ આવ્યા હતા.ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેન પણ દર્શન કરી ગયા છે. ગઈકાલે એક જ દિવસમાં ૨૨૫૩૨ શ્રદ્ધાળુઓએ કેદારનાથના દર્શન કર્યા હતા. આ વર્ષે કેદારનાથ યાત્રાના યાત્રાળુઓ માટે સુવિધા વધી છે.

### ‘એક ભારત, શ્રેષ્ઠ ભારત’ વિઝનની ઉજવણીના ભાગરૂપે

# તા.૧૨મીએ બારડોલી ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને ખેડૂત સંમેલન યોજાશે



## વિકસિત કૃષિ સકલ્પ અભિયાનનો સમાપન સમારોહનું આયોજન

સુરત, તા.૧૦

‘એક ભારત, શ્રેષ્ઠ ભારત’ વિઝનની ઉજવણી અનુસંધાને સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા આગામી તા.૧૨મી જૂનના રોજ સવારે ૧૦.૩૦ વાગે બારડોલી તાલુકાના સાંકરી બી.એ.પી.એસ.સ્વામિનારાયણ મંદિર સંકુલ ખાતે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને એક દિવસીય ખેડૂત સંમેલન અને કૃષિ વિજ્ઞાન કેન્દ્રો દ્વારા આયોજિત ‘વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન’નો સમાપન સમારોહ યોજાશે. આ પ્રસંગે કૃષિમંત્રી, સાંસદ સહિતના અન્ય પદાધિકારીઓ ઉપસ્થિત રહેશે. જેના આયોજન અર્થે કલેકટર કચેરી ખાતે જિલ્લા કલેકટર ડો.સૌરભ પારધીના અધ્યક્ષસ્થાને બેઠક મળી હતી. જિલ્લા કલેકટરશ્રીએ કાર્યક્રમના સુચારૂ આયોજન અંગે સંબંધિત વિભાગના અધિકારીઓને જરૂરી સૂચનો કર્યા હતા. બારડોલી ખેડૂત સંમેલનમાં આવનાર ખેડૂતોને સરદાર પટેલના વિઝનરી વ્યકિતત્વ અને ખેડૂત સત્યાગ્રહ વિશે માહિતગાર કરવા, ખરીફ પાકો વિષે આધુનિક કૃષિ તાંત્રિકતા અંગે માર્ગદર્શન, નફાકારક પ્રાકૃતિક કૃષિ, ટકાઉ ખેતી, સોઈલ હેલ્થ કાર્ડના લાભ, નેનો ફર્ટીલાઈઝર યુરિયા અને નેનો ડીએપીના ઉપયોગ તેમજ આધુનિક બિયારણ અંગે ખેડૂતોને માહિતગાર કરાશે. ખેતીવાડી, બાગાયત, પશુપાલનની ખેડૂતલક્ષી વિવિધ સહાય યોજનાઓ વિષે પરિસંવાદ તેમજ ૨૦ કૃષિ પ્રદર્શન સ્ટોલ ઉભા કરી ખેડૂતોને કૃષિલક્ષી માર્ગદર્શન અપાશે. આ સંમેલનમાં દક્ષિણ ગુજરાત ઉપરાંત સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાત સહિત અન્ય જિલ્લાના ખેડૂતો પણ જોડાશે. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રી તથા અન્ય મહાનુભાવોના હસ્તે યોજનાઓના મંજૂરીપત્રો, કૃષિ કિટ્સ, સન્માનપત્રો, સહાય હુકમોનું વિતરણ કરવામાં આવશે. બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રીમતી શિવાની ગોયલ, નિવાસી અધિક કલેકટર વિજય રબારી, જિલ્લા ખેતીવાડી અધિકારી સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સુરક્ષાકર્મીઓ માટે બેંક સાથે સીઆઈએસએફના કરાર

અંકલેશ્વર, તા.૧૦

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI) અને સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રિયલ સિક્યુરિટી ફોર્સ (CISF) વચ્ચે એક સમજૂતી પત્ર (MoU) પર હસ્તાક્ષર થયા છે, જેનાથી CISFના કર્મચારીઓ, પેન્શનરો અને તેમના પરિવારજનોને વિશેષ બેંકિંગ સુવિધાઓ મળશે. આ કરાર ૨૩ મે ૨૦૨૫થી ૨૨ મે ૨૦૨૮ સુધી માન્ય રહેશે.

રેન્ક પ્રમાણે CAPSP (ગોલ્ડ/ડાયમંડ/પ્લેટિનમ) લાભો સાથેનું પગાર ખાતું. વ્યક્તિગત અને હવાઈ અકસ્માત માટે ?૧ કરોડ સુધીનું કવર; જીવન વીમા પણ શામેલ છે. હોમ, કાર અને પર્સનલ લોન પર પ્રોસેસિંગ ફીમાં ૧૦૦% છૂટ (૩૦ જૂન ૨૦૨૭ સુધી). ’SBI સંબંધ’ પરિવાર ખાતું : ૪ સુધીના પરિવારજનોને સમાન સુવિધાઓ. ફરિયાદ નિવારણ પ્રણાલી : SBI દ્વારા નિમાયેલ સલાહકાર CAPF સંબંધિત મુદ્દાઓ હલ કરશે. ડિજિટલ એક્સેસ અને કેમ્પસ શાખાઓ : SBI દ્વારા CISF કેમ્પસમાં શાખાઓ અને એટીએમની સુવિધાઓ વિસ્તૃત કરવામાં આવશે. આ કરાર CISF પરિવારોને સુરક્ષિત, સરળ અને લાભદાયક બેંકિંગનો અનુભવ આપશે



# સુરત જિલ્લા પેન્શનર્સ એસોસિએશનની સભા મળી

## સભામાં પ્રેન્શનરોએ પોતાના વિચારો રજૂ કર્યા

સુરત, તા.૧૦

સુરત જિલ્લા પેન્શનર્સ એસોસિએશન ની વાર્ષિક સામાન્ય સભા મોઢ વણિક સમાજની વાડી રૂઘનાથ પુરા, લાલ દરવાજા, સુરત ખાતે પ્રમુખ મનહરભાઈ લાપસીવાળા ના અધ્યક્ષ સ્થાને મળી મળી. જેમાં ૭૦૦ થી વધુ સભ્યોએ હાજરી આપી. આ સભામાં મુખ્ય મહેમાન તરીકે પદ્મશ્રી યઝદીભાઈ કરંજિયા, ભરતભાઈ શાહ (છાંયડો) સુરત પીપલ્સ બેંક ના ચેરમેન અમિત ગજ્જર એ સ્થાન શોભાવું હતું. પેન્શનરો ને લગતા પોતાના વિચારો વ્યક્ત કર્યા આ પ્રસંગે ડાંગના પ્રમુખ સોમાભાઈ પટેલ બારડોલીના પ્રમુખ ઈશ્વરભાઈ પટેલ વ્યારા ના પ્રવીણભાઈ કામરેજના કાનજીભાઈ વગેરે વગેરે તમામ ગામના પ્રમુખશ્રીઓએ હાજરી આપી હતી છેલ્લા ૪૫ વર્ષથી કાર્યરત આ એસોસિએશન ની વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ ની જાણકારી પ્રમુખ મનહરભાઈ લાપસીવાળાએ આપી. ૮૪ સભાસદોને સાલ અને પુષ્પગુચ્છ થી બહુમાન કરવામાં આવ્યું જે સભાસદો આ સભામાં હાજર રહી શક્યા નથી એવા સભ્યોએ એસોસિએશનની ઓફિસે સોમવાર અને ગુરુવારે રૂબરૂ આવી રજિસ્ટ્રેશન કરાવી તેમને ભેટ મેળવી લેવાનું પ્રમુખ મનહરભાઈ લાપસીવાલા જણાવ્યું છે સભા નો સંચાલન હસમુખભાઈ નાયક અને આભાર વિધિ જયંતીભાઈ લાપસી વાળા કરી હતી.

# આદિજાતિના લોકોને પગભર કરતી રાજ્ય સરકારની સ્વરોજગારી યોજના

## રોજગાર-ધંધા માટે વાર્ષિક ૪ ટકાના દરે રૂા.૫૦ હજારથી ૫ લાખ સુધી ધિરાણ મળશે

સુરત, તા.૧૦

ગુજરાત રાજયના આદિજાતિના લોકો પગભર થાય તે હેતુથી રાજ્ય સરજરની સ્વરોજગારી યોજના અમલમાં છે. જે હેઠળ તબેલો, ટ્રેક્ટર, કાપડની દુકાન, મંડપ ડેકોરેશન, કરીયાણાની દુકાન, સેટીંગના સાધનો, ડી.જે જેવા વિવિધ ૮૬ રોજગાર-ધંધા માટે વાર્ષિક ૪ ટકાના વ્યાજ દરે રૂા.૫૦ હજારથી રૂા.૫ લાખ સુધીની મર્યાદામાં ધિરાણ આપવામાં આવે છે. આ લોન નિયત કરેલા હપ્તાઓમાં ભરપાઈ કરવાની હોય છે.

જે-તે હેતુ માટે નિયત કરેલો અનુભવ ધરાવતા રૂ. ૬ લાખ સુધીની આવક મયાદા વાળા ૧૮થી ૫૫ વર્ષની વયજૂથના આદિજાતિના લોકો અ યોજનાનો લાભ લઈ શકે છે. આ યોજનાનો લાભ મેળવવા માટે આદિજાતિની વેબસાઈટ https://adijatinigam.gujarat.gov.in/ પર અથવા માંડવી પ્રાયોજના વહીવટદારની કચેરી અથવા ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન બિરસા મુંડા ભવન, ગાંધીનગરનો સંપર્ક સાધી શકાય છે.



# રાજ્યકક્ષા જીમ્નાસ્ટિક સ્પર્ધામાં ગજેરા વિદ્યાભવન સ્કુલની સિદ્ધિ

સુરત, તા.૧૦

તા.૨૦/૦૫/૨૦૨૫ ના દિવસો દરમ્યાન પંડિત દિન દયાલ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડિયમ, સુરત ખાતે યોજાયેલ હતી. જેમાં ગજેરા વિદ્યાભવન કતારગામનાં વિદ્યાર્થીઓએ ખુબ સારું પ્રદર્શન કરી મેડલ પ્રાપ્ત કર્યા હતા. જેમાં આરવી મેરુલિયા, માહી પટેલ અને જીયા હિંગુએ ગોલ્ડ મેડલ તથા પ્રીત વાઘેલા, આરના સેટા એ સિલ્વર મેડલ અને હસ્તી નારીગરાએ બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરી સમગ્ર ગજેરા વિદ્યાભવન શાળાનું નામ રોશન કરેલ છે, જે બદલ ખેલાડીઓ અને પ્રશિક્ષણ પૂરું પાડનાર કોચશ્રીઓ અનુપમ ચેટરજી, દીપા પોલેકર અને મનીષા જોરાવિયા ને શાળા ના ટ્રસ્ટીશ્રી ચુનીભાઈ ગજેરા તથા તમામ વિભાગના આચાર્યશ્રીઓ તેમજ શાળા પરિવારે ખૂબ-ખૂબ અભિનંદન પાઠવેલ છે.



# તમાકુ નિયંત્રણ અંગે સુરત સિટી બસ ડેપો ખાતે જનજાગૃતિ ઝુંબેશ યોજાઈ

## એસ.ટીના કર્મચારીઓ તથા મુસાફરોને તમાકુના સેવનથી થતી આડઅસરો વિષે જાણકારી અપાઈ

સુરત, તા.૧૦

ડિસ્ટ્રિક્ટ ટોબેકો કંટ્રોલ સેલ-સુરત દ્વારા સુરત સિટી બસ ડેપો ખાતે ‘રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ’ કાર્યક્રમ હેઠળ જનજાગૃતિ ઝુંબેશ યોજાઈ હતી. જેમાં જિલ્લા આરોગ્ય શાખાના તજજ્ઞો દ્વારા એસ.ટી. કર્મચારીઓ તથા મુસાફરોને તમાકુથી થતા નુકસાન, રોગો વિષે ઊંડાણપૂર્વક સમજ અપાઈ હતી. સાથે જ તમાકુનું સેવન નહી કરવા તેમજ શારીરિક અને માનસિક સ્વાસ્થ્યની યોગ્ય દરકાર કરવા અપીલ કરી હતી. આ

અનુસંધાન પાના ૭ પર




**સેટજા દ્વારા નવી કાર્યકારી કમિટીની નિમણૂંક -ઉદ્યોગને નવી ઊંચાઈ તરફ દોરી જવાનો સંકલ્પ સિક્યોર એમ્બ્રોઇડરી થ્રેડએન્ડ જરી એસોસિએશન દ્વારા તારીખ ૦૯ /૦૬/૨૦૨૫ ના રોજ આયોજિત વાર્ષિક સ્નેહમિલન કાર્યક્રમ દરમિયાન નવી કાર્યકારી કમિટીની નિમણૂંક ઘોષિત કરવામાં આવી હતી. જે ઉદ્યોગને સ્થાનિક તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે નવી દિશા અને ઊંચાઈ આપી શકશે -એવો સંકલ્પ લેવાયો છે.**



# અંકલેશ્વર શ્રી ગટ્ટુ વિદ્યાલયમાં શાળા પ્રવેશ ઉત્સવ યોજાયો

સુરત, તા.૧૦

અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીયલ ડેવલોપમેન્ટ સોસાયટી સંચાલિત શ્રી ગટ્ટુ વિદ્યાલયમા તારીખ ૯/૦૬/૨૦૨૫ ના રોજ શાળા પ્રવેશ અંતર્ગત વિદ્યાર્થીઓ માટે વિદ્યારંભમ કાર્યક્રમ યોજાયો હતો. શાળા માં પૂર્વ પ્રાથમિક વિભાગ માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ તથા તેમના વાલીશ્રી ઓ ઉપસ્થિત રહ્યા હતા. સંગીતમય પ્રાર્થના ની સુંદર રજૂઆત બાદ વિધાર્થી ઓ તેમના કરકમલોથી ? લખી ને અભ્યાસ ની શુભ શરૂઆત કરી હતી. પ્રસંગે શાળા ના કેમ્પસ ડાયરેક્ટર શ્રીમતી મિશેલ ગણેશાણી, શાળા ના આચાર્યા શ્રીમતી સુષ્મા ચૌધરી, ઉપાચાર્ય શ્રીમતી અંજલિ પટેલ તથા ડૉ અંશુ તિવારી અને શાળા ના શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

## ઉધના ખાતે મેદસ્વિતામુક્ત યોગશિબિર યોજાઈ

સુરત, તા.૧૦

આયુષ મંત્રાલય-દિલ્હી અને INO દ્વારા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ-૨૦૨૫ ના ભાગરૂપે વહેલી સવારે ઉધના સ્થિત અટલ બિહારી ગાર્ડન ખાતે યોગ પ્રોટોકોલ તાલીમ અને ‘યોગ શિબિર (યોગ સંગમ)’ યોજાઈ હતી. જેમાં દ્ર-ગુજરાતના જનરલ સેક્રેટરી વિજયકુમાર શેઠ અને જિલ્લા કોઓર્ડિનેટર ડૉ.પારૂલ પટેલે યોગ પ્રોટોકોલ તાલીમ આપી હતી. યોગના પ્રચાર સાથે સ્વસ્થ ગુજરાતના નિર્માણ માટે લોકજાગૃતિ વધે તેવા આશયથી આયોજિત યોગ શિબિરમાં ૨૦૦થી વધુ સાધકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.



# સત્સંગ ભવનમાં અંગ્રેજીમાં સંત સમાગમનું આયોજન

## વાસ્તવિક સુખ અને આનંદ ભૌતિકતામાં નથી : ડો. મોહિત ગુપ્તા

સુરત, તા.૧૦

સંત નિરંકારી મિશનના નેજા હેઠળ સતગુરુ માતા સુદીક્ષા જી મહારાજના દિવ્ય માર્ગદર્શન દ્વારા સંપૂર્ણ ભારતમાં આયોજન યોજાઈ રહેલા અંગ્રેજી માધ્યમ સંત સમાગમની શૃંખલાના અંતર્ગત ગતરોજ સુરત ઝોનના માંડા બ્રાન્ચ સ્થિત સંત નિરંકારી સત્સંગ ભવનમાં અંગ્રેજી માધ્યમ સંત સમાગમનું આયોજન કરવામાં આવ્યું હતું.

અંગ્રેજી માધ્યમ સંત સમાગમમાં મુખ્ય મંચ પરથી ડૉ. મોહિત ગુપ્તાએ ફરમાવ્યું કે મનુષ્ય પોતાના જીવનમાં ભૌતિક વસ્તુઓ દ્વારા સુખી રહેવાનું પ્રયાસ કરી છે, જયારે પરમાત્માએ તન-મન-ધનના રૂપમાં આ બધા સાધનો થોડા સમય માટે જ પૂરા પાડ્યા છે. આપણે આ સમજવાની જરૂર છે કે વાસ્તવિક સુખ અને આનંદ ભૌતિકતામાં નથી. જો કોઈ વ્યક્તિ બ્રહ્મવેતા પાસે જાય આ સાધનોનો સદુપયોગ કરીને સત્યનું જ્ઞાન પ્રાપ્ત

અનુસંધાન પાના ૭ પર

## ભટારથી સપના ગવઈ ગુમ

સુરત, તા.૧૦

ખટોદરા પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૧૮/૦૫/૨૦૨૫ ના રોજ રૂમ નં-૩૪૦, તડકેશ્વર-૦૨, આઝાદનગર રોડ, ભટાર, ખાતે રહેતા ધમ્મપાલ ગવઈના ૨૩ વર્ષીય પત્ની સપના ગવઈ ગુમ થયા છે. તેઓ શરીરે મજબૂત બાંધાના, ઘઉવર્ણ અને ઊંચાઈ ૫.૦ ફૂટ છે. તેમણે ભુરા જીન્સ અને ગુલાબી ટોપ પહેર્યા છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા ખટોદરા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## લિંબાયથી સવિ કાંટે ગુમ

સુરત, તા.૧૦

લિંબાયત પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૨૧/૦૫/૨૦૨૫ ના રોજ ઘર નં.૨૨૨, શિવાજીનગર, મદનપુરા શાકમાર્કેટ પાસે, લિંબાયત, ખાતે રહેતા રમેશ કાંટેના ૧૯ વર્ષીય પુત્રી સવિતા કાંટે ગુમ થયા છે. તેઓ શરીરે મધ્યમ બાંધાના, ઘઉવર્ણ અને ઊંચાઈ ૫.૨ ફૂટ છે. તેમણે લાલ એન કાળી ડ્રેસ પહેર્યા છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા લિંબાયત પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## લિંબાયતથી રાશીદ અંસારી ગુમ

સુરત, તા.૧૦

લિંબાયત પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૨૩/૦૫/૨૦૨૫ ના રોજ પહેલા માળે, ડ્રીમ પેલેસ એપાર્ટમેન્ટ, મહાપ્રભુનગર, લિંબાયત (મૂળ રહે. ગામ- હાથારોયલા, બેલુપુર, વારાણસી, (ઉ.પ્ર.), ખાતે રહેતા ૨૭ વર્ષીય રાશીદ જમાલ અંસારી ગુમ થયા છે. તેઓ શરીરે મધ્યમ બાંધાના, રંગે ઘઉવર્ણ અને ઊંચાઈ ૫.૨ ફૂટ છે. તેમણે સફેદ શર્ટ અને વાદળી પેન્ટ પહેર્યા છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા લિંબાયત પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## લિંબાયતથી સુનિતા બરડે ગુમ

સુરત, તા.૧૦

લિંબાયત પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૨૩/૦૫/૨૦૨૫ ના રોજ ઘર નં-૧૨૦, શિવકૃપા સોસાયટી, સંજયનગર, લિંબાયત (મૂળ રહે. ગામ-ધાનોરા ધાગડે, તા-માનોરા, જી-વશીમ, મહારાષ્ટ્ર), ખાતે રહેતા અમોલ બરડેના ૩૯ વર્ષીય સુનિતા બરડે ગુમ થયા છે. તેઓ શરીરે મધ્યમ બાંધાના, રંગે ઘઉવર્ણ અને ઊંચાઈ ૫.૨ ફૂટ છે. તેમણે સફેદ ડ્રેસ પહેર્યો છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા લિંબાયત પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## સચિનથી નેહા આહીરે ગુમ

સુરત, તા.૧૦

સચિન પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૨૨/૦૫/૨૦૨૫ ના રોજ મોટા હળપતીવાસ, જલારામનગર, સચિન (મૂળ રહે. ગામ-શહેર. મુળ વતન-નેર કુસુંબા ગામ તા-જી-ધુલીયા મહારાષ્ટ્ર, ખાતે રહતા ૨૦ વર્ષીય નેહા અમરતભાઈ આહીરે ગુમ થયા છે. તેઓ શરીરે મધ્યમ બાંધાના, રંગે ગૌરવર્ણ અને ઊંચાઈ ૪.૭ ફૂટ છે. તેમણે ચટણી કલરનું ટી-શર્ટ અને કાળા કલરનું ટ્રેક પેન્ટ પહેરેલ છે. તથા પગમાં ચપ્પલ પહેર્યા છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા સચિન પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

# પ્રાકૃતિક ખેતી થકી વધારો કપાસનું ઉત્પાદન


સુરત, તા.૧૦

કપાસ એ ગુજરાત સહિત ભારતનો મુખ્ય રોકડીયો પાક છે, જેને દેશનાં લાખો ખેડૂતો પરંપરાગત અને રાસાયણિક પદ્ધતિઓ દ્વારા ઉગાડે છે. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં કપાસની ખેતીનો ખર્ચ, જમીનની ફળદ્રુપતામાં ઘટાડો અને જંતુનાશકોની પર્યાવરણ અને આરોગ્ય પર થતી વિપરીત અસરોને કારણે ખેડૂતો ચિંતામાં મૂકાયા છે. આ પરિસ્થિતિમાં પ્રાકૃતિક ખેતી એક શક્તિશાળી વિકલ્પ તરીકે ઉભરી રહી છે, જે માત્ર ઈકો-ફ્રેન્ડલી જ નથી, પરંતુ ખેડૂતો માટે આર્થિક રીતે પણ ફાયદાકારક સાબિત થઈ રહી છે. પ્રાકૃતિક ખેતીનો મૂળભૂત સિદ્ધાંત એ છે કે ખેતરમાં કોઈ પણ રાસાયણિક ખાતરો, જંતુનાશકો અથવા બાહ્ય રીતે ખરીદેલા ખાતરોનો ઉપયોગ કરવામાં આવતો નથી. તેનાં બદલે, ખેતરમાં ઉપલબ્ધ સંસાધનો ધરાવતાં જૈવિક ઉકેલો જેમ કે દેશી ગાયનું છાણ, ગૌમૂત્ર, પાંદડા, પાકનાં અવશેષો અને મૂળ બેક્ટેરિયાનો ઉપયોગ કરવામાં આવે છે. પ્રાકૃતિક કપાસની ખેતીની શરૂઆત ખેતરનાં ઊંડા ખેડાણથી થાય છે, જેમાં જમીનને ખુલ્લી રાખવા અને બેક્ટેરિયા સક્રિય રાખવા માટે જીવામૃત ઉમેરવામાં આવે છે. આ જીવામૃત દેશી ગાયનાં છાણ, ગૌમૂત્ર, ગોળ, ચણાનો લોટ અને થોડી માટીમાંથી તૈયાર કરવામાં આવે છે અને તેનાથી જમીનમાં કુદરતી સૂક્ષ્મજીવોની સંખ્યા વધે છે. કપાસની વાવણી કરતાં પહેલાં બીજ ઉપચાર પણ એક મહત્વપૂર્ણ પ્રક્રિયા છે. પ્રાકૃતિક ખેતીમાં તેની સારવાર બીજામૃત દ્વારા કરવામાં આવે છે, જે બીજને રોગોથી બચાવે છે અને અંકુરણ વધુ સારું કરે છે. વરસાદી પાણીનો સંપૂર્ણ લાભ મેળવવા માટે ચોમાસાનાં શરૂઆતનાં દિવસોમાં કપાસનું વાવેતર કરવામાં આવે છે. મલ્ચિંગ ખેતરની સપાટીને સૂકા પાંદડાં

અનુસંધાન પાના ૭ પર

**ખેતીની આ પદ્ધતિ આપણને પ્રકૃતિની નજીક લઈ જાય છે અને આવનારી પેઢીઓ માટે પર્યાવરણનું જતન પણ કરે છે**

# થાઈરોઈડનું એક કારણ સેલેનિયમની ઓછપ થયા



બાળકને શરીરમાં લગભગ શરીરમાં સેલેનિયમ વીસથી પચ્ચીસ માઈક્રોગ્રામ તથા પુરુષ – સ્ત્રી સોથી બસ્સો માઈક્રોગ્રામની જરૂરિયાત હોય છે. શરીરમાં ખનિજ તત્ત્વ બહુજ મહત્ત્વપૂર્ણ હોય છે. બધાં જ શરીરના કાર્યોમાં આ તત્ત્વ હોય જ છે. શરીરમાં સંતુલન બનાવી રાખવા માટે બધા જ ખનિજ તત્ત્વો જરૂરી છે. અધિકતા કે ઓછપથી બીમારીઓનો ઉદ્ભવ થાય છે. સેલેનિયમ એક આવશ્યક (મિનરલ) ખનિજ તત્ત્વ છે. જે પ્રાકૃતિક રૂપથી માટીમાં અને દરેક ઊગતી વનસ્પતિમાં હોય છે. આ મહત્ત્વપૂર્ણ ખનિજ તત્ત્વ જે માનવ સ્વાસ્થ્ય માટે જરૂરી છે. આ એક પાકૃતિક એન્ટી ઓક્સિડેન્ટના સ્વરૂપમાં કાર્ય કરે છે જે શરીરની પ્રતિરક્ષા પ્રણાલી થાઈરોઈડ ફંકશન અને ડી.એન.એ.ના સંશ્લેષણમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવે છે. પ્રાકૃતિક રૂપથી માટીમાં છે, જે માટીની ગુણવત્તા અને સ્થાન પર નિર્ભર કરે છે. ઘણી જગ્યાએ વધુ અને ઘણી જગ્યાએ સિમિત માત્રામાં હોય છે. ઓછપથી થાઈરોઈડ જેવી સમસ્યા થાય છે. અધિકતા પણ નુકસાન દાયક છે. આનું સંતુલન અતિ જરૂરી છે. દુર્ભાગ્યથી સેલેનિયમ એક એવું તત્ત્વ છે જેની છબિ ઘણી ખરાબ છે એનું કારણ આહારમાં સેલેનિયમની માત્રા ઈષ્ટતમ સ્વાસ્થ્ય માટે બિલકુલ સાચી (જરૂર મુજબની) હોવી જોઈએ.સેલેનિયમની અધિક માત્રાથી પણ બીમારી થાય છે. જેમ કે મહારાષ્ટ્રના બુલઢાલા જિલ્લાના લગભગ અઢાર જેટલા ગામોમાં લગભગ ત્રણસો જેટલા વ્યક્તિઓના (દરેક ઉંમરના) વાળ ખરી ગયા તેઓ ટકલ થઈ ગયા. રીપોર્ટ અનુસાર એવું જણાયું કે પંજાબ અને હરિયાણાના ઘઉં જે રાશનની દુકાનમાં આવતા હતાં તેમાં સેલેનિયમની અધિક માત્રાના કારણે આવું બન્યું. બીજા અન્ય કારણ હોઈ શકે છે. જેવા કે ઈંડા અને માંસ ખાવાને કારણે પણ શરીરનું એવિડીન તત્ત્વ ખરાબ થતાં પણ વ્યક્તિ ટકલ થઈ જાય છે.શરીરમાં સેલેનિયમ લગભગ બાળકને વીસથી પચ્ચીસ માઈક્રોગ્રામ પુરુષો અને સ્ત્રીઓને સોથી બસ્સો માઈક્રોગ્રામની જરૂરિયાત હોય છે. પણ આપણને લગભગ રોજિંદુ પચાસથી સાંઈઠ માઈક્રોગ્રામ મળે છે આનું કારણ છે કે ભારતની લગભગ બધી જગ્યાએ માટીમાં સેલેનિયમનું પ્રમાણ ઓછું છે. જેથી ભારતમાં થાઈરોઈડના દર્દી વધુ જોવા મળે છે. અમુક એક બે રાજ્યમાં સેલેનિયમ માત્રા માટીમાં વધુ છે.સેલેનિયમ ખનિજ તત્ત્વ જે્ ૩ ને્ ૪માં ફેરવે છે (કન્ટવર્ટ) કરે છે, જે એક એન્ઝાઈમ બનાવે છે. આ એન્ઝાઈમ (પાચક રસ) જે આપણને ઓક્સિડેટીવ ડેમેન્ડ અને સ્ટ્રેસથી બચાવે છે. આ ખનિજ તત્ત્વ પૂરતું ન હોય તો થાઈરોઈડ મટતો નથી.સેલેનિયમ શરીરમાં પૂરતું હોય છતાં પણ થાઈરોઈડની સમસ્યાઓ હોય તો એના કારણ છે જુદા-જુદા કેફન દ્રવ્યો જે સેલેનિયમને કામ કરવામાં બાધિત કરે છે જેવા કે ચહા, કોફી, ચોકલેટ, કેફનવાળા ડબ્બાના પીણા, ચાઈનીઝ વાનગીઓ અને કેમિકલવાળા ખાદ્ય-પદાર્થ. રાસાયણિક રંગોવાળા ખાદ્ય પદાર્થ જેની આપણને આદત પડી ગઈ છે. આ કેફેન દ્રવ્યોને કારણે અન્ય ખનિજ તત્ત્વ (મિનરલ) ઝીંક અને આયોડિન એ વધુ જરૂરિયાતવાળું ખનિજ તત્ત્વ છે. થાઈરોઈડ માટે ઝીંક જે થકાવટ દૂર કરવા, વજનના નિયંત્રણ માટે ખૂબ જરૂરી છે. સેલેનિયમ, ઝીંક અને આયોડિન થાઈરોઈડ રોગની રોકથામ માટે જરૂરી છે.

થાઈરોઈડ માટે એન્ટીટીપીઓ () ટેસ્ટ એ એક મહત્ત્વનું રક્તપરિક્ષણ છે જે થાઈરોઈડ પેરોક્સીડઝ (ટી.પી.ઓ)ના વિરુદ્ધ એન્ટીબોડીનું સ્તર માપે છે જે થાઈરોઈડ ગ્રંથિમાં એક એન્ઝાઈમ (પાચક રસ) છે. આ થાઈરોઈડના ઓટો ઈમ્યુન રોગોનું નિદાન કરવામાં મદદ કરે છે જેમ કે હાશિનોમોટો થાઈરોયડિટિસ અને ગ્રેવ્સ રોગ આ ટીપીઓ થાઈરોઈડ હાર્મોન ઉત્પાદન માટે મહત્ત્વપૂર્ણ ભૂમિકા બનાવે છે. જો રક્તમાં ટી.પી.ઓ. વધુ માત્રામાં હોય તો સ્ત્રીઓમાં થાઈરોઈડ ઓટો ઈમ્યુન રોગ થઈ શકે અને ઘણા એન્ટી પીટીઓ એન્ટીબોડી હોય પણ થાઈરોઈડ રોગ ન હોય. ફક્ત્ ૩ કે્ ૪ના નિદાન થાઈરોઈડ હોય એવું જરૂરી નથી. ઘણી વખત આ પરિક્ષણ જોઈને લોકો દવા (ગોળી)નું સેવન કરે છે જે બિનજરૂરી છે. લગભગ ડૉક્ટરો એન્ટી ટીપીઓનું ટેસ્ટ નથી કરાવતા. જો કરાવે તો સાચું નિદાન મળે ગોળી વેચવી છે પોતાનો ધંધો ચલાવો છે તેથી નથી કરાવતા. લગભગ વ્યક્તિઓ ખોટા માર્ગે દોરવાય છે કઅને આયોડિનવાળું નમક જે બિનજરૂરી તે પણ આરોગે છે.એક જૈન સાધ્વી જેનું થાઈરોઈડ ૨૫૬ થઈ ગયું હતું નોર્મલ રેન્જ્ ૩ની ૩.૫ ૭.૮ /ન હોય છે. તેમની તકલીફ ખૂબ વધારે હતી ગોળીઓની માત્રા વધારવાથી પણ કંટ્રોલ આવતો ન હતો લગભગ સાત આઠ વર્ષથી તકલીફ હતી. મારી પાસે આવ્યા ત્યારથી તેમની ગોળી બંધ કરાવી જરૂરી રિપોર્ટ કરાવી આહારમાં બદલાવ કર્યો (રિપોર્ટ અનુસાર) લગભગ બે મહિના પછી ૯૦ થાઈરોઈડ આવ્યો પછી દર ત્રીજા મહિને ૫૬ થયું બે મહિના પછી ૧૯ પર આવ્યું અને હાલમાં ૪ની રેન્જ આવી ગઈ લગભગ છ મહિના લાગ્યા વગર દવાએ. આવા ઘણા થાઈરોઈડની સમસ્યાવાળા વ્યક્તિઓ મારી પાસે તેમના રિપોર્ટ અનુસાર પ્રાકૃતિક આહારનું યોગ્ય લિસ્ટ લખાવીને તેનો ઉપાય કરી વગર દવાએ કે વગર ફોકટની અન્ય દવાઓ વગર સાદા ભોજન (પણ સ્વાદિષ્ટ) લઈને સાજા થયા છે.સેલેનિયમયુક્ત અને આયોડિન ભોજન જે પ્રાકૃતિક હોય તેવો આહાર લેવો જોઈએ. સેલેનિયમ લીલી પાંદડાવાળી વનસ્પતિઓ લેવાથી મળી રહે છે. બ્રાઝીલ નટ્સ, તલ, દાડમ, શક્કરિયામાંથી જરૂર મુજબનું મળી રહે છે.



# સંતોષથી મોટી દોલત કોઈ નથી

એક ૬૦ વરસના સજ્જન વ્યક્તિ ડિપ્રેશનથી ગ્રસ્ત હતા તેથી પત્નીએ એક મનોચિકિત્સકની એપોઈન્મેન્ટ લીધી એમને કહ્યું કે તેમના પતિ ભયંકર હતાશામાં છે મારા પતિને કારણે મને પણ સારું લાગતું નથી . હવે તેમને કાઉનસલિંગ શરૂ કરી સજ્જન બોલતા ગયા હું ખુબ પરેશાન છું ચિંતાઓથી દબાઈ ગયો છું કામનું દબાણ આખા પરિવારનું ટેન્શન બાળકોના અભ્યાસનું ટેન્શન હું ખુબ જ નિરાશ છું . પેલા દૂરદેશી મનોચિકિત્સકે કંઈક વિચારીને પૂછ્યું તમે ધોરણ ૧૦ માં કઈ શાળામાં અભ્યાસ કર્યો છે? તમારે તમારી શાળામાં જઈ ત્યાંથી દસમા ધોરણનું જુનુ રજીસ્ટર લાવવું પડશે. પેલા ભાઈ શાળાએ ગયા અને જુનું રજીસ્ટર લઈ આવ્યા.

રજીસ્ટર જોઈ તમારા સાથીના નામ લખો અને તેમની હાલની હાલત વિશે માહિતી મેળવી મને એક મહીના પછી મળો.આખા મહિનાના અંતે બધા મિત્રોની મહામહેનતે માહિતી મળી.

તેમાંથી ૨૦ ટકા મૃત્યુ પામ્યા હતા.૧૪ ટકા છોકરીઓ છૂટાછેડા લઈ અલગ રહેતી હતી. ૧૦ ટકા લોકો નશો કરેલી હાલતમાં હતા વાત કરવા જેવી હાલતમાં પણ નહોતા. ૨૦ ટકા મિત્રોની ખબર જ ના મળી કે તેઓ હાલમાં ક્યાં છે? ૫ ટકા ખુબ જ ગરીબ નીકળ્યા બીજા પાંચ ટકા એટલા પૈસાવાલા બન્યાં કે જેઓ તેમને મળવા માગતા નહોતા. કેટલાક જેલમાં હતા. મહિના પછી મનોચિકિત્સકને મળ્યા. હવે મને કહો કે ડિપ્રેશન કેવુ છે? હવે આ વ્યક્તિ ખુબ સારી રીતે સમજી ગયા કે તેમને કોઈ જ બીમારી નથી. પોતે ભુખે તો મરતા નથી. મગજ એકદમ સારું છે કોર્ટ કચેરી પોલીસ વકીલના દરવાજે કદી ગયા નથી. પત્ની અને બાળકો ખુબ સારા છે સ્વસ્થ છે પોતે પણ એકદમ ફિટ છે પછી તેમણે લાગ્યું કે દુનિયામાં ખરેખર ઘણી બધી મુશ્કેલીઓ અને હું ખુબ જ ખુશ અને ભાગ્યશાળી છું. વિશ્વાસ કરો તમારી પાસે જે છે તેટલું પણ આ દુનિયામાં ખુબ ઓછા માણસોના નસીબ માં હોય છે એટલા માટે ખુશ રહો સ્વસ્થ રહો અને હમેંશા મસ્ત રહો

**સંતોષથી મોટી દોલત કોઈ નથી.**

**અબ્બાસભાઈ સીરાજભાઈ કૌકાવાલા. સુરત.**

# હરી શરણમ્

મનુષ્ય અવતારમાં સુખ અને દુઃખ આવતું જતું રહે છે. તેની સ્થિરતાની કોઈ ગેરંટી નથી. આજે સુખ છે તો કાલે દુઃખ હશે. સ્વયં ભગવાન પણ તેમાંથી બાકાત નથી રહી શક્યા. રામ અવતારમાં, કૃષ્ણ અવતારમાં કે કોઈપણ અવતાર જોઈ લો દુઃખ તો તેમની સાથે રહેલું જ છે. મીરાંબાઈ, નરસિંહ મહેતા, ભક્ત પ્રહલાદ આવા તો કેટલાય ભક્તો છે કે જેમણે દુઃખ સહન કર્યું છે. તો આપણે તો સામાન્ય મનુષ્ય છીએ. દુઃખથી નાસીપાસ થવું એ મનુષ્ય જાતિ માટે કલંક સમાન છે. કારણ કે દુઃખ સાથે લડીને જ કોઈ મહાન કાર્ય કરી શકાય છે. જો શ્રીરામે રાવણને ન માર્યો હોત તો આજે આપણે તેમને ભગવાન રામ ન કહેતા હોત. મહાન એમને એમ નથી બનાતું. સંઘર્ષ ક્યારેક પોતાનાની સાથે તો ક્યારેક પોતાની સાથે કરવો પડે છે. પરંતુ સંઘર્ષનો બીજો કોઈ વિકલ્પ નથી. પોતાના મનના ભાવો શુદ્ધ રાખવા, પવિત્ર રાખવા ભગવત્ શરણ સિવાય બીજો કોઈ માર્ગ નથી. જેનું ઉત્તમ ઉદાહરણ મહાભારતમાંથી મળી આવે છે.



મહાભારતમાં દ્રૌપદી વસ્ત્રહરણના સમયે તે મહેલમાં તે સમયે કેટલા બધા વડીલો, મહાન પુરુષો, ગુરુજનો, સ્વજનો, ઘરના આદરણીય મોટેરાઓ હાજર હતા. તે છતાં પણ દ્રોપદીના વસ્ત્ર હરણનું ક્રૂર કૃત્ય બન્યું. શું આ બધા વડીલો આ વસ્ત્ર હરણને રોકી ના શક્યા હોત ? ! તેઓ તો વડીલો છે ને. પરંતુ કોઈએ દ્રોપદીના વસ્ત્ર હરણને રોકવાનો પ્રયાસ ન કર્યો. દરેક પાસે પોતપોતાની મજબૂરીઓ હતી. દરેકના હાથ ક્યાંક ને ક્યાંક બંધાયેલા હતા. અને અસહાય દ્રોપદી દરેકના શરણમાં ગઈ પરંતુ કોઈએ તેને બચાવવાનો પ્રયાસ ના કર્યો.

આવા વિકટ સમયે, જ્યારે દરેક પાસેની આશાઓ નિરાશામાં પલટાઈ ગઈ છે, ત્યારે માત્ર એક જ માર્ગ બાકી રહે છે. ભગવત્ શરણ

કદાચ આટલું મોટું અપમાન તો કોઈનું નહી થયું હોય. જ્યારે વ્યક્તિને કોઈ સમસ્યા આવે છે ત્યારે તે પોતાના વડીલો પાસે જાય છે. પરંતુ જ્યારે વડીલો પાસેથી પણ કોઈ ઉકેલ નથી મળતો ત્યારે વ્યક્તિ પાસે માત્ર એક ભગવત્ શરણ સિવાય કોઈ બીજો માર્ગ નથી રહેતો.

શું હાલત થઈ હશે એ દ્રોપદીની એ સમયે, કે જ્યારે ભરી સભામાં આટલા મોટા વડીલોની વચ્ચે, આખા સમાજની વચ્ચે, તેનું ચીરહરણ થવા જઈ રહ્યું હતું. શું વેદના હશે એ સ્ત્રીની આંખોમાં, તેના દિલમાં કે તેના જીવતરમાં ! કદાચ આપણી કલ્પનાની બાહર. દ્રોપદી કોઈ સામાન્ય વ્યક્તિ થોડી હતી. મહારાણી હતી. તે છતાં પણ આવું કૃત્ય તેની સાથે થયું.

અને તે સમયે દ્રોપદીએ પોતાના બંને હાથ ઉપર કરી ભગવાનને આજીજી કરી, કે હવે તું જ મારી રક્ષા કર. આ જગત મારા માટે વ્યર્થ છે. સંબંધોની સાર્થકતા સમજાઈ ગઈ છે. આંખોમાં આક્રોશ અને આક્રંદ. જીવન મૃત્યુ કરતા પણ વધારે દુઃખદ લાગવા લાગ્યું. માત્ર અને માત્ર પ્રભુનો આશરો હતો.

ત્યારે નિ:સહાય અને અબળા બની ગયેલી દ્રોપદીએ પોતાનું સર્વસ્વ પ્રભુને શરણે કર્યું. કે હવે પ્રભુ આપનો જ આસરો છે. પ્રભુ મારું સર્વસ્વ આપને અર્પણ છે. હવે જે પણ થાય એ આપને અર્પણ. મારી રક્ષા માટે હવે આપે આવવું જ પડશે. આક્રંદ સાથે દિલનો આ પોકાર ભગવાન શ્રીકૃષ્ણએ સાંભળ્યો. અને તેઓ દ્રોપદીની રક્ષા કાજે આવી ગયા. દ્રોપદી સંપૂર્ણપણે ભગવાનને આશ્રિત હતી. અને એક અદ્રશ્ય રીતે ભગવાન શ્રીકૃષ્ણ દ્રોપદીની મદદે દોડી આવ્યા. એક તરફ દુ:શાસન દ્રોપદીનું વસ્ત્રાહરણ કરી રહ્યો હતો. અને બીજી બાજુ ભગવાન શ્રીકૃષ્ણ દ્રોપદીના ચીર પૂરી રહ્યા હતા. કેટલો મહાન સંબંધ હશે ભક્ત અને ભગવાનનો.

આ આટલી ઘટના આપણને ઘણું બધું સમજાવી જાય છે. એક અગાઢ સંબંધ આપણો પ્રભુની સાથે હોવો જોઈએ. આપણે બીજા સંબંધોની પાછળ દોડીએ છીએ. અને ક્યારેક નિરાશ પણ થઈએ છીએ. પણ પ્રભુ સાથેનો સંબંધ એવો છે, કે તેઓ ક્યારેય આપણને નિરાશ નહીં કરે. જરૂરી છે માત્ર શરણ. સંપૂર્ણપણે શરણાગતિ. અને પછી પ્રભુને આવવું જ પડે છે. એ તેના ભક્તોને ક્યારેય પણ એકલો છોડતો નથી. કોઈને કોઈ રીતે પોતાની હાજરી પુરાવે જ છે. કુંવરબાઈનું મામેરું યાદ જ હશે, મીરાંબાઈનો ઝેરનો કટોરો અમૃત બની ગયો યાદ જ હશે. આવા ચમત્કારો આજે પણ શક્ય છે. જરૂર છે માત્ર દ્રોપદી, નરસિંહ મહેતા કે મીરાંબાઈ જેવા ભક્ત બનવાની. પછી ભગવાને ભક્તની મદદે આવવું જ પડે છે.

**-ભાવિની રાઠોડ 'ભાવાગ્નિ'**

**અમદાવાદ**

**અને તે સમયે દ્રોપદીએ પોતાના બંને હાથ ઉપર કરી ભગવાનને આજીજી કરી, કે હવે તું જ મારી રક્ષા કર. આ જગત મારા માટે વ્યર્થ છે. સંબંધોની સાર્થકતા સમજાઈ ગઈ છે. આંખોમાં આક્રોશ અને આક્રંદ. જીવન મૃત્યુ કરતા પણ વધારે દુ:ખદ લાગવા લાગ્યું. માત્ર અને માત્ર પ્રભુનો આશારો હતો.**

# આરબીઆઈ હેટ-ટ્રિકના મૂડમાં

ટ્રમ્પની ટેરિફ વોરને કારણે વૈશ્વિક સ્તરે પ્રસરેલી અનિશ્ચિતતા, સ્થાનિક સ્તરે ઈન્ફ્લેશનનું અનુકૂળ સ્તર અને અર્થતંત્રને વેગ આપવાની આવશ્યકતા જોતાં જૂન પૉલિસીમાં આરબીઆઇ રિપોઝિશન રેટમાં સતત ત્રીજી વખત પચ્ચીસ બેસિસ પોઈન્ટનો ઘટાડો કરે તેવી પ્રબળ શક્યતા નીતિ આયોગે તાજેતરમાં એવી જાહેરાત કરી હતી કે ભારત જાપાનને પાછળ ખસેડીને વિશ્રવનું ચોથું સૌથી મોટું અર્થતંત્ર બની ગયું છે. જોકે, પાછળથી એવી સ્પષ્ટતા કરી હતી કે, હજુ વિશ્રવનું ચોથું સૌથી મોટું અર્થતંત્ર બન્યું નથી, પરંતુ વર્ષ ૨૦૨૫ના અંત સુધીમાં બની જશે! હવે વળી વડાપ્રધાનની ઈકોનોમી એડવાઇઝરી કાઉન્સિલના સભ્યએ એવું કથન કર્યું છે કે, ભારત વિશ્રવનું ચોથું સૌથી મોટું અર્થતંત્ર બની ગયું છે! જોકે, એ જ સાથે એવી ચર્ચા પણ છેડાઇ છે કે અર્થતંત્ર ડોલરના ધોરણે ગમે એટલું દમદાર બને, પરંતુ સામાન્ય નાગરિકોની આમદનીમાં તો કાણો પૈસો ય વધ્યો હોય એવું લાગતું નથી!

ખેર આ ટિપ્પણીમાં થોડું વજૂદ છે અને એની પાછળનાં કારણો અને એમાંથી ઉદ્ભવનારા પ્રશ્નનો જવાબ જુદી ચર્ચાનો વિષય છે. અલબત્ત એકવાત એ પણ ખરી છે કે આપણા પગારમાં એકે પૈસો ભલે ના વધ્યો હોય પરંતુ જ્યારે આપણે આવા સમાચાર વાંચીએ ત્યાર ગર્વ અવશ્ય થાય છે. જીડીપીના તાજા આંકડા પણ મજબૂત આવ્યા છે.

હવે મુદ્દો એ છે કે ભારત ઝડપી ત્વરા સાથે પાંચ ટ્રિલિયન ડૉલરની ઈકોનોમી બનવા તરફ આગળ વધવા માગે છે. આ વેગ મેળવવા માટે રિઝર્વ બેન્ક વ્યાજદરમાં ઘટાડો કરીને થોડું ઈંધણ ઉમેરવાનું કામ કરશે, તર્ક તો એવું કહે જ છે, પરંતુ સાથે આર્થિક સંયોગો પણ અનુકૂળ જણાઇ રહ્યાં છે.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઇ) અન્ય સાનુકૂળ પરિબળોને ધ્યાનમાં રાખીને આર્થિક વિકાસને ટેકો આપવા માટે ફેબ્રુઆરી અને એપ્રિલ બાદ જૂનમાં રિપોઝિશન રેટ (રિપો રેટ)માં સતત ત્રીજી વખત પચ્ચીસ બેસિસ પોઈન્ટનો ઘટાડો કરવાના મૂડમાં હોય અને એની તૈયારી કરી રહી હોય એવા સંકેત મળી રહ્યાં છે.

હાલમાં રિપો રેટ ૬.૦૦ ટકા છે. આરબીઆઈની મોનેટરી પોલિસી કમિટી (એમપીસી) આગામી સમીક્ષામાં છઠ્ઠી જૂને રિપો રેટમાં ફરી એક વખત પચ્ચીસ બેસિસ પોઈન્ટનો ઘટાડો કરે તેવી શક્યતા અનેક અર્થશાસ્ત્રીઓ વ્યક્ત કરી રહ્યા છે. આરબીઆઈની એમપીસી બેઠક આજે ચોથી જૂનથી શરૂ થશે અને તે છઠી જૂને પરિણામ જાહેર કરશે.

ગ્રાહક ભાવાંક (સીપીઆઇ) સતત ત્રીજા મહિને, આરબીઆઈના મધ્યમ ગાળાના ચાર ટકાના લક્ષ્યાંકથી નીચે રહ્યો હોવાથી બેન્કિંગ ક્ષેત્રની નિયામકને બેન્ચમાર્ક દરોમાં વધુ ઘટાડો કરવા માટે અવકાશ મળ્યો છે. અગાઉ જણાવ્યું તેમ કેન્દ્રિય બેન્ક હવે વૃદ્ધિ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.

એપ્રિલ પોલિસી દરમિયાન કેન્દ્રીય બેંકે, નીતિ દરના ઘટાડા સાથે, આર્થિક દષ્ટિકોણનું નિરીક્ષણ અને મૂલ્યાંકન કરવાની આવશ્યકતાનો ઉલ્લેખ કરીને તેનું વલણ 'તટસ્થ' થી બદલીને 'સહનશીલ' (ન્યુટ્રલથી બદલીને ટોલરન્ટ) જાહેર કર્યું હતું. આ અનુકૂળ વલણનો અર્થ એ છે કે કેન્દ્રીય બેંક આર્થિક વિકાસને વેગ આપવા માટે નાણાં પુરવઠાને વધુ વિસ્તૃત કરવા માટે તૈયાર છે.

અનુકૂળ નીતિ સમયગાળા દરમિયાન, કેન્દ્રીય બેંક વ્યાજદરોમાં ઘટાડો કરવા તૈયાર હોય છે અને દરમાં વધારો મોટેભાગે ટાળવામાં આવે છે. જ્યારે વૃદ્ધિને નીતિ સહાયની જરૂર હોય અને ફુગાવો તાત્કાલિક ચિંતાનો વિષય ન હોય ત્યારે કેન્દ્રીય બેંક સામાન્ય રીતે અનુકૂળ નીતિ અપનાવે છે. અર્થશાસ્ત્રીઓ અનુસાર ભારતીય રિઝર્વ બેંક દ્વારા રૂ. ૨.૬૯ લાખ કરોડના બમ્પર ડિવિડન્ડથી પણ નાણાકીય પરિસ્થિતિ હળવી થવાની અપેક્ષા છે, જે કેન્દ્રને વર્ષ માટે ૪.૪ ટકાના ખાધ લક્ષ્યાંક સંદર્ભે મદદ કરશે. એ જ સાથે આરબીઆઇ તરફથી પ્રવાહિતા વધારવા માટે વધુ નાણાં પ્રવાહ સિસ્ટમમાં ઠાલવવામાં આવે એવી શક્યતા પણ ચર્ચાઇ રહી છે.ઈન્ફ્લેશન લેવલ અંગે વાત કરતા ભારતીય રિઝર્વ બેન્કના ગવર્નર મલ્હોત્રાએ તાજેતરમાં કહ્યું હતું કે ટ્રમ્પ ટેરિફ ભારતીય અર્થતંત્ર પર બે વિરોધી અસરો કરી શકે છે. એક તરફ ઈમ્પોર્ટેડ ઈન્ફ્લેશનને પરિણામે ભાવ સ્તરમાં વધારો થશે અને બીજી બાજુ, ધીમી વૈશ્રવિક માગ ભાવમાં ઘટાડો કરશે.જોકે, બીજી અસર વધુ મજબૂત રહેવાની હોવાથી, ટેરિફના કારણે ભારતીય અર્થતંત્ર માટે એકંદરે ફુગાવો ઓછો થવાની શક્યતા હોવાનું આરબીઆઇ ગવર્નરે જણાવ્યું હતું. બહુ ઓછા નિષ્ણાતો માને છે કે જૂન પોલિસીમાં કેન્દ્રીય બેંક તેના ફુગાવાના અંદાજમાં સુધારો કરશે, કારણ કે ખાદ્ય ફુગાવો અને એકંદર મુખ્ય ફુગાવો આરબીઆઇના મધ્યમ ગાળાના લક્ષ્યાંકથી નીચે રહેશે.

જોકે, ચોમાસા અને અન્ય સંભવિત પ્રતિકૂળ હવામાન ઘટનાઓની અનિશ્ર્ચિતતા જોતા, કેટલાક અર્થશાસ્ત્રીઓએ સીપીઆઇ ફુગાવાનો અંદાજ ૨૦થી ૩૦ બેસિસ પોઇન્ટ સુધી ઘટાડવામાં આવે તેવી શક્યતા વ્યક્ત કરી છે. એક ટોચના અર્થશાસ્ત્રીએ કહ્યું હતુંકે, આરબીઆઇ પાસે અંદાજ ઘટાડવાનો અવકાશ છે કારણ કે મોડેલ-આધારિત અંદાજ ૩.૫ ટકા પર ટ્રેક કરી રહ્યો છે, ભલે ખાદ્ય પુરવઠાના સંભવિત આંચકા માટે બફર રાખ્યો હોય. ગ ય । વર્ષથીમુખ્ય ફુગાવો નીચો રહ્યો છે, જે નકારાત્મક આઉટપુટ ગેપની હાજરી દર્શાવે છે.એપ્રિલ નાણાકીય નીતિ દરમિયાન, આરબીઆઇએ નાણાકીય વર્ષ ૨૦૨૬ માટે સીપીઆઇ ફુગાવાનો અંદાજ ઘટાડીને ચાર ટકા કર્યો હતો, જેમાં પ્રથમ ક્વાર્ટર માટે ૩.૬ ટકા, બીજા ક્વાર્ટર માટે ૩.૯ ટકા, ત્રીજા ક્વાર્ટર માટે ૩.૮ ટકા અને ચોથા ક્વાર્ટર માટે ૪.૪ ટકા હતો. ભારતનો રિટેલ ફુગાવો માર્ચમાં ૩.૩૪ ટકાથી ઘટીને એપ્રિલમાં ૩.૧૬ ટકા થયો હતો. સરકારે જણાવ્યું છે કે જુલાઈ ૨૦૧૯ પછી ફુગાવાનો આ સૌથી નીચો વાર્ષિક દર છે.

આમ છતાં, કેટલાક નિષ્ણાતો માને છે કે આરબીઆઇના વૃદ્ધિ અંદાજમાં ઘટાડો થશે. ખાસ કરીને જો પ્રથમ ક્વાર્ટરમાં જીડીપી અપેક્ષાઓ કરતાં ઓછો હોય તો ઘટાડાનું જોખમ રહેશે. એપ્રિલ નીતિ સમીક્ષા દરમિયાન, આરબીઆઇ ગવર્નર સંજય મલ્હોત્રાએ નાણાકીય વર્ષ ૨૦૨૬ માટે ભારતના વિકાસદરના અંદાજને સુધારીને ૬.૫ ટકા કર્યો હતો, જે ફેબ્રુઆરીની બેઠકમાં ૬.૭ ટકા હતો. ગવર્નર મલ્હોત્રાએ નાણાકીય વર્ષ ૨૦૨૬ના પ્રથમ ક્વાર્ટર માટે જીડીપી વૃદ્ધિ ૬.૫ ટકા (૬.૭ ટકાથી નીચે), બીજા ક્વાર્ટર માટે ૬.૭ ટકા (૭ ટકાથી નીચે), ત્રીજા ક્વાર્ટર માટે ૬.૬ ટકા (૬.૫ ટકાથી ઉપર) અને ચોથા ક્વાર્ટર માટે ૬.૩ ટકા (૬.૫ ટકાથી નીચે)




**અનુકૂળ નીતિ સમયગાળા દરમિયાન, કેન્દ્રીય બેંક વ્યાજદરોમાં ઘટાડો કરવા તૈયાર હોય છે અને દરમાં વધારો મોટેભાગે ટાળવામાં આવે છે. જ્યારે વૃદ્ધિને નીતિ સહાયની જરૂર હોય અને ફુગાવો તાત્કાલિક ચિંતાનો વિષય ન હોય ત્યારે કેન્દ્રીય બેંક સામાન્ય રીતે અનુકૂળ નીતિ અપનાવે છે. અર્થશાસ્ત્રીઓ અનુસાર ભારતીય રિઝર્વ બેંક દ્વારા રૂ. ૨.૬૯ લાખ કરોડના બમ્પર ડિવિડન્ડથી પણ નાણાકીય પરિસ્થિતિ હળવી થવાની અપેક્ષા છે, જે કેન્દ્રને વર્ષ માટે ૪.૪ ટકાના ખાધ લક્ષ્યાંક સંદર્ભે મદદ કરશે.**

**પશ્ચિમ રેલવે**

**જાળવણી કામ**

Sr. ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર (કોચિંગ), પશ્ચિમ રેલવે, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-૮ ટેન્ડર નં.: WR-MMCT 0ECOA / (ECTD)/૧૭/૨૦૨૪ O/o SRDEE/CHG/MMCT/WR (કોમ્પ્યુટર નં. ૫૪૨૩૧૯) તા.: ૦૬.૦૬.૨૦૨૫ મંગાવે છે. કામનું નામ: ૩ વર્ષ માટે મુંબઈ સેન્ટ્રલ ડિવિઝનની પાવર કાર્સમાં DA સેટ જોગવાઈ કરીને M/s. ગ્રીવ્સ કોટનની અનસ્કેડ્યૂલ જાળવણી અને પરિશિષ્ટ (B, C & D ચેક્સ). કામની અંદા. કિંમત: ₹ ૫,૩૬,૬૦,૮૬૧.૫૬. બીડ સુરક્ષા: ₹ ૪,૧૮,૩૦૦/-. સુપ્રતિની તારીખ & સમય: ૦૩.૦૭.૨૦૨૫, ૧૫.૦૦ ક. સુધી. ખોલવાની તારીખ & સમય: ૦૩.૦૭.૨૦૨૫ના ૧૫.૩૦ ક. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.inની મુલાકાત લો. 0239

અમને લાઈક કરો: facebook.com/WesternRly

## તંત્રી લેખ...-

મંગળવાર, તા.૧૦ જુન ૨૦૨૫

# કાર્યસ્થળોએ મહિલાઓની સુરક્ષા

સુપ્રીમ કોર્ટે કાર્યસ્થળોએ મહિલાઓનાં ઉત્પીડન અધિનિયમ ૨૦૧૩નું દેશવ્યાપી પાલન સુનિશ્ચિત કરવાના ઉદ્દેશ્યથી બધાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને પણ બધા સરકારી વિભાગો અને ઉપક્રમોમાં આંતરિક ફરિયાદ સમિતિ નીમવાનો આદેશ આપ્યો છે. આ માટે ટોચની કોર્ટે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને ૩૧ ડિસેમ્બર ૨૦૨૪ સુધી પ્રત્યેક જિલ્લામાં એક અધિકારી નિયુક્ત કરવાનો આદેશ આપ્યો છે, જે સ્થાનિક ફરિયાદ સમિતિનું ગઠન કરશે અને તાલુકા સ્તર પર નોડલ અધિકારી નિયુક્ત કરશે. કાર્યસ્થળો પર મહિલાઓની સાથે યૌન દુર્વ્યવહાર અને ઉત્પીડન વેદનામય છે. આજે પણ સરકારી કે ખાનગી ઓફિસો 'મહિલા ફ્રેન્ડલી' નથી. આંકડા જોઈએ તો દેશમાં વર્ષે હજારો આવી ઘટનાઓ બને છે, જેમાંથી સેંકડો જ પ્રકાશમાં આવે છે અને ઘણા કેસના તો રિપોર્ટ જ નથી થતા, પરંતુ દર વર્ષે વીતેલાં વર્ષથી વધુ ફરિયાદો નોંધાય છે. આ જ બતાવે છે કે, દેશમાં સરકારી અને ખાનગી કાર્યસ્થળ મહિલાઓ માટે સંપૂર્ણપણે સેફ નથી. ભારતમાં કાર્યસ્થળ પર મહિલાઓનાં ઉત્પીડન પર અંકુશ મૂકવા ૨૦૧૩માં કાર્યસ્થળ પર યૌન ઉત્પીડન અધિનિયમ લાગુ કરવામાં આવ્યો હતો, જેમાં તે રોકવા, વિરોધ કરવા અને તેનું નિવારણ કરવાનો ઉદ્દેશ્ય હતો. આ અધિનિયમ અંતર્ગત, યૌન ઉત્પીડનની ફરિયાદ કરવા માટે પીડિત મહિલા કે તેના વતી કોઈપણ વ્યક્તિ આંતરિક ફરિયાદ સમિતિ કે સ્થાનિક સમિતિ પાસે ફરિયાદ નોંધાવી શકતી હતી. આ અધિનિયમ હેઠળ કાર્યસ્થળ પર જો સંગઠનમાં દસ કે તેના કરતાં વધારે કર્મચારી હોય, તો ફરિયાદ આંતરિક ફરિયાદ સમિતિ પાસે નોંધાવવાની હોય છે, પણ સંગઠનમાં દસથી ઓછા કર્મચારી હોય તો ફરિયાદ જિલ્લા અધિકારી ગઠિત સ્થાનિક સમિતિ પાસે નોંધાવવાની હોય છે. જો મેનેજમેન્ટ આંતરિક ફરિયાદ સમિતિ બનાવે નહીં અને જો અધિનિયમની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે તો ૫૦,૦૦૦ રૂપિયા સુધીનો દંડ થઈ શકે છે. જો કોઈ સંગઠનમાં જતી મહિલા એ સંગઠનના કોઈ કર્મચારીથી પરેશાન હોય તો તે એ સંગઠનની આંતરિક સમિતિ પાસે ફરિયાદ નોંધાવી શકે છે. ખાનગી ક્ષેત્રોમાં કાર્યસ્થળ પર મહિલાઓ અધિક શિકાર બનતી હોય છે. ઘરેલુ મહિલા કર્મચારીઓની સાથે પણ આવી ઘટનાઓની સંભાવના વધુ રહેલી હોય છે. અમેરિકના હ્યુમન રાઈટ્સ વોચના જણાવ્યા પ્રમાણે ભારતમાં કાર્યસ્થળો પર યૌન ઉત્પીડન રોકવા માટે કાયદાનાં પાલનમાં અનેક ખામીઓ છે. અહેવાલમાં કાર્યસ્થળ પર યૌન ઉત્પીડનની ભયાવહતાના પર્દાફાશ થયા છે. રાજ્ય સરકારો અને સ્થાનિક તંત્રએ સુનિશ્ચિત કરવું જોઈએ કે, કાર્યસ્થળ મહિલાઓ માટે સુરક્ષિત રહે, તેમનું યૌનશોષણ, ઉત્પીડન થાય નહીં. વર્કિંગ મહિલાઓએ પોતાની સુરક્ષાને લઈ સતર્ક રહેવું જોઈએ અને દરેક સ્તર પર સાવધાની વર્તવી જોઈએ. સુપ્રીમ કોર્ટના તાજા આદેશનો રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો કેટલી તત્પરતાથી અમલ કરે છે તે જોવું રહ્યું.

# 'ઓપરેશન સિંદૂર' દેશના દુશ્મન કઈ રીતે ધ્રૂજી ગયાપ?

લાલ રંગનું સિંદૂર શોભા, સૌભાગ્ય અને સુખ વધારનારું છે. શુભ અને તમામ ઈચ્છાઓ પૂરી કરનારું છે.. હે દેવ, તમે તેનો સ્વીકાર કરો .પહલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં ૨૬ લોકોની ઘાતકી હત્યાઓ દ્વારા મહિલાઓના સિંદૂર ભૂંસનાર પાકિસ્તાનના આતંકવાદીઓ સામે ભારતીય સૈન્યની વીરતા, મહિલા સ્વાભિમાન અને ધર્મો રક્ષતિ રક્ષિતઃને ચારિતાર્થ કરતું શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રેરક નેતૃત્વમાં ઑપરેશન સિંદૂરનું આયોજન માત્ર આપણા દેશની ૧૪૦ કરોડની જનતાએ જ નહીં, વિશ્વના તમામ દેશોએ 'સિંદૂર'નો અર્થ, ભાવ અને શક્તિ વિશેષ નોંધ લીધી છે. આ ઓપરેશને વિશ્વને આતંકવાદ સામે અને નારી સુરક્ષા માટેની અકલ્પનીય અને અદ્ભુત દિશાદર્શન તેમ જ શક્તિની પ્રેરણા આપી છે. જેમ દેશનાં દરેક નાગરિકો માટે 'તિરંગો' એ ભારતની આન-બાન-શાન છે તેમ ભારતીય સંસ્કૃતિમાં મહિલાઓ માટે 'સિંદૂર' આન-બાન-શાન છે. આ આન બાન શાન કેવી બળુકી છે એની પ્રતીતિ નરેન્દ્રભાઈ મોદીએ સૈન્યશક્તિના ઓપરેશન સિંદૂર દ્વારા કરાવી દીધી છે. વિશ્વભરના અખબારો ટીવી ચેનલ્સ અને સોશિયલ મીડિયામાં એની સૌથી વિશેષ નોંધ લેવાઈ છે. ગુજરાતમાં ચાર જગ્યાએ તિરંગાયાત્રામાં મારે પ્રત્યક્ષ જવાનું થયું. સતત દેશ-વિદેશની ચેનલો, સમાચારપત્રો જોયાં-જાણ્યાં પછી એટલું ચોક્કસ કહી શકાય કે..રામાયણમાં માતા સીતાજીને માથામાં સિંદૂર પૂરતા જોઈને હનુમાનજીએ સીતામાતાને પૂછ્યું હતું કે 'મા, તમે કેમ સિંદૂર લગાવો છો ? સીતાજીએ જવાબમાં કહ્યું : 'હું મારા સ્વામી શ્રીરામના લાંબા આયુષ્ય અને મંગલકામના માટે આ સિંદૂર લગાવું છુંપ' સીતાજીની આ વાત સાંભળીને હનુમાનજી એ પણ આખા શરીર ઉપર સિંદૂર ચોપડી દીધું. જે રીતે પ્રભુભક્તિ માટે સિંદૂરીયા હનુમાનજી પ્રચલિત થયાં. તે રીતે દેશભક્તિ અને નારીસુરક્ષા ગૌરવ માટે સિંદૂરીયા વડા પ્રધાન યુદ્ધના ઈતિહાસમાં સદા યાદગાર રહેશે. અહીં ભારતીય સેનાએ પાકિસ્તાનની પ્રજા કે સૈન્યને ટાર્ગેટ કરી નથી. અત્યારે ભારતના તમામ રાજકીય પક્ષોના ૫૯ જેટલાં નેતાઓ સાથે ૮૫ રાજપૂતો સાથે સાત પ્રતિનિધિ મંડળો ૩૨ જેટલાં દેશોમાં પ્રવાસ કરીને આતંકવાદી પાકિસ્તાનની કરતૂતોને વિશ્વ સમક્ષ ખુલ્લા પાડી રહ્યાં છે અને ભારતની આતંકવાદ સામેની 'ઝીરો ટોલરન્સ' નીતિ સાથે ભારતનું ગૌરવ વધારી રહ્યાં છે. આતંકવાદ સામેની લડાઈમાં વિશ્વને એક કરવા માટેના સમર્થનમાં આજે ભારત નેતૃત્વ કરી રહ્યું છે.ભારતના કોઈપણ આતંકવાદી દુશ્મનને પાકિસ્તાનમાં શોધી શોધીને મારવામાં આવે છે અને તેના અડ્ડાઓને પણ નાશ કરવામાં આવે છે અને વડા પ્રધાને પણ એ નિર્ધાર જાહેરમાં વ્યક્ત કરી દીધો છે કે 'ગોળીની સામે અમે તોપ ગોળાથી જવાબ આપીશુ!'એક તરફ આપણું રાષ્ટ્ર ના-પાક આતંકવાદના એરુને કચડી નાખવા તત્પર છે ત્યારે બીજી બાજુ, પાકિસ્તાનમાં ભયંકર રાજકીય અસ્થિરતા છે. બલુચિસ્તાનમાં બળવો છે. તેના લશ્કર સામે જનતાનો ભયંકર આક્રોશ છે અને તેનું અર્થતંત્ર ખલાસ થઈ રહ્યું છે. જીવન જરૂરીયાતની વસ્તુઓનો અભાવ છે. પાકિસ્તાનમાં ભયંકર મોંઘવારી અને બેરોજગારીમાં જનતાની હાલત કફોડી છે.રશિયાના પ્રમુખ પુતિનની 'યુદ્ધવાદી', અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પની 'ટેરીફવાદી' અને ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની 'વિકાસવાદી'ની સજ્જડ છાપ ઊપસી છે.જાપાનને પાછળ રાખીને ભારત વિશ્વની ચોથા નંબરની અર્થવ્યવસ્થા બની છે. વર્ષ ૨૦૧૪માં ભારતનું અર્થતંત્ર બે ટ્રિલિયન ડૉલર હતો. હવે, એપ્રિલ-૨૫માં આંતરરાષ્ટ્રીય મુદ્રા કોષ (સ્લ્ર)ના વર્લ્ડ ઈકોનોમિક આઉટલૂક રિપોર્ટ મુજબ અર્થતંત્રને ચાર ટ્રિલિયન પર પહોંચાડીને આત્મનિર્ભર ભારતે વિશ્વને વિરાટ શક્તિનું દર્શન કરાવી દીધું છે.મીડિયા વોર અને માઈન્ડ વોરના જમાનામાં લોકોને યુદ્ધનો માહોલ ગમતો હોય છે, પરંતુ યુદ્ધ પછીની બેહાલી ગમતી નથી. અત્યારે વર્લ્ડવોર જેવી પરિસ્થિતિ છે.

**રાહુલ ગાંધીએ ઉઠાવેલા મુદ્દા ગંભીર છે તેમાં શંકા નથી પણ તેને સાબિત કરતા કોઈ નક્કર પુરાવા નથી એ પણ હકીકત છે.**

# રાહુલ ગરબડના આક્ષેપો કરે છે પણ પુરાવા ક્યાં છે?

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ નવેમ્બર ૨૦૨૪માં યોજાયેલી મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં ભાજપને જીતાડવા માટે 'મેચ ફિક્સિંગ' કરવામાં આવ્યું હતું એવો આક્ષેપ કરતાં રાજકીય આક્ષેપબાજી શરૂ થઈ છે. રાહુલે અખબારોમાં લેખ લખીને ભાજપને જીતાડવા માટે કઈ રીતે કહેવાતું 'મેચ ફિક્સિંગ' કરવામાં આવ્યું હતું તેની વિગતો આપી છે.રાહુલના દાવા પ્રમાણે ભાજપ અને તેના સાથી પક્ષોએ ચૂંટણી જીતવા માટે કાવતરું ઘડેલું. આ કાવતરામાં કેન્દ્રીય ચૂંટણી પંચ પણ સામેલ હતું. આ બધાંએ ભેગાં મળીને યોજનાબધ્ધ રીતે પગલાં લઈને ભાજપની હારને જીતમાં પલટી નાંખી અને હવે મહારાષ્ટ્રની જેમ બિહારમાં પણ નવેમ્બરમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણીમાં મેચ ફિક્સિંગ થશે. રાહુલનું કહેવું છે કે, જે પણ રાજ્યમાં ભાજપ હારશે એવું લાગે ત્યાં ત્યાં આ કાવતરું અમલમાં મૂકી દેવાય છે.રાહુલે ભાજપ અને ચૂંટણી પંચ બંનેને લપેટ્યાં છે તેથી બંનેએ રાહુલના આક્ષેપોને વાહિયાત ગણાવ્યા છે. ચૂંટણી પંચે રાહુલના દાવાને પાયાવિહોણા ગણાવીને કહ્યું છે કે, મહારાષ્ટ્રમાં ચૂંટણી પરિણામો પોતાની તરફેણમાં ના આવ્યાં પછી આવા આક્ષેપો કરવા વાહિયાત છે. કોંગ્રેસે આ આક્ષેપો પહેલાં પણ કરેલા. ચૂંટણી પંચે ૨૪ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ કૉંગ્રેસને જવાબ આપ્યો તેમાં આ આક્ષેપોના જવાબ આપી દેવાયા છે અને આ જવાબ ચૂંટણી પંચની વેબસાઈટ પર ઉપલબ્ધ છે જ.

ભાજપે રાહુલ ગાંધીના આરોપોને શરમજનક ગણાવીને વળતો આક્ષેપ કર્યો છે કે, રાહુલ ગાંધી ફરીથી દેશની સંસ્થાઓને બદનામ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. ચૂંટણી પંચે અગાઉ પણ આ મુદ્દાઓ પર સ્પષ્ટ જવાબ આપ્યો છે છતાં રાહુલ એકની એક રેકર્ડ વગાડ્યા કરે છે.

મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીનાં પરિણામો આશ્ર્ચર્યજનક હતાં તેમાં બેમત નથી. ગયા વર્ષે ૨૩ નવેમ્બરે મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીનાં પરિણામો જાહેર થયાં તેમાં ભાજપના નેતૃત્વ હેઠળની મહાયુતિએ ૨૩૦ બેઠક જીતીને મોટું આશ્ર્ચર્ય સર્જેલું કેમ કે છ મહિના પહેલાં જ યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં મહાયુતિ સાવ ધોવાઈ ગઈ હતી. વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે ૧૩૨, શિવસેનાએ (એકનાથ શિંદે) ૫૭ અને એનસીપી (અજિત પવાર)એ ૪૧ બેઠક જીતી હતી જ્યારે ઉધ્ધવ ઠાકરેના નેતૃત્વ હેઠળની મહાવિકાસ આઘાડી (એવીએમ)ને માત્ર ૪૬ બેઠક મળી. શિવસેના (ઉદ્ધવ)ને ૨૦ બેઠક, કૉંગ્રેસને ૧૬ અને એનસીપી (શરદ પવાર)ને ૧૦ બેઠક મળી. સમાજવાદી પાર્ટીએ ૨ બેઠક જીતી હતી જ્યારે ૧૦ બેઠક અન્ય પક્ષોને મળી હતી.આ પરિણામો પછી તરત જ કૉંગ્રેસ સહિતના વિપક્ષોએ કાગારોળ મચાવી જ દીધેલી. ભાજપ અને સાથી પક્ષોએ ગરબડો કરીને ચૂંટણી જીતી હોવાના આક્ષેપ કરીને ઉદ્ધવની શિવસેના, કૉંગ્રેસ અને શરદ પવારની એનસીપીએ ચૂંટણી પંચમાં પણ રજૂઆત કરેલી. ચૂંટણી પંચે એ વખતે પણ આ આક્ષેપોને વાહિયાત ગણાવીને ફગાવી દીધેલા. હવે રાહુલે પાછા એ જ મુદ્દા ઉઠાવ્યા છે ને પંચે એ જ જવાબ આપ્યો છે.

રાહુલ ગાંધીએ ઉઠાવેલા મુદ્દા ગંભીર છે તેમાં શંકા નથી પણ તેને સાબિત કરતા કોઈ નક્કર પુરાવા નથી એ પણ હકીકત છે. રાહુલના દાવા પ્રમાણે, ભાજપે પાંચ પગલાં દ્વારા મહારાષ્ટ્રમાં જીતનું કાવતરું પાર પાડ્યું હતું. રાહુલનાં કહેવાતાં પાંચ પગલાં પર નજર નાંખીને તેનું વિશ્ર્લેષણ કરીશું તો રાહુલ નક્કર પુરાવા વિના અધ્ધરતાલ વાત કરી રહ્યા છે એ સમજાશે. રાહુલ ગાંધીએ પોતાના લેખમાં લખ્યું છે કે, ચૂંટણી પંચ પર કબજો, મતદાર યાદીમાં બોગસ મતદારો ઉમેરીને ગોટાળા, ચોક્કસ બેઠકો પર બોગસ મતદાન, મતદાનના આંકડા પહેલેથી જ વધારીને જાહેર કરવા અને પુરાવા છૂપાવવાની કોશિશ એ પાંચ પગલાં ભાજપ તથા તેના સાથી પક્ષોએ લીધાં હતાં.રાહુલના દાવા પ્રમાણે, ૨૦૨૩માં ભાજપ સરકારે 'ચૂંટણી કમિશનર નિમણૂક અધિનિયમ' દ્વારા ચૂંટણી કમિશનરોની નિમણૂક કરતી સમિતિમાં ચીફ જસ્ટિસને બદલે એક કેન્દ્રીય મંત્રીને મૂકવાનો નિયમ બનાવતાં નિષ્પક્ષતાનો અંત આવ્યો અને સમગ્ર નિયંત્રણ સરકારના હાથમાં આવી ગયું. રાહુલની વાત મોં-માથા વિનાની છે કેમ કે માત્ર પસંદગીના કમિશનરોની નિમણૂક દ્વારા ચૂંટણીમાં ગોલમાલ ના કરી શકાય. ચૂંટણીની પ્રક્રિયામાં હજારો લોકો સંકળાયેલા હોય છે. સરકારી તંત્રમાં કામ કરતા આ લોકોને ત્રણ ચૂંટણી કમિશનર પોતાની રીતે નચાવી શકે એ શક્ય નથી.

રાહુલનો બીજો આક્ષેપ એ છે કે, મહારાષ્ટ્રમાં પુખ્ત વયનાં એટલે કે મતદાન માટે લાયક લોકો છે તેમના કરતાં વધુ વોટિંગ થયું હતું. ચૂંટણી પંચે સાંજે ૫:૩૦ વાગ્યે મતદાનના આંકડા જણાવ્યા પછી સાંજે ૫:૩૦થી ૭:૩૦ વાગ્યાની વચ્ચે ૬૫ લાખ લોકોએ મતદાન કર્યું હતું. એક મતદારને મતદાન કરવામાં લગભગ ત્રણ મિનિટ લાગે છે એ જોતાં ૬૫ લાખ લોકો બે કલાકમાં મતદાન કરે એ અશક્ય છે. મતદાન મથકમાં કૉંગ્રેસ સહિતના પક્ષોના પોલિંગ એજન્ટો પણ હાજર હોય છે. ઉમેદવારો પોતે પણ પ્રક્રિયા પર નજર રાખતા જ હોય છે એ જોતાં ગરબડ થઈ તો તેની જાણ તાત્કાલિક કેમ ના કરાઈ? ભાજપ તથા તેના સાથી પક્ષો માટે તમામ પોલિંગ એજન્ટોને ફોડી લેવા અશક્ય છે પણ માનો કે એવું કર્યું હોય તો પણ ઉમેદવારોને પણ ભાજપે ફોડી લીધેલા ?

રાહુલના કહેવા પ્રમાણે, અમે ચૂંટણીની વીડિયોગ્રાફી માગી ત્યારે કમિશને સ્પષ્ટ ઈનકાર કરી દીધો. ચૂંટણી પંચે નિયમ પણ બદલી નાખ્યો કે જેથી અમે વીડિયોગ્રાફી વિશે વધુ સવાલો પૂછી ન શકીએ. રાહુલનો આ મુદ્દો યોગ્ય છે ને પંચે આ અંગે સ્પષ્ટતા કરવી જોઈએ પણ માત્ર વીડિયો ના મળ્યા તેના કારણે મેચ ફિક્સિંગ થયું હોવાનું ના કહેવાય.

ચૂંટણી પંચ દૂધે ધોયેલું નથી જ અને તેનો ઈતિહાસ પણ શંકાસ્પદ છે. આ સંજોગોમાં માનો કે, પુરાવા છૂપાવતું હોય તો પણ પુરાવા વિના આક્ષેપ ના કરાય. કૉંગ્રેસે પુરાવા આપવા જોઈએ, પણ તેના બદલે રાહુલ છ મહિનાથી આક્ષેપો જ કર્યા કરે છે. કાગળ પર જ યુધ્ધ લડ્યા કરે છે.

રાહુલે એક વાત સમજવાની જરૂર છે કે, કૉંગ્રેસ તથા તેના સાથી પક્ષો માટે મહારાષ્ટ્રની ચૂંટણી ઢોળાઈ ગયેલું દૂધ છે તેથી તેના પર અફસોસ કરવાનો અર્થ નથી. તેના બદલે રાહુલે ભવિષ્યની ચૂંટણીઓ પર ધ્યાન આપવું જોઈએ. રાહુલને લાગે છે કે, બિહારની ચૂંટણીમાં પણ ભાજપ અને સાથી પક્ષો ગરબડ કરશે તો અત્યારથી આ ગરબડોના નક્કર પુરાવા શોધીને લોકો સામે મૂકી શકાય એવો પાકો બંદોબસ્ત કરવો જોઈએ. ખાલી આક્ષેપબાજી કરવાથી કંઈ ના થાય, ઊલટાનું હાસ્યાસ્પદ ઠરાય.

**રોજ લોસ એન્જલસમાં ગેરકાયદે ઇમિગ્રન્ટ્સ સામે ઝુંબેશ શરૂ કરી અને તેની સામે ભડકો થઈ ગયો.**

# ટ્રમ્પની જીદ અમેરિકાને અરાજકતા-અંધાધૂંધીમાં ધકેલી દેશે

**લોસ એન્જલસનાં તોફાનો અમેરિકામાં ભવિષ્યમાં કેવી સ્થિતિ સર્જાશે તેનું ટ્રેલર છે.**

ડોનલ્ડ ટ્રમ્પ આ વર્ષના જાન્યુઆરીમાં ફરી અમેરિકાના પ્રમુખ બન્યા ત્યારે કેટલાક વિશ્લેષકોએ ચેતવણી આપી હતી કે ટ્રમ્પ અમેરિકાને અરાજકતા અને અંધાધૂંધી તરફ ધકેલી દેશે. ટ્રમ્પને છ મહિના પણ નથી થયા ત્યાં આ આગાહી સાચી પડી રહી હોય એવું લાગી રહ્યું છે. ટ્રમ્પની નીતિઓના કારણે અમેરિકામાં અસંતોષ વધી રહ્યો છે અને લોસ એન્જલસની ઘટનાએ સાબિત કર્યું છે કે, ટ્રમ્પ પોતાની નીતિઓ નહીં બદલે તો અમેરિકા અરાજકતા અને અંધાધૂંધીની આગમાં ધકેલાઈ શકે છે.ટ્રમ્પે પ્રમુખ બનતાં જ અમેરિકામાં ગેરકાયદે રીતે રહેતા ભારતીયો સહિતના વિદેશીઓને દેશમાંથી ધકેલવાનો કાર્યક્રમ શરૂ કરી દીધેલો. પહેલા તબક્કામાં કોઈ પણ દસ્તાવેજો વિના અમેરિકામાં ઘૂસતાં ઝડપાઈ ગયેલા વિદેશીઓને પ્લેનમાં બેસાડી બેસાડીને તેમના દેશભેગા કરી દેવાયેલા. ટ્રમ્પનો એ કાર્યક્રમ બહુ સફળ નહોતો થયો પણ ટ્રમ્પના માથે વિદેશીઓને તગેડવાની સનક સવાર છે એટલે ટ્રમ્પ એક કદમ આગળ વધ્યા છે. હવે ટ્રમ્પે અમેરિકામાં મોટાં શહેરોમાં ગેરકાયદે રીતે રહેતા વિદેશીઓને શોધી શોધીને ઘરભેગા કરવાનું ફરમાન બહાર પાડ્યું છે.

ટ્રમ્પના આદેશના પગલે અમેરિકન સરકારે ૬-૭ જૂનના રોજ લોસ એન્જલસમાં ગેરકાયદે ઈમિગ્રન્ટ્સ સામે ઝુંબેશ શરૂ કરી અને તેની સામે ભડકો થઈ ગયો. ટ્રમ્પની દેશનિકાલ નીતિના ભાગરૂપે શરૂ કરાયેલી આ ઝુંબેશ સામે લોકો રસ્તા પર આવી ગયાં છે. લોસ એન્જલસમાં ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ સામે કડક કાર્યવાહીના વિરોધમાં ચાર દિવસથી દેખાવો થઈ રહ્યા છે અને આ દેખાવોએ હિંસક સ્વરૂપ ધારણ કરી લીધું છે.

ગેરકાયદે રીતે રહેતાં લોકો સામે ટ્રમ્પ સરકારની કાર્યવાહીના વિરોધમાં કેલિફોર્નિયામાં સ્થાનિક લોકો મેદાનમાં આવી ગયાં છે કેમ કે કેલિફોર્નિયાની ઈકોનોમી ગેરકાયદે રીતે રહેતાં લોકોના ભરોસે જ ચાલે છે. કેલિફોર્નિયામાં આવેલાં વિશાળ ખેતરોથી માંડીને હોલિવૂડ સુધી બધે જ મજૂરીનાં કામ આ લોકો જ કરે છે. આ લોકોને તગેડી મુકાય તો કામ કોણ કરે એ ચિંતામાં સ્થાનિક લોકોએ મોરચો માંડ્યો છે.દેખાવકારોને વિખેરવા માટે સિક્યુરિટી કર્મચારીઓ ટીયર ગેસના શેલ, ફ્લેશ બેન્ગ વિસ્ફોટકો અને આંખમાં બળતરા થાય તેવો મરી-મરચાંનો ભૂકો ફેંકી રહ્યા છે. સામે દેખાવકારો પણ પૂરી તૈયારી સાથે આવ્યા છે એટલે બોર્ડર પેટ્રોલના વાહનો પર પથ્થરો અને સિમેન્ટનો મારો ચલાવી રહ્યા છે. દેખાવકારોએ શહેરામાં અનેક સ્થળે આગ ચાંપી દીધી છે અને અનેક વાહનોને ફૂંકી માર્યાં છે.

દેખાવકારો રસ્તા પર ટાયરો સળગાવ્યા, સળગાવીને ધુમાડો ધુમાડો કરી દીધો છે તેથી સિક્યુરિટી કર્મચારીઓ પણ અટવાઈ ગયા છે. ભીડને કાબૂમાં લેવા માટે જાત સજાતના ઉપાયો કરવા છતાં ભીડ વિખેરાતી નથી તેથી ટ્રમ્પે નેશનલ ગાર્ડ્સને મોકલવા પડ્યા છે. આ હિંસામાં કોઈનો જીવ ગયો નથી, પણ સ્થિતિ ગંભીર છે તેમાં બેમત નથી.એક તરફ હિંસા ભડકી છે ત્યારે બીજી તરફ રાજકીય જંગ પણ જામ્યો છે. લોસ એન્જલસના મેયર તરીકે ટ્રમ્પની વિરોધી ડેમોક્રેટિક પાર્ટીનાં કારેન બાસ છે જ્યારે કેલિફોર્નિયાના ગવર્નર તરીકે પણ ડેમોક્રેટિક પાર્ટીના ગેવિન ન્યૂસમ છે. કેલિફોર્નિયાના ગવર્નર ગેવિન ન્યૂસમ અને લોસ એન્જલસના મેયર કારેન બાસ બંનેએ લોસ એન્જલસમાં ગેરકાયદે રીતે રહેતા વિદેશીઓ સામે કોઈ પણ કાર્યવાહી કરવા સામે ચેતવણી આપેલી, પણ ટ્રમ્પે તેમને અવગણીને કાર્યવાહી શરૂ કરાવી.

આ કાર્યવાહીના કારણે હિંસા ફાટી નિકળી પછી ટ્રમ્પે નેશનલ ગાર્ડ્સ મોકલવાનો નિર્ણય લીધો. નેશનલ ગાર્ડને મોકલતાં પહેલાં રાજ્યના ગવર્નર અને શહેરના મેયરની સંમતિ જરૂરી છે પણ કારેન અને ન્યૂસમ બંનેએ નેશનલ ગાર્ડ્સ મોકલવાનો વિરોધ કર્યો હતો. ટ્રમ્પ આ વિરોધને ઘોળીને પી ગયા અને ટ્રમ્પે લોસ એન્જલસમાં પરિસ્થિતિને નિયંત્રિત કરવા માટે ૨૦૦૦ નેશનલ ગાર્ડ્સ મોકલ્યા. અમેરિકાના ઈતિહાસમાં પહેલી વાર કોઈ રાજ્યના ગવર્નરની મંજૂરી વિના નેશનલ ગાર્ડ્સને મોકલવામાં આવ્યા હોય એવું બન્યું છે તેથી જોરદાર જંગ જામ્યો છે. કેલિફોર્નિયાના ગવર્નર ગેવિન ન્યૂસમ અને લોસ એન્જલસના મેયર કારેન બાસે નેશનલ ગાર્ડ્સ મોકલવા સામે કોર્ટમાં જવાનો અને ટ્રમ્પ સામે દાવો માંડવાનું એલાન કરતાં આ મુદ્દે કાનૂની જંગ જામશે એ નક્કી છે.સોશિયલ મીડિયા પર પણ આ મુદ્દે જંગ જામ્યો છે. લોસ એન્જલસનાં મેયર કારેન બાસ અશ્વેત છે તેથી મેક્સિકન અને કેરેબિયન અશ્વેતોને છાવરી રહ્યાં છે એવા આક્ષેપો થઈ રહ્યા છે. દેખાવકારોમાં ઘણા મેક્સિકન ઝંડા ફરકાવી રહ્યા છે તેના કારણે મેક્સિકો સાથેની સરહદ તાત્કાલિક સીલ કરવાની માગણી પણ શરૂ થઈ છે. લોસ એન્જલસમાં રમખાણો શાંત થવાનું નામ નથી લેતાં તેના માટે મેયર કારેન બાસને જવાબદાર ગણાવીને તેમની ધરપકડ કરવાની માગણી પણ સોશિયલ મીડિયા પર થઈ રહી છે.

સોશિયલ મીડિયા યુઝર્સ દાવો કરી રહ્યા છે કે આ રમખાણો મેયર બાસે જ શરૂ કરાવ્યા છે કે જેથી ફરીથી ચૂંટણી જીતી શકાય. આ પહેલાં આ વર્ષના જાન્યુઆરીમાં લોસ એન્જલસ પાસેના જંગલમાં આગ ફાટી નીકળી હતી, ત્યારે પણ સોશિયલ મીડિયા પર કારેનની ધરપકડ કરવા જોરદાર ઝુંબેશ શરૂ કરાઈ હતી. ડેમોક્રેટિક પાર્ટીનું કહેવું છે કે, ટ્રમ્પ પોતાના રાજકીય ફાયદા માટે ગેરકાયદે રીતે રહેનારાં વિદેશીઓ સામેની કાર્યવાહીને જોરદાર પબ્લિસિટી આપે છે અને લોકોમાં ઉન્માદ પેદા કરે છે. ટ્રમ્પનું કહેવું છે કે, અક્ષમ ગવર્નર અને મેયર હંમેશાની જેમ કામ કરવામાં અસમર્થ સાબિત થયાં તેના કારણે તોફાનો ભડક્યાં છે.લોસ એન્જલસનાં તોફાનો અમેરિકામાં ભવિષ્યમાં કેવી સ્થિતિ સર્જાશે તેનું ટ્રેલર છે. ટ્રમ્પને અમેરિકાને ફરી મહાન બનાવવા માટે તમામ વિદેશીઓને તગેડી મૂકવામાં રસ છે, પણ તેમને તગેડવા અઘરા છે. અમેરિકામાં લગભગ દોઢ કરોડ વિદેશીઓ ગેરકાયદે રીતે રહે છે. હવે લોસ એન્જલસ જેવા એક શહેરમાં જ વિદેશીઓને તગેડવાની ઝુંબેશ સામે ઉગ્ર દેખાવો થતા હોય ને હિંસા ફાટી નિકળતી હોય તો અમેરિકાના બીજા ભાગોમાં કેવાં રીએક્શન આવશે તેની કલ્પના કરવી અઘરી નથી. લોસ એન્જલસ જેવાં રીએક્શનના કારણે અમેરિકા આંતરિક યુદ્ધ તરફ ધકેલાઈ શકે કેમ કે ટ્રમ્પ માને છે તેમ બળ વાપરીને બધા વિદેશીઓને પાછો માકલવા શક્ય નથી.અમેરિકનો પણ ગેરકાયદે રીતે રહેતા વિદેશીઓને પાછા તગેડવાની તરફેણમાં નથી એ કેલિફોર્નિયાના દેખાવોએ સાબિત કર્યું છે. આ ગેરકાયદે રીતે રહેતા વિદેશીઓ સસ્તામાં મજૂરી કરીને અમેરિકનોનાં કામ ચલાવે છે તેથી તેમને અમેરિકનો પણ અમેરિકામાં જ રાખવા ઈચ્છે છે.

**મસ્કને ખાસ સરકારી કર્મચારી તરીકે ૧૩૦ દિવસનો મેન્ડેટ આપવામાં આવ્યો હતો.**

# ઈલોન મસ્કનો થયો મોહભંગ

**આવું જ કંઈક વિશ્વના ટોચ અબજોપતિ ઈલોન મસ્ક સાથે થયું છે. એમના માટે ફક્ત રાજકારણમાં પ્રવેશવું એક માત્ર અકસ્માત અને દુઃસ્વપ્ન સિદ્ધ થયું છે.**

અમેરિકાના પ્રમુખના પરમ મિત્ર ગણાતા વિશ્વના સૌથી ટોચના ડૉલરિયા શ્રીમંત ઈલોન મસ્કે ટ્રમ્પના વહીવટીતંત્રમાંથી ધાર્યા કરતાં વહેલું રાજીનામું આપી દીધું. વર્ષો વીતી ગયા એ વાતને છતાં 'બિગ બી' હજી પણ રાજકારણમાં પ્રવેશવા બદલ પસ્તાઈ રહ્યા છે.. અમિતાભ બચ્ચને ૧૯૮૪માં નિકટના મિત્ર રાજીવ ગાંધીના કહેવાથી રાજકારણમાં ઝંપલાવ્યું હતું. ૧૯૮૪માં એમણે લોકસભા ચૂંટણીમાં અલાહાબાદ બેઠક પર હેમવંતીનંદન બહુગુણાને હરાવ્યા હતા. જોકે રાજકારણનો કડવા ઘૂંટએ પીને પચાવી ન શક્યા અને એમણે સંસદસભ્ય પદેથી રાજીનામું આપી દીધું.

બોફોર્સ તોપ કૌભાંડમાં અમિતજીનું નામ ઉછળ્યું હતું. પોતાના નાના ભાઈ અજિતાભના ભરોસે ધંધો કરવા જતાં અમિતાભ દેવાળિયા બની ગયા હતા.. અમિતાભ કબૂલાત કરે છે કે મેં રાજકારણમાં જોડાવાનો નિર્ણય ભાવુકતાથી લીધો હતો. મારામાં રાજકારણી બનવાનું કૌશલ નહોતું. અમિતાભ ત્યાર બાદ સંઘર્ષ કરીને દેવામાંથી માંડ માંડ બહાર આવ્યા અને 'બોલિવૂડના બાદશાહ'નું બિરુદ પાછું મેળવ્યું.

આવું જ કંઈક વિશ્વના ટોચ અબજોપતિ ઈલોન મસ્ક સાથે થયું છે. એમના માટે ફક્ત રાજકારણમાં પ્રવેશવું એક માત્ર અકસ્માત અને દુ:સ્વપ્ન સિદ્ધ થયું છે. અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ અને 'ટેસ્લા'ના માલિક મસ્કની દોસ્તી 'શોલે'ના જય અને વીરુ જેવી ગણાતી હતી, પરંતુ મસ્કે પોલિટિક્સના પારખા કર્યા બાદ ટ્રમ્પના વહીવટીતંત્રમાંથી રાજીનામું આપ્યું છે. અમિતાભને જે ત્રણ વર્ષમાં સમજાયું એ મસ્કને ત્રણ મહિનામાં સમજાઈ ગયું.



ઈલોન મસ્કે પ્રમુખપદની ચૂંટણીમાં ટ્રમ્પને જીતાડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. મસ્કે ગયા વર્ષે ટ્રમ્પ અને એમના સાથીદારોને જીતાડવા ૩૦ કરોડ ડૉલરનું ડોનેશન પણ આપ્યું હતું. મસ્ક હવે સ્વીકારે છે કે હવે હું રાજકારણમાં ઓછો ખર્ચ કરીશ. મને લાગે છે કે મેં રાજકારણમાં ધાર્યા કરતાં વધુ ખર્ચ કર્યો છેપ

મસ્કે મિત્ર ટ્રમ્પને જીતાડી તો દીધા, પરંતુ આના બદલામાં વિશ્વનાએ સૌથી ધનિક માણસને શું મળ્યું? રાજકારણમાં જોડાવવા માટે મસ્કને મોટી નાણાકીય ખોટ સહન કરવી પડી. ટ્રમ્પને આપેલા ૩૦ કરોડ ડૉલર તો સરભર ન થયા, પરંતુ એની ઈ-વ્હીકલ કંપની 'ટેસ્લા' અને બીજી કંપનીમાં નુકસાન થવા માંડ્યું. એમાંય એની જે સુપર હોટ ગણાતી પ્રોડક્ટ 'ટેસ્લા' કારનું વેચાણ ઘટવા માંડ્યું.

ટ્રમ્પે મસ્કને 'ડિપાર્ટમેન્ટ ઓફ ગવર્મેન્ટ એફિશિયન્સી' (ડોજ)ના વડા બનાવ્યા હતા. મસ્કે ત્યારે દાવો કર્યો હતો કે હું અમેરિકા દ્વારા થતો બિનજરૂરી અને બેફામ ખર્ચ પર લગામ નાખીશ. ટ્રમ્પે જાન્યુઆરીમાં સત્તાનાં સૂત્રો સંભાળ્યા ત્યાર બાદ અબજોપતિ મસ્ક એમના ખાસ વિશ્વાસુ અને સલાહકાર બનીને ટ્રમ્પ વતી સરકારી કચેરીઓમાં કોસ્ટ કટિંગના જે નિર્ણયો લીધા એનાથી જોબ ગુમાવનારા અનેક કર્મચારીઓ અને લાગતા-વળગતા લોકો નારાજ થયા. અમેરિકનોએ 'ટેસ્લા' કારનો બહિષ્કાર કરવાનું અને કારના ધંધાને નુકસાન પહોંચાડવાનું શરૂ કર્યું. મસ્કની કંપની ટેસ્લા, સ્પેસએક્સ અને એક્સ નુકસાન કરવા માંડી. મસ્ક પર દબાણ આવ્યું કે એ રાજકારણ છોડીને પોતાની કંપનીઓ પર ધ્યાન આપે. ૨૦૨૫ના પહેલા ત્રિમાસિકમાં 'ટેસ્લા'નું વેચાણ ૧૩ ટકા ઘટી ગયું છે. મસ્કની નેટ વર્થમાં ૨૦૨૫ના પહેલા ત્રિમાસિકમાં ૧૧૬ અબજનો ઘટાડો થયો., એની નેટ વર્થ ૩૧૬ અબજ ડૉલરની થઈ. 'ટેસ્લા'ના શૅરનો ભાવ ડિસેમ્બર ૨૦૨૪માં ચરમસીમાએ હતો એ ૪૫ ટકા ઘટી ગયો. કારનું વેચાણ પણ યુરોપમાં ૫૦ ટકા અને અમેરિકામાં ૧૬ ટકા ઘટી ગયું.

આ બદલતો સિનારિયો જોયા પછી મસ્કે પોતે સ્વીકાર્યું કે ટ્રમ્પ સાથેની એની મિત્રતા અને નિકટતાને લીધે 'ટેસ્લા'ના શૅરના ભાવ ગગડી ગયા.. મસ્કે પોતે કબૂલાત કરી હતી કે ફેડરલની અમલદારશાહી મેં ધારી હતી એનાથી પણ બદતર નીકળી.

મસ્કને ખાસ સરકારી કર્મચારી તરીકે ૧૩૦ દિવસનો મેન્ડેટ આપવામાં આવ્યો હતો. આ મેન્ડેટ ૩૦ મેએ ખતમ થવાનો હતો.. મસ્ક તો પહેલેથી જ ઈશારો કરી રહ્યા હતા કે એ ટ્રમ્પનું વહીવટતંત્ર છોડીને પોતાના ધંધા પર ધ્યાન કેન્દ્રિત કરવા માગે છે. આમ છતાં મસ્ક કહે છે કે હું ટ્રમ્પના મિત્ર અને સલાહકાર તરીકે હજી ચાલુ રહીશ. સામે ટ્રમ્પે મસ્કની પીઠ થાબડીને એના વખાણ કરતા કહ્યું કે મસ્ક એક ચતુર માણસ છે ૫ એને દેશ માટે ઘણો પ્રેમ છે અને મસ્કે કઈ રીતે બિનજરૂરી સરકારી ખર્ચ અટકાવ્યા એના દાખલા પણ ટ્રમ્પે આપ્યા હતા.

# ૮૩૫ કરોડની ‘રામાયણ’માં ૨૦ સ્ટાર્સ રોલ પ્લે કરશે

ડાયરેક્ટર નિતેશ તિવારીની ફિલ્મ ‘રામાયણ’ ઘણા સમયથી ચર્ચામાં છે. આ દરમિયાન ફિલ્મની સ્ટારકાસ્ટ સાથે જોડાયેલ લેટેસ્ટ અપડેટ સામે આવી છે. મીડિયા અહેવાલોનું માનીએ તો ફિલ્મમાં કયો સ્ટાર કયો રોલ પ્લે કરી રહ્યો છે, આ માહિતી સામે આવી છે. સૌથી મહત્વની બાબત એ છે કે ડાયરેક્ટર નિતેશ તિવારીની રામાયણ ફિલ્મનું બજેટ લગભગ રૂપિયા ૮૩૫ કરોડ છે. ફિલ્મ ‘રામાયણ’માં રણબીર કપુર રામના રોલમાં અને સાઈ પલ્લવી સીતાની ભૂમિકામાં જોવા મળશે. જોકે, આ માહિતી ખૂબ પહેલા રિવીલ થઈ ચુકી છે.

રણબીર કપૂર રામના રોલમાં અને સાઈ પલ્લવી સીતાની ભૂમિકામાં જોવા મળશે

રાજા જનકનો રોલ અનિલ કપૂર અને અભિતાભ બચ્ચન જટાયુના પાત્રમાં જોવા મળશે

દક્ષિણ ભારતની ફિલ્મના અભિનેતા યશ રાવણનો રોલ પ્લે કરશે. જ્યારે સની દેઓલ આ ફિલ્મમાં હનુમાનનો કિરદાર નિભાવશે.

અરુણ ગોવિલ ફિલ્મ રામાયણમાં રાજા દશરથની ભૂમિકા ભજવશે અને ટીવી અભિનેતા રવિ દુબે લક્ષ્મણની ભૂમિકામાં જોવા મળશે.

અભિનેત્રી ઈન્દિરા કૃષ્ણન કૌશલ્યાના રોલમાં અને લારા દત્તા કૈકઈની ભૂમિકામાં જોવા મળી શકે છે.

આદિનાથ કોઠારે ભરતની ભૂમિકામાં અને શીબા ચઢ્ઢા મંથરાનો રોલમાં જોવા મળશે.

બોબી દેઓલ કુંભકર્ણ, વિજય સેતુપતિ વિભિષણ



વિક્રાંત મેસી મેઘનાદ અને રકુલપ્રીત સિંહ શૂર્પણખા

કાજલ અગ્રવાલ રાણી મંદોદરી અને મોહિત રૈના ભગવાન શિવના રોલમાં જોવા મળશે.

કુણાલ કપૂર ભગવાન ઈન્દ્રના અને વિવેક ઓબેરોય વિદ્યુતજિહ્વાની ભૂમિકામાં જોવા મળશે.

# નિક્કી તંબોલીએ બકરી ઈદના દિવસથી વીગન બનવાનું એલાન કર્યું



નિક્કી તંબોલીએ બકરી ઈદના દિવસે વીગન બનવાની જાહેરાત સોશિયલ મીડિયા પર કરી છે. નિક્કી ઘણાં સમયથી મુસ્લિમ એક્ટર અરબાઝ પટેલ સાથે રિલેશનશિપમાં છે ત્યારે તેના આ એનાઉન્સમેન્ટથી ઘણાને આશ્ચર્ય થયું છે. નિકીએ ઈન્સ્ટાગ્રામ પર પોતાનો ફોટોગ્રાફ શેર કરીને લખ્યું છે, ગો વીગન.

નિક્કીઆ સાથે એક કેપ્શન પણ લખ્યું છે. જેમાં તેણે જણાવ્યું છે, વીગન એ માત્ર ડાયેટ નથી. તે મારા માટે હૃદયથી કરેલી પસંદગી છે. મારે વિશ્વમાં જે પરિવર્તન જોવું છે, તેની શરૂઆત હું મારાથી કરી રહી છું. આ નિર્ણયનું કારણ જણાવતા નિક્કીએ કહ્યું હતું કે, છેલ્લા કેટલાક સમયથી આ નિર્ણય બાબતે મનમાં ગડમથલ ચાલતી હતી. મારા મનનો અવાજ સાંભળીને આ નિર્ણય લીધો છે. મને જીવાડવા માટે કોઈ પ્રાણીએ મરવું જોઈએ નહીં, તેવું હું માનુ છું. ચોક્કસપણે હું બકરા ઈદના તહેવારની તરફેણમાં નથી. કુરબાની માટે લાખો બકરાની કતલ થાય તે હજુ સ્વીકારી શકતી નથી. બદલાવની શરૂઆત ઘરથી થવી જોઈએ અને તેથી મેં આ બાબતને દૃઢતાથી વળગી રહેતા આજથી જ વીગન બનવાનો નિર્ણય લીધો છે. તેના કારણે શાંતિ, સ્થિરતા અને આનંદની લાગણી અનુભવાય છે.

નિક્કી તંબોલીએ વધુમાં કહ્યું હતું કે, વીગન બનવાનો નિર્ણય તેની અંગત પસંદગી છે અને તેને રિલેશનશિપમાં હોય તે વ્યકિતના પ્રભાવમાં આવીને કરાયેલી પસંદગી કહી શકાય નહીં. ડેટિંગ લાઈફ કે સંબંદોના આધારે મારે શું ખાવું જોઈએ તેનો નિર્ણય થવો જોઈએ નહીં. આ અંગત પસંદગી છે અને તેને મારા સાથીદારની ધાર્મિક માન્યતા સાથે કોઈ લેવા-દેવા નથી. મેં હંમેશા મનની વાત સાંભળી છે અને તે ચાલુ જ રાખીશ. પોતાના હૃદયનો અવાજ વધુને વધુ લોકો સાંભળે અને વિશ્વને વધારે સ્વસ્થ તથા પ્રાણીઓ માટે સલામત બનાવે તેવી આશા છે.

# બોબી દેઓલ જેની સામે ગભરાઈ ગયો, તે એશા ગુપ્તા હવે અજય દેવગણની ફિલ્મમાં જોવા મળશે



અજય દિવસની ગત ફિલ્મે અનેક માટે રસ્તો ખોલી દીધા. જેવી રીતે અજય દેવગણ ઈચ્છતો હતો એ રીતે. ‘રેડ ૨’ પાંચ દિવસમાં હિટ થઈ ગઈ હતી. આ વર્ષે અજય દેવગણની વધુ એક ફિલ્મ રિલીઝ થવાની છે. આ દરમિયાન અજય દેવગણની વધુ એક ફિલ્મની અપડેટ સામે આવી છે. અજયની ‘ધમાલ ૪’માં એ અભિનેત્રીની એન્ટ્રી થઈ ગઈ છે, જેની સાથે ઈન્ટીમેટ સીન્સ આપતી વખતે બોબી દેઓલ ડરી ગયો હતો.

તાજેતરમાં એક રિપોર્ટ સામે આવી છે, જેનાથી ખબર પડશે કે માલશેજ ઘાટ પર શૂટિંગ પછી ‘ધમાલ ૪’ની ટીમ મુંબઈમાં આગામી શેડ્યુઅલ શરુ કરશે. તાજેતરમાં ફિલ્મના ડાયરેક્ટર ઈન્દ્ર કુમારે એક અભિનેત્રીની ફિલ્મ સાથે જોડાવાની જાણકારી આપી છે. હકીકતમાં એ ‘ટોટલ ધમાલ’નો હિસ્સો રહી ચુકી છે. પોતાની ફિટનેસ અને લુક્સથી ચાહકોના દિલ પર રાજ કરનારી એશા ગુપ્તા ફરી એક વાર ધમાલ ફ્રેન્ચાઈજીનો હિસ્સો બની ચુકી છે. હા, એશા ગુપ્તા ‘ધમાલ ૪’માં જોવા મળશે. ફિલ્મના ડાયરેક્ટરે કહ્યું કે, અમે ખૂબ ખુશ છીએ કે ‘ધમાલ ૪’માં એશા ગુપ્તાની એન્ટ્રી થઈ છે. એ શ્રેષ્ઠત્તમ અભિનેત્રી હોવાની સાથે જ સારી ઈન્સાન પણ છે.

# અરેબિક ફિલ્મમાં સલમાન, સંજય દત્તના કેમિયોથી ઉત્સુકતા

બોલિવૂડના સ્ટાર સલમાન ખાન અને સંજય દત્તને ચમકાવતી અરેબિક ફિલ્મ ‘૭ ડોગ્સ’ના રીલિઝ કરાયેલા ટીઝરે ભારતીય ફિલ્મ ચાહકોમાં ભારે ઉત્સુકતા જગાવી છે. સાઉદી અરેબિયાની આ એક્શન કોમેડી ફિલ્મ ‘૭ ડોગ્સ’નું નિર્દેશન ‘બેડ બોય્ઝ ૩’ના ડિરેક્ટર અદિલ અલ અરબી તથા બિલ્લાલ ફલ્લાહ દ્વારા કરાયું છે. ટીઝરમાં સલમાન અને સંજય દતના પાવરફૂલ કેમિયોને કારણે ભારતીય ચાહકો આ ફિલ્મની રીલિઝની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યાં છે. આ ફિલ્મના માધ્યમથી બંને ભારતીય સ્ટાર્સ વૈશ્વિક સિનેમામાં પદાર્પણ કરશે.

ફિલ્મમાં સાઉદી અરેબિયાના જાણીતાં અભિનેતા કરીમ અબ્દેલ અઝીઝ અને અહમદ એઝ પણ મહત્વની ભૂમિકામાં જોવા મળશે. આ ફિલ્મ ઈન્ટરપોલ અધિકારી ખાલિદ અલ-અઝૂઝાઝી પર આધારિત છે.

ફિલ્મના નિર્માતાઓએ સંજય દત્ત અને સલમાનના પાત્રો અંગે ખાસ માહિતી જાહેર કરી નથી પરંતુ આ એક્શન પેક્ડ ફિલ્મના ટીઝરમાં બંનેની દમદાર હાજરી તેમના ફેન્સમાં આકર્ષણ જમાવી રહી છે. ટીઝરમાં સલમાન વ્હાઈટ સુટમાં જ્યારે સંજય દત્તની એન્ટ્રી રિવોલ્વર સાથે થાય છે. ટીઝર અંગે પ્રતિક્રિયા આપતાં સોશિયલ મીડિયા પર એક યુઝરે લખ્યું કે, ભાઈ આ ટીઝરમાં દમદાર દેખાઈ રહ્યા છે.



# એકતા કપૂરે અનુરાગ કશ્યપને ‘ડંબ’ અને ‘ક્લાસિસ્ટ’ ગણાવ્યો

અનુરાગ કષ્યપ ઘણી વખત તેના નિવેદનો માટે વિવાદમાં આવતો રહ્યો છે. ફરી તેણે એક નિવેદનના કારણે વિવાદ સર્જ્યો છે. તાજેતરમાં તેણે પોતાની સોશિયલ મીડિયા સ્ટોરીમાં નેટફ્લિક્સના સીઈઓ ટેડ સેરેન્ડોઝની ટીકા કરી હતી. અનુરાગ કષ્યપની લોકપ્રિય વૅબસિરીઝ ‘ધ સ્ક્રેડ ગેમ્સ’ બે સીઝન નેટફ્લિક્સ પર ૨૦૧૮ અને ૨૦૧૯માં આવી હતી. ત્યાર બાદ તેના દર્શકોને ત્રીજી સીઝનની અપેક્ષા હતી. તાજેતરમાં એક પોડકાસ્ટમાં ટેડ સેરેન્ડોઝે જણાવ્યું કે તેણે તેના પહેલાં ઈન્ડિયન ઓરિજીનલ શો ‘સેક્રેડ ગેમ્સ’ના બદલે કોઈ વધુ પ્રચલિત પ્રકારના શો સાથે આગળ વધવાની જરૂર હતી. આ વાત અનુરાગ કશ્યપને ખટકી. આ ઈન્ટરવ્યુના સ્ક્રીનગ્રેબને શેર કરીને અનુરાગે પોતાના સોશિયલ મીડિયામાં લખ્યું, “એણે સાસ-બહુ સાથે શરૂઆત કરવાની જરૂર હતી. એ સારો ચાલ્યો હોત. જે તેઓ હાલ કરી રહ્યા છે, ઝેડ આઈને તો હંમેશા ખબર હતી કે જ્યારે વાર્તા કહેવાની વાત આવે ત્યારે ટેકનોલોજીના લોકો ડમ્બ હોય છે, પરંતુ ટેડ સેરેન્ડોઝ ડમ્બ હોવાની વ્યાખ્યા સમાન છે એ મને નહોતી ખબર, હવે બધું સ્પષ્ટ થઈ ગયું.”અનુરાગ કષ્યપની સાસ બહુ કમેન્ટથી એકતા કપૂર નારાજ થઈ ગઈ છે. તેણે પણ અનુરાગ કષ્યપની સોશિયલ મીડિયા પોસ્ટનો જવાબ સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા આપ્યો છે. એકતા કપૂરે પોતાની સોશિયલ મીડિયા પોસ્ટમાં લખ્યું, “તું બહુ જ ડમ્બ છે..તને લાગે છે કે આવું કહીને તું સ્માર્ટ અને કૂલ છે એવો ફાયદો ઉઠાવવા માગે છે પણ નાનાના…ર્ડાલિંગ વિવેકનું શું !! અને જાત માટે સભાનતા??? એ કળા જે ઘણા કલાકારોમાં નથી હોતી! સાસુ વહુ અને તેની ભારતની જનતા પર અસરનું પ્રતિષ્ઠિત શિકાગો રિસર્ચમાં દસ્તાવેજીકરણ થયું છે. પણ એવા કલાકારો જે વધારે સમાવેશી દુનિયાની વાતો કરતાં હોય છે તે વધુ “ક્લાસિસ્ટ” હોય છે.”



# બોલિવૂડની નવી જોડી રાશા થડાની અને અભય વર્મા

રાશઆ થડાની અને ‘મૂંજ્યા’થી લોકપ્રિય થયેલા અભય વર્માએ સોશિયલ મીડિયા પર એક રીલ શેર કરી છે, જેના કારણે તેઓ કોઈ ફિલ્મ માટે સાથે કામ કરી રહ્યા હોવાની પણ ચર્ચા છે. જોકે, તેમના આ કોલબરેશ અંગે હજુ કોઈ પ્રકારની જાહેરાત થઈ નથી. ઈન્સ્ટાગ્રામ પર શેર થયેલા આ વીડિયોમાં તેઓ બંને ખુશ ખુશ દેખાય છે.

રાશાએ પહેલી ફિલ્મથી જ ઘણી લોકપ્રિયતા મેળવી લીધી છે. અભય વર્મા પણ મૂંજ્યાથી ઘણો લોકપ્રિય થયો છે. ત્યારે આ વીડિયોથી લોકો ઈન્ડસ્ટ્રીમાં નવી જોડી જોવા મળશે, તેની રાહ જોઈ રહ્યા છે. સાથે લોકોને પ્રશ્ન પણ છે કે તેઓ બંને ફિલ્મમાં સાથે આવશે કે, કોઈ જાહેરાત છે કે પછી કોઈ વૅબ સિરીઝમાં આવવાના છે, છતાં લોકો આ ફ્રેશ જોડીની રાહ જુએ છે.બંનેએ એક વીડિયો તો શેર કર્યો પણ શેના માટે તેઓ સાથે કામ કરે છે, તેવું ક્યાંય જાહેર કર્યુ નહી, જોકે, અંદરના સુત્રો જણાવે છે કે તેઓ બંને ટૂંક સમયમાં જ તેમના પ્રોજેક્ટની જાહેરાત કરે તેની પણ શક્યતા છે. ત્યાં સુધીમાં બંનેના ફેન્સ ચોકઠાં બેસાડવાની કોશિશ કરી રહ્યાં છે. આ ઉપરાંત પણ રાશા ઈન્ડસ્ટ્રીની પ્રોમિસિંગ એક્ટ્રેસ તરીકે વારંવાર ખબરોમાં આવતી રહે છે. તાજેતરમાં જ તે એક એવોર્ડ ઈવેન્ટમાં પણ હાજર રહી હતી. જ્યાં તેના લૂક વિશે ઘણી ચર્ચા થઈ હતી.








# દલકિર સલમાને મલયાલમ સિનેમાનું પહેલું સુપરહિરો યુનિવર્સ લોંચ કર્યું

સાઉથના એક્ટર્સ અને ડિરેક્ટર્સ એક પછી એક મલ્ટિ યુનિવર્સ અને સુપરહિરો થીમ પરની ફિલ્મની જાહેરાત કરવા માંડ્યા છે. પહેલાં અટલીએ અલ્લુ અર્જૂન સાથે સુપરહિરો ફિલ્મની જાહેરાત કર્યા બાદ, આ યાદીમાં લોકેશ કનગરાજ અને આમિર ખાનનું નામ પણ જોડાયું. આ બધી પૅન ઈન્ડિયા રિલીઝની યાદી ઉપરાંત રિતિકનો ક્રિશ તો છે જ. તાજેતરમાં જ આ યાદીમાં દીપિકાનું નામ જોડાયાં બાદ હવે આ યાદીમાં સાઉથમાંથી વધુ એક નામ જોડાયું છે. દલકિર સલમાને પણ હવે મલયાલમ સિનેમાની દુનિયાને મલ્ટિવર્સમાં પહોંચાડવાની તૈયારી કરી લીધી છે. તે માત્ર એક સુપરહિરો બનીને અટકવાને બદલે એક સુપરહિરો યુનિવર્સ બનાવવા જઈ રહ્યો છે. આમ હોલિવૂડની માર્વેલની સામે ભારતમાં મલિયાલમ સુપરહિરોનું યુનિવર્સ ખડું થશે. શનિવારે દલકિર સલમાને પોતાના ઈન્સ્ટાગ્રામ પર પોતાના પ્રોડક્શનની ફિલ્મનો પહેલો લૂક જાહેર કર્યો હતો. દલકિરના સુપરહિરો યુનિવર્સની પહેલી ફિલ્મ હશે ‘લોકાહ – ચેપ્ટર વન: ચંદ્રા’, આ ફિલ્મ સાથે વેફેરરર ફિલ્મ્સ માટે પણ એક નવું પ્રકરણ શરૂ થશે. લોકાહના આ પોસ્ટરમાં કલ્યાણી પ્રિયદર્શન એક ક્યારેય ન જોઈ હોય એવા સુપર હિરો અવતારમાં કમાન્ડિંગ રોલમાં દેખાય છે, જે તેની કારકિર્દીમાં પણ એક મહત્વનો પડાવ બની જશે. યુદ્ધ જેવા દૃષ્યમાં તાકાતથી બધાની સામે ખડી થયેલી કલ્યાણીનું પાત્ર શક્તિશાળી, કોઈને તાબે થાય એવા અને એક ઉગ્ર અવતારમાં જોવા મળે છે, જે દંતકથાત્મક વાર્તા સાથે લાગણીશીલ પાત્ર પણ હોય એવો અંદાજ આવે છે. હજુ રવિવારે દીપિકાના સુપરવુમન અવતારની જાહેરાત થઈ છે, ત્યારે સાઉથની ફિલ્મોમાં બે સુપરવુમનની ટક્કર અંગે પણ ચર્ચા છે.

# ઓક્ટોબરમાં અમદાવાદમાં ભારત અને વેસ્ટ ઇન્ડિઝ વચ્ચે ટેસ્ટ



ભારતીય ક્રિકેટ બોર્ડ (બીસીસીઆઈ)એ સોમવારે ભારતમાં આગામી સિઝનમાં રમાનારી ઈન્ટરનેશનલ ક્રિકેટ મેચો માટેના કાર્યક્રમની જાહેરાત કરી હતી જે મુજબ ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે બીજી ઓક્ટોબરથી અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ટેસ્ટ મેચ રમાશે જ્યારે ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચે ડિસેમ્બરમાં રમનારી ટી૨૦ સિરીઝની એક મેચ અમદાવાદને ફાળવવામાં આવી છે.

નવેમ્બરમાં સાઉથ આફ્રિકાની ટીમ ભારતના પ્રવાસે આવનારી છે જેની પ્રથમ ટેસ્ટ ૧૪થી ૧૮મી નવેમ્બર દરમિયાન કોલકાતાના ઇડન ગાર્ડન્સ ખાતે રમાશે જ્યારે બીજી ટેસ્ટ ૨૨મી નવેમ્બરથી ગુવાહાટી ખાતે યોજાશે. બંને ટીમ ૩૦મી નવેમ્બરથી ત્રણ વન-ડે મેચની સિરીઝ રમશે જે મેચો રાંચી, રાયપુર અને વિશાખાપટનમ ખાતે રમાયા બાદ પાંચ મેચની ટી૨૦ સિરીઝ રમશે જે મેચો કટક, ન્યૂ ચંદીગઢ (મુલ્લાનપુર), ધરમશાલા, લખનૌ અને અમદાવાદમાં યોજાશે.

ભારત અને વેસ્ટ ઈન્ડિઝની ટીમ તેની પ્રથમ ટેસ્ટ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે બીજી ઓક્ટોબરથી રમશે અને ત્યાર બાદ બંને ટીમ દસમી ઓક્ટોબરથી દિલ્હીના અરૂણ જેટલી સ્ટેડિયમ (કોટલા) ખાતે રમશે.

બીસીસીઆઈએ નવી દિલ્હીની મેચોના કાર્યક્રમમાં ફેરફાર કર્યો છે તે અંગે ખુલાસો કર્યો નથી પરંતુ એમ મનાય છે કે ઓક્ટોબર અને નવેમ્બરમાં દિલ્હીમાં પ્રદૂષણની સમસ્યા થતી હોય છે જેને કારણે આ સ્થળની તારીખોમાં ફેરફાર કરવામાં આવ્યા હોઈ શકે. બે વર્ષ અગાઉ દિલ્હીમાં રમાયેલી ભારત અને શ્રીલંકા વચ્ચેની ટેસ્ટ દરમિયાન પ્રદૂષણને કારણે શ્રીલંકન ફિલ્ડર માસ્ક પહેરીને રમ્યા હતા.

એમ મનાય છે કે બીસીસીઆઈની ક્રિકેટ ઓપરેશન્સ ટીમે છેલ્લા કેટલાક વર્ષના છઊઁ (હવામાં રહેલા પ્રદૂષણની ગુણવત્તા)ના ડેટાની ચકાસણી કર્યા બાદ સ્થળમાં પરિવર્તન અંગે નિર્ણય લીધો છે.

ભારતની ઘરઆંગણાની સિઝનનો પ્રારંભ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની સાઈકલમાં રમી રહેલી ભારત-વેસ્ટ ઈન્ડિઝની ટીમની પ્રથમ ટેસ્ટ સાથે થશે જે મેચ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે બીજી ઓક્ટોબર ૨૦૨૫થી શરૂ થશે અને ત્યાર બાદ બીજી ટેસ્ટ દિલ્હીમાં રમાશે.

આ સિરીઝ બાદ ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચે તમામ ફોર્મેટમાં સિરીઝ રમાશે. જેમાં બે ટેસ્ટ ઉપરાંત ત્રણ વન-ડે ઈન્ટરનેશનલ અને પાંચ ટી૨૦ ઈન્ટરનેશનલ મેચો યોજાશે.

સાઉથ આફ્રિકા સામેની પ્રથમ ટેસ્ટ કોલકાતાના ઇડન ગાર્ડન્સ ખાતે રમાયા બાદ બીજી મેચ માટે બંને ટીમ ગુવાહાટી જશે. આમ ગુવાહાટીનું બરાસપારા સ્ટેડિયમ ભારતનું નવું ટેસ્ટ કેન્દ્ર બની જશે.

દરમિયાન ઓસ્ટ્રેલિયન વિમેન્સ ટીમ પણ ભારતના પ્રવાસે આવનારી છે જેમાં એક મેચ ચેન્નાઈ ખાતે રમાનારી હતી પરંતુ તામિલનાડુ ક્રિકેટ એસોસિયેશન (ટીએનસીએ)એ આ મેચ યોજવાની અક્ષમતા દર્શાવી છે. તેઓ ૩૦મી સપ્ટેમ્બરથી શરૂ થનારા વર્લ્ડ કપ માટે તૈયારી કરી રહ્યા છે. આમ એ સિરીઝની પ્રથમ બે મેચ હવે મુલ્લાનપુર ખાતે રમાશે.

આ સિઝન દરમિયાન ભારતીય-એ ટીમ માટે પણ વિવિધ મેચોની જોગવાઈ કરવામાં આવી છે જેમાં ભારત-એ ટીમ, ઓસ્ટ્રેલિયા અને સાઉથ આફ્રિકાની એ ટીમ મળીને ચાર બિનસત્તાવાર ટેસ્ટ અને છ લિસ્ટ-એ મેચો રમશે.

બંને પ્રવાસી ટીમ બે ટેસ્ટ અને ત્રણ લિસ્ટ-એ મેચ રમશે. ઓસ્ટ્રેલિયા-એ ટીમ લખનૌ અને કાનપુરમાં ટેસ્ટ રમશે જ્યારે બેંગલોરના સેન્ટર ઓફ એક્સેલન્સ ખાતે સાઉથ આફ્રિકન ટીમ બે ટેસ્ટ અને ત્યાર બાદ રાજકોટ ખાતે ત્રણ વન-ડે રમશે. ભારત અને ઓસ્ટ્રેલિયન એ ટીમ ૧૬મી સપ્ટેમ્બર અને ૨૩મી સપ્ટેમ્બરથી શરૂ થતી ટેસ્ટ મેચ લખનૌમાં રમશે. આ મેચોને આધારે વેસ્ટ ઈન્ડિઝ સામેની ભારતની સિનિયર ટીમની પસંદગી થઈ શકે છે.

# રોહિત અને વિરાટ બાદ ૨૯ વર્ષના ખેલાડીએ ઈન્ટરનેશલ ક્રિકેટમાંથી લીધો સંન્યાસ




વેસ્ટ ઈન્ડિઝના સ્ટાર ખેલાડી નિકોલસ પૂરને મંગળવારે ક્રિકેટ જગતને ચોંકાવી દીધુ છે. તેમણે ફક્ત ૨૯ વર્ષની ઉંમરમાં ઈન્ટરનેશનલ ક્રિકેટમાંથી સંન્યાસની ઘોષણ કરી છે. ખેલાડીએ ઈન્સ્ટાગ્રામ પર આ જાણકારી શેર કરી છે. આ નિર્ણયને ખૂબ કઠિન ગણાવતા તેમણે કહ્યું છે કે આ ટીમના કેપ્ટન પદ પર રહેવું તેમના માટે ખૂબ સૌભાગ્યની વાત હતી. પૂરન ઈન્ડિયન પ્રિમિયર લીગ ૨૦૨૫ની સિઝનમાં લખનૌ સુપર જાયન્ટ્સ સામે રમતા નજરે ચડ્યા હતા.

છગ્ગાઓ મારીને રેકોર્ડ બનાવનાર નોકોલસ પૂરને ૬૧ ટી૨૦ ઈન્ટરનેશનલ અને ૧૦૬ વનડે મેચ રમ્યા બાદ ઈન્ટરનેશનલ કરિયરને અલવિદા કહ્યું હતું. તેમણે બંને ફોર્મેટમાં ૪૦૦૦થી વધુ રન બનાવ્યા હતા. થોડા દિવસ પહેલા જ તેમણે ક્રિકેટ વેસ્ટઈન્ડીઝથી ઈંગ્લેન્ડ વિરુદ્ધ વ્હાઈટ બોલ સિરીઝ માટે તેમને આરામ આપવાની ભલામણ કરી હતી.

પૂરનનો સમન્યાસ ક્રિકેટ જગત માટે એક ઝટકો છે કારણકે ભારત અને શ્રીલંકામાં રમાનાર ટી૨૦ વર્લ્ડ કપ માટે ફક્ત ૮ મહિના જ બચ્યા છે. તેમણે ઈનસ્ટાગ્રામ પર લખ્યું છે કે ઘણા વિચાર અને આત્મમંથન બાદ મેં ઈન્ટરનેશનલ ક્રિકેટમાંથી સંન્યાસ લેવાની ઘોષણા કરી છે

# IPL ફાઈનલ હાર્યા બાદ શ્રેયસ ઐયરે શું કહ્યું? કેપ્ટનશીપને લઈને મોટું નિવેદન



શ્રેયસ ઐયર હાલમાં ક્રિકેટ જગતમાં ચર્ચામાં છે. IPL ૨૦૨૫માં તેને પંજાબ કિંગ્સને ફાઈનલમાં પહોંચાડીને બધાનું ધ્યાન ખેંચ્યું. ભલે ટીમ ટાઈટલ જીતી ન શકી, પરંતુ તેની કેપ્ટનશીપ અને શાનદાર બેટિંગની ખૂબ પ્રશંસા થઈ રહી છે. IPL પછી, તે હવે T૨૦ મુંબઈ લીગમાં પણ પોતાની કેપ્ટનશીપ કરીને ધૂમ મચાવી રહ્યો છે. શ્રેયસ ઐયરે તાજેતરમાં જ પોતાની કેપ્ટનશીપ વિશે એક મોટો ખુલાસો કર્યો છે.શ્રેયસ ઐયર અત્યાર સુધીમાં ત્રણ વખત IPL ફાઈનલમાં પોતાની ટીમને પહોંચાડી છે. સૌથી ખાસ વાત એ છે કે તેને ત્રણ અલગ-અલગ ફ્રેન્ચાઈઝી સાથે આ સિદ્ધિ મેળવી છે. આ પહેલા ફક્ત મહેન્દ્ર સિંહ ધોની અને રોહિત શર્મા જ આ સિદ્ધિ મેળવી શક્યા હતા. શ્રેયસ ઐયર માટે આ એક મોટી સિદ્ધિ છે, ખાસ કરીને જ્યારે તેને ઈંગ્લેન્ડ સામેની ટેસ્ટ ટીમમાં સ્થાન આપવામાં આવ્યું ન હતું.શ્રેયસ ઐયર માને છે કે કેપ્ટનશીપ કરવાથી જવાબદારીની ભાવના વધે છે. ટીમને દરેક મુશ્કેલ સમયમાં કેપ્ટન પાસેથી અપેક્ષાઓ હોય છે. તે એવી પરિસ્થિતિઓમાં રમવાનું પસંદ કરે છે જ્યાં વધુ દબાણ હોય. શ્રેયસ ઐયર કહે છે કે તે હંમેશા ટીમ માટે પોતાનું બેસ્ટ આપવાનો પ્રયાસ કરે છે.તેને કહ્યું કે તે ૨૨ વર્ષની ઉંમરથી કેપ્ટનશીપ કરી રહ્યો છે અને તેને એક પડકાર અને તક માને છે. કેપ્ટનશીપ તેના પ્રદર્શનમાં પણ સુધારો કરે છે. તેને T૨૦ મુંબઈ લીગમાં સોબો મુંબઈ ફાલ્કંસને સેમિફાઈનલમાં પહોંચાડીને સાબિત કરી દીધું કે તે કેટલો સારો લીડર છે.શ્રેયસ ઐયરે IPL ૨૦૨૫માં ૬૦૪ રન બનાવ્યા અને ટીમની સફળતામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી. પરંતુ તેને ઈંગ્લેન્ડ પ્રવાસ માટે ટેસ્ટ ટીમમાં સામેલ કરવામાં આવ્યો ન હતો. પરંતુ તેને હાર માની નહી અને ઘરેલુ ક્રિકેટમાં પોતાની તાકાત બતાવવાનું ચાલુ રાખ્યું.કેપ્ટનશીપ અને બેટિંગ બંનેમાં સતત સારું પ્રદર્શન કરનાર શ્રેયસ ઐયરને હવે ટીમ ઈન્ડિયાના ભવિષ્યના કેપ્ટન તરીકે જોવામાં આવી રહ્યો છે. તેને સાબિત કર્યું છે કે તે મુશ્કેલ સમયમાં પણ ટીમને સંભાળી શકે છે. દર્શકોના દિલમાં સ્થાન બનાવવું એ તેના માટે સૌથી મોટી પ્રેરણા છે.

# 'Mahi'ને મળ્યું મોટું સન્માન, ICC હોલ ઓફ ફેમમાં થઈ એન્ટ્રી



ક્રિકેટની સર્વોચ્ચ સંસ્થા ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ એટલે કે ICC એ ભૂતપૂર્વ ભારતીય કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીને ICC હોલ ઓફ ફેમમાં સામેલ કર્યો છે. મહેન્દ્ર સિંહ ધોની ICC હોલ ઓફ ફેમમાં સામેલ થનારો ૧૧મા ભારતીય ક્રિકેટર છે.


મહેન્દ્ર સિંહ ધોની પહેલા બિશન સિંહ બેદી, કપિલ દેવ, સુનીલ ગાવસ્કર, અનિલ કુંબલે, સચિન તેંડુલકર, વિનુ માંકડ, વીરેન્દ્ર સેહવાગ, રાહુલ દ્રવિડ, નીતુ ડેવિડ અને ડાયના એડુલજીને ICC હોલ ઓફ ફેમમાં સામેલ કરવામાં આવ્યા છે.

મહેન્દ્ર સિંહ ધોનીની કેપ્ટનશીપમાં ટીમ ઈન્ડિયાએ ત્રણ ICC ટ્રોફી જીતી હતી. કેપ્ટન તરીકે ધોનીએ ૨૦૦૭નો T૨૦ વર્લ્ડકપ, ૨૦૧૧નો વનડે વર્લ્ડકપ અને ૨૦૧૩ની ચેમ્પિયન્સ ટ્રોફી જીતી હતી. તે દુનિયાનો પહેલો એવો કેપ્ટન છે, જેને ICCની ત્રણ અલગ અલગ ICC ટ્રોફી પોતાને નામ કરી છે. ધોનીની ગણતરી માત્ર ભારતમાં જ નહી પરંતુ દુનિયાના સૌથી સફળ કેપ્ટનોમાં થાય છે.

મહેન્દ્ર સિંહ ધોનીએ ભારત માટે ૩૫૦ વનડે રમી, જેમાં ૫૦.૫૭ની એવરેજથી ૧૦૭૭૩ રન બનાવ્યા. આ દરમિયાન તેને ૧૦ સદી અને ૭૩ અડધી સદી પણ ફટકારી. તેને ૯૦ ટેસ્ટ મેચ પણ રમી, જેમાં તેની એવરેજ ૩૮ થી વધુ હતી. તેને ૬ સદી સાથે ટેસ્ટમાં ૪૮૭૬ રન બનાવ્યા. તેને ૨૦૧૯ ના વર્લ્ડકપ સેમિફાઈનલમાં ન્યુઝીલેન્ડ સામે પોતાની છેલ્લી ઈન્ટરનેશનલ મેચ રમી અને પછીના વર્ષે ઓગસ્ટ ૨૦૨૦માં ઈન્ટરનેશનલ ક્રિકેટને અલવિદા કહ્યું.

મહેન્દ્ર સિંહ ધોની સિવાય ઓસ્ટ્રેલિયાના દિગ્ગજ બેટ્સમેન મેથ્યુ હેડન અને દક્ષિણ આફ્રિકાના ભૂતપૂર્વ ક્રિકેટર હાશિમ અમલાને પણ ICC હોલ ઓફ ફેમમાં સ્થાન આપવામાં આવ્યું છે. ICC હોલ ઓફ ફેમ મહાન ક્રિકેટ ખેલાડીઓની સિદ્ધિઓને માન્યતા આપે છે. વર્ષ ૨૦૦૯માં તેની શરૂઆત કરવામાં આવી હતી, ત્યારથી અત્યાર સુધીમાં ૧૨૨ ખેલાડીઓનો તેમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

# રોહિત શર્મા વનડેમાંથી લેશે સંન્યાસ? ૨૦૨૭ વર્લ્ડકપ માટે બીસીસીઆઈની તૈયારી!



ટીમ ઈન્ડિયાના દિગ્ગજ બેટ્સમેન અને કેપ્ટન રોહિત શર્માનું ૨૦૨૭નો વર્લ્ડકપ રમવાનું સ્વપ્ન હવે મુશ્કેલીમાં મુકાય તેવું લાગી રહ્યું છે. ૨૦૨૭માં દક્ષિણ આફ્રિકામાં આગામી ODI વર્લ્ડકપ થશે, ત્યાં સુધીમાં રોહિત ૪૦ વર્ષનો થઈ જશે.

આ પરિસ્થિતિમાં, જો તમામ મીડિયા રિપોર્ટ્સ પર વિશ્વાસ કરવામાં આવે તો, ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડેૈ ટીમમાં નેતૃત્વ પરિવર્તનની યોજના બનાવી રહ્યું છે.મીડિયા રિપોર્ટ મુજબ BCCIને આશા હતી કે રોહિત શર્મા ટેસ્ટ સંન્યાસ લેવાની સાથે સાથે વનડેમાંથી પણ સંન્યાસ લઈ લેશે, પરંતુ ૩૮ વર્ષના રોહિત શર્માએ બધાને ચોંકાવીને વનડે ક્રિકેટ રમવાનો નિર્ણય લીધો કારણ કે ૨૦૨૭ વર્લ્ડકપનું સ્વપ્ન પૂર્ણ થઈ શકે. રોહિતે ભારતને ૨૦૨૩ વર્લ્ડકપની ફાઈનલમાં પહોંચાડ્યું હતું, પરંતુ તે ટાઈટલ જીતવાનું ચૂકી ગયો હતો.આ પછી, તેને ભારતને્ ૨૦ વર્લ્ડકપ અને ૨૦૨૫ ચેમ્પિયન્સ ટ્રોફી જીતાડી. ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઈનલ જીત્યા પછી, રોહિતે કહ્યું હતું કે, "એક બીજી વાત - હું ODI ક્રિકેટમાંથી સંન્યાસ લેવાનો નથી. જેથી કોઈ અફવાઓ ન ફેલાય.મીડિયા રિપોર્ટ મુજબ BCCI હવે વનડે ટીમમાં ફેરફાર કરવાનું વિચારી રહ્યું છે. ટીમ મેનેજમેન્ટ આ ફોર્મેટની કમાન પણ ભવિષ્યને ધ્યાનમાં રાખીને એક યુવા ખેલાડીને સોંપવા માંગે છે. BCCI પાસે ૨૦૨૭ વર્લ્ડકપ પહેલા ૨૭ વનડેમેચ છે, જે નવા કેપ્ટનને તૈયાર કરવાની સારી તક મળશે. સૂત્રોના જણાવ્યા મુજબ રોહિત શર્માની જગ્યાએ શ્રેયસ ઐયરને કેપ્ટનશીપ મળી શકે છે. શ્રેયસ ઐયરે IPLમાં ત્રણ ટીમોનું નેતૃત્વ કર્યું છે અને મુંબઈ માટે સૈયદ મુશ્તાક અલી ટ્રોફી પણ જીતી છે.હાલમાં શ્રેયસ ઐયર માત્ર વનડે રમે છે, પરંતુ આ IPL પછી તેને T૨૦ અને ટેસ્ટ ક્રિકેટથી દૂર રાખવો મુશ્કેલ બનશે. હવે તે ઓફિશિયલ રીતે વ્હાઈટ બોલની કેપ્ટનશીપની રેસમાં જોડાઈ ગયો છે. તમને જણાવી દઈએ કે T૨૦ વર્લ્ડકપ જીત્યા પછી, રોહિતે T૨૦માંથી નિવૃત્તિ લીધી હતી. તાજેતરમાં રોહિતે ટેસ્ટ ક્રિકેટને પણ અલવિદા કહ્યું હતું. પરંતુ તેને સ્પષ્ટ કરી દીધું હતું કે તે ૨૦૨૭નો વર્લ્ડકપ રમવા માગે છે.

# ઈન્ડિયાના ખેલાડીએ સાથી ક્રિકેટર સાથે કર્યો દગો! શતક પહેલા ડિક્લેર કરી ઈનિંગ

ઈન્ડિયા એ અને ઈંગ્લેન્ડ લાયન્સ વચ્ચે રમાયેલી બીજી અનઓફિશિયલ ટેસ્ટ મેચ ચોથા અને અંતિમ દિવસે ડ્રો રહી હતી. તનુષ કોટિયનની શાનદાર બેટિંગ અને અંશુલ કંબોજ સાથે આઠમી વિકેટ માટે ૧૪૯ રનની પાર્ટનરશિપના આધારે ઈન્ડિયા એએ ઈંગ્લેન્ડ લાયન્સ માટે ૪૩૯ રનનો ટાર્ગેટ આપ્યો હતો.દિવસની રમતના અંત સુધીમાં ઈંગ્લેન્ડ લાયન્સ ટીમ ત્રણ વિકેટે ૩૨ રન બનાવી શકી હતી. બીજા દાવમાં ઈન્ડિયા એ માટે અંશુલ કંબોજે ૨ વિકેટ લીધી, જ્યારે તુષાર દેશપાંડેને એક વિકેટ મળી.તનુષ-કંબોજની શાનદાર પાર્ટનરશિપની મદદથી ઈન્ડિયા છ એ ૭ વિકેટે ૪૧૭ રન પર પોતાનો બીજો દાવ ડિક્લેર કર્યો. ઈન્ડિયા છ એ કુલ ૪૩૮ રનની લીડ મેળવી અને ઈંગ્લેન્ડ લાયન્સ માટે જીત માટે ૪૩૯ રનનો ટાર્ગેટ આપ્યો. તનુષ કોટિયન સદી તરફ આગળ વધી રહ્યો હતો પરંતુ પછી ટી બ્રેકનું એનાઉન્ટમેન્ટ કરવામાં આવ્યું.ત્રીજું સેશન શરૂ થાય તે પહેલાં ઈન્ડિયા છ એ ઈનિંગ્સ ડિક્લેર કરવાનો નિર્ણય લીધો. તનુષ કોટિયન ૧૦૮ બોલમાં ૧૦ ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી ૯૦ રન બનાવીને અણનમ રહ્યો અને અંશુલ કંબોજ ૮૬ બોલમાં પાંચ ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી ૫૧ રન બનાવીને અણનમ રહ્યો. આ બંને બેટ્સમેનોએ શાનદાર પાર્ટનરશિપ કરી અને બીજા સેશનમાં ઈંગ્લેન્ડ લાયન્સને એક પણ સફળતા મેળવવા દીધી નહી.



# શ્રી સોરઠીયા રોહીદાસ જ્ઞાતિ શૈક્ષણિક ટ્રસ્ટ દ્વારા નિઃશુલ્ક નોટબુકનું વિતરણ



શ્રી સોરઠીયા રોહીદાસ વંશી જ્ઞાતિ શૈક્ષણિક ટ્રસ્ટ,સુરત દ્વારા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે વિનામૂલ્ય નોટબુક વિતરણ તારીખ ૮ જુન ૨૦૨૫ ભરીમાતા કોમ્યુનિટી હોલ ખાતે સાંજે ૫ કલાકે આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ૨૪ સુરત લોકસભાના સાંસદ શ્રી મુકેશભાઈ દલાલ તથા સુરત મહાનગર ભાજપના પૂર્વ ઉપપ્રમુખ છોટુભાઈ પાટીલ તથા સામાજિક અગ્રણી અશોકભાઈ ગોહિલ, કિશોરભાઈ ડોડીયા, અશોકભાઈ ડોડીયા, ગીરીશભાઈ સોલંકી અને કેતનભાઈ વાટવેશા તથા સમાજીક આગેવાનો હાજર રહ્યા હતા.

# સારા કાર્યો કરવાનો એક ફાયદો છે કે કોઈ સન્માન કરે કે ના કરે પણ આપણો અંતરાત્મા જરૂર આપણું સન્માન કરે

મન ચંગા તો કથરોટમાં ગંગા,અન્ન તેવા ઓડકાર.શુદ્ધ આચાર હોય તો શુદ્ધ વિચાર આવી શકે છે. જળશુદ્ધિ અને અન્ન શુદ્ધિ રાખવા જોઈએ.પરીક્ષિતના આચાર અતિશુદ્ધ હતા.એટલેકે ધર્મશાસ્ત્ર ની મર્યાદા અનુસાર હતા.તેથી કળિ પુરુષ તેમાં પ્રવેશ કરી શકતો નથી કળિ એ વિચાર્યું કે,પરીક્ષિત કાંઈક પણ પાપ કરે તો તેમાં પ્રવેશ કરવાનું ફાવે રાજાના મનમાં પહેલો પ્રવેશ કરું,તો પ્રજામાં પ્રવેશ મળી શકે.

આજે સમાજને સુધારવું અશક્ય જેવું બન્યું છે,પરંતુ વ્યક્તિગત જીવન સુધરી શકે છે.આચાર વિચાર જેના શુદ્ધ હોય તેના ઘરમાં કળિ આવી શકશે નહીં. જેના ઘરમાં નિત્ય શ્રીકૃષ્ણ કીર્તન શ્રી કૃષ્ણની સેવા થતાં હોય તેના ઘરમાં કળિ પ્રવેશ કરી શકતોનથી આચાર ધર્મ જે છોડે છે,તેના વિચાર શુદ્ધ રહેતા નથી. ધર્મએ પિતા છે. ધર્મએ માતા છે. પત્ની પસંદગી હોય,માની પસંદગી હોય નહી.ધર્મ બદલી ન શકાય. વર્ણાશ્રમ ધર્મનું પાલન કરવાથી આચાર શુદ્ધ બને છે. ગાયની સેવા ખૂબ કરવી.ગાય ઘાસ ખાય છે અને આપે છે દૂધ. ગાયનું દૂધ દોહ્યા પછી ઉકરડા અને શેરી મહોલ્લામાં જાહેર માર્ગ પર ખોરાક શોધતી રખડતી મુકવી એ મહા પાપ છે.ગાય કે કોઈપણ પશુ પક્ષીઓને ઘાસચારો કે ચણ જાહેર માર્ગમાં કે કોઈને તકલીફ પડે તેવા સ્થળે નાખવોએ પુણ્યનું કામ નહી પણ પાપ અપરાધ છે. પૂણ્ય અવશ્ય કરીએ તેનું પાલન કરીને દેશના અનેક ભાગોમાં પાંજરાપોળ ગૌશાળાઓ ચાલે છે દાતાઓ અને સરકાર દ્વારા દાન ગ્રાન્ટ મળે છે પણ આજે આપણા રાજ્યની વાત કરીએ તો જાહેર માર્ગો સોસાયટી મહોલ્લાઓમાં જે રીતે ગૌ ગૌવંશ રખડી રહયા છે તે યોગ્ય છે?જરા વિચાર જો તેના માટે કોણ જવાબદાર? જો ભગવાને સંપત્તિ આપી હોય તો ગાય રાખજો જીવમાત્રમાં પરમા ત્મા છે,પણ દરેકનું શરીર જુદું છે. કર્મ જુદું છે તેથી દરેકનું પાણી પીવું કે દરેક સાથે ભોજન લેવું ઈષ્ટ નથી.

આપણે હમણાં જ ભીમ નિર્જળા એકાદશીની ઉજવણી કરી.એવું કહ્યું છે કે એકાદશીએ અન્ન ન ખવાય.એકાદશીના દિવસે ઉપ વાસ કરવોએ ધર્મછે,પણઆપણાં શાસ્ત્રો કહે છેતે આપણે માનતા નથી.મારે આજે તો ઉપવાસ એકટાણું છે સવારે ફ્રુટનો જ્યુસ જ પીધો ને બે કેળાં સફરજન એક વાટકો દૂધ સિવાય કંઈ જ લીધું નથી. બપોરે રાજગરાના લોટનો શીરો, પુરી,મોરૈયો, બટેટા ની સુક્કી ભાજી, વાટકો દહી સિવાય કંઇ જ લીધું નથી.અલ્યા આ તારું એકટાણું ઉપવાસ કરતાં રોજ નિયમિત જે ખાય છે તે ખા. દાક્તર કહે છે કે, ટાઈફોઈડ થયો છે માટે એકવીસ દિવસ અનાજ નહી લેવાય.તો તરત તેનું માનીને ઉપ વાસ કરીએ છીએ.જે શાસ્ત્ર ની મર્યાદા તોડે તેના ઘરમાં કલિ આવે છે.આચાર વિચાર શુદ્ધ હોય તો કલિ તમારામાં પ્રવેશી શકે નહી. વ્યવહારમાં શુદ્ધિ જોઈએ. સત્ય પૂર્વક વ્યવહાર ન કરે અને પૂનમે પુનમે સત્ય નારાયણની પૂજા-કથા કરે,તો તેથી કાંઈ વળે નહીં. અસત્ય બોલનારની પૂજા ભગવાન સ્વીકારતા નથી. એક દિવસ આશ્ચર્યકારક બનાવ બન્યો. પરીક્ષિત દિગ્વિજય કરી કરતા ફરતા સરસ્વતી નદીનાં કિનારે આવ્યા.ત્યાં ગાય-બળદને એકકાળો પુરુષ લાકડીથી મારતો હતો.ધર્મ એ બળદનું સ્વરૂપ છે. ગાયએ પૃથ્વીનું સ્વરૂપ છે. ગાયની આંખમાંથી આંસુઓ વહી રહ્યાં છે ધર્મરૂપ બળદ તેને દુઃખનું કારણ પૂછે છે. પૃથ્વી કહે છે, શ્રીકૃષ્ણે આ પૃથ્વી ઉપરની લીલા સંકેલી લીધી. એટલે આ સંસાર પાપમય કળિયુગની કુદષ્ટિનો શિકાર બની ગયો છે. ધર્મની મર્યાદાનું બરાબર પાલન કરશો,તો જ્ઞાન આપોઆપ પ્રગટ થશે. ધર્મ ઉપર આરુઢ રહેશો તો જ્ઞાનગંગા આવશે. શિવજી નંદી ઉપર આરુઢ છે,ધર્મ ઉપર આરુઢ છે એટલે તેમને માથે જ્ઞાનગંગા છે. ધર્મના ચાર અંગો મુખ્ય છેઃ સત્ય, તપ, પવિત્રતા અને દયા.એચારેનો સરવાળોએ ધર્મ.ધર્મ ત્રણ પગ ઉપર ટકી રહ્યો એટલે તે યુગ નું નામ પડયું ત્રેતાયુગ ધર્મ બે પગ ઉપર ટકી રહ્યો તે યુગનું નામ દ્વાપર અને એક પગ ઉપર ધર્મ રહ્યો તેનું નામ પડ્યું કળિયુગ. સત્ય એ જ પરમાત્મા છે. સત્ય પરમાત્માથી ભિન્ન નથી.જ્યાં સત્ય છે ત્યાં જ પરમાત્મા છે. અસત્ય બોલે છે તેના પુણ્યનો ક્ષય થાય છે.સત્ય દ્વારા નર-નારાયણ પાસે જઈ શકાય છે. હિતભાષી,મીતભાષી હોય તે સત્યવાદી બની શકે છે. તપથી કેવળ સુખ ભોગવશો નહીં થોડી તપશ્ચર્યા રોજ કરો.જે દરેક પ્રકારનું લૌકિક સુખ ભોગવે છે, તેના ઉપર પરમાત્મા કૃપા કરતા નથી.દુઃખ સહન કરી પરમાત્માની આરાધના કરો એ તપ.દુઃખ સહન કરી જે પ્રભુ ભજન કરે છે તેશ્રેષ્ઠ લૂલી માર્ગ તે ભૂલીને આપશો નહીં થોડું સહન કરો.ઈન્દ્રિયોનો સ્વામી આત્મા છે.ઈન્દ્રિય માગે તે તેને આપે તો તે ઈન્દ્રિયનો ગુલામ બને છે.ભગવાનના માટે દુઃખ સહન કરવું કષ્ટ ભોગવવુંએ તપ પવિત્રતા કળિયુગમાં પવિત્રતા રહી નથી. બહારથી બધા પવિત્ર લાગે છે,પણ અંદરથી મિલન થયા છે. કપડાંને પડેલો ડાઘ જશે, કાળજા ને પડેલો ડાઘો જશે નહીં. જીવાત્મા બધું છોડીને જાય છે, ત્યારે પણ મનને સાથે લઈ જાય છે.

પૂર્વજન્મનું શરીર રહ્યું નથી પણ મન રહ્યું છે.લોકો અનાજ,વસ્ત્ર, અથાણાં ન બગડે તેની અતિશય કાળજી રાખે છે.પણ મર્યા પછી જે સાથે આવવાનું છે તે મનની કાળજી નથી રાખતા.જેવી રીતે કપડાંને સ્વચ્છ રાખોછો તેમ મનને સ્વચ્છ રાખો.સંસાર વ્યવહારનાં કાર્ય કરતાં માતા જેમ બાળકને સાચવે છે તેમ વ્યવહાર માં કરતાં ઈશ્વરનું અનુસંધાન રાખો ધર્મનું ચોથું અંગ છે દયા.શ્રુતિ એમ કહે છે,કેવળ પોતાના માટે રાંધીને ખાય છે તે અન્ન ખાતો નથી પણ પાપ ખાય છે.ધર્મના ચાર ચરણો માં સત્ય સર્વોપરી છે.લક્ષ્મી ચંચળ છે. અમુક પેઢીએ તો તે જવાની જ. મધ્ય ભારતમાં સત્યદેવ રાજાની કથા આવે છે. એક દિવસ પ્રાતઃકાળે રાજા સત્ય દેવે પોતાના ઘરમાંથી એક સુંદર સ્ત્રીને બહાર નીકળતી જોઈ રાજાને આશ્ચર્ય થયું.તેણે પેલી સ્ત્રીને પૂછ્યું કે, આપ કોણ છો? સ્ત્રીએ જવાબ આપ્યો, મારું નામ લક્ષ્મી.હું તારા ઘરમાંથી જવામાગું છું.રાજાએ કહ્યું,ભલે,આપ જઈ શકો છો. થોડીવારે એક સુંદર પુરુષ ઘર માંથી બહાર નીકળ્યો.પૂછ્યું, આપ કોણ છો? તે પુરુષે જવાબ આપ્યો કે, મારું નામ દાન.લક્ષ્મી અત્રેથી ચાલી ગઈ એટલે તમે દાન ક્યાંથી કરી શકશો? એટલે લક્ષ્મી સાથે હું પણ જાઉંછું.રાજાએકહ્યું ભલે,તમે પણ જઈ શકો છો. થોડીવારે એક ત્રીજો પુરુષ ઘરની બહાર આવ્યો.રાજાએ પૂછયું, તમારું નામ? ત્રીજા પુરુષે જવાબ આપ્યો,મારું નામ સદાચાર. તમારે ત્યાંથી લક્ષ્મી અને દાનગયાં તો હું પણ જાઉં છું.રાજાએ કહ્યું, તમે પણ જઈ શકો છો.ત્યારબાદ એક ચોથો પુરુષ ઘરની બહાર નીકળ્યો.પૂછ્યું,આપ કોણ છો? તે પુરુષે જવાબ આપ્યો મારું નામ યશ છે. તમારે ત્યાંથી લક્ષ્મી, દાન અને સદાચાર ચાલ્યા દેયા, તો અરે ત્રણે વિના હું અત્રે કેવી રીતે રહી શકું? સત્યદેવે કહ્યું ઠીક, આપ પણ જઈ શકો છો તે પછી થોડીવારે એક સુંદર યુવાન પુરુષ બહાર નીકળ્યો.તમે કોણ છો? તમારું નામ શું ?તે પુરુષે જવાબ આપ્યો. મારું નામ સત્ય. તારામાંથી લક્ષ્મી,દાન, સદાચાર, યશ ચાલ્યાં ગયાં,તો હું પણ તેઓ ની સાથે જઈશ.ત્યારે સત્યદેવે કહ્યું કે,મેં તમને કોઈ દિવસ છોડયા નથી.તમે મને શા માટે છોડીને જાવ છો? અને તમારી જ ખાતર તો મેં સઘળાં લક્ષ્મી વગેરે વગેરેનો ત્યાગ કર્યો. તમને હું નહી જવા દઉં? સત્ય ન જઈ શકયું. તે રહી ગયું એટલે યશ સદાચાર, દાન લક્ષ્મી, પરંત આવ્યાં.સત્ય હોય ત્યાં આ બધા એ આવવું જ પડે. સત્ય વગરની કીર્તિ સદાચાર, દાન. લક્ષ્મી શું કામના. વાચક, ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત,ગરમીએ કેટલાય વર્ષનો રેકોર્ડ તોડી નાખ્યો હોય તેવું લાગે છે ત્યારે આપણે કુદરતને પ્રાર્થના કરીએ કે મેઘરાજા કૃષિ અબોલ જીવોનું રક્ષણ પોષણ થાય તેવી મહેરબાની કરો. બસ અહીં અટકીએ અસ્તુ.

**યશપાલસિંહ ટી વાઘેલા**
**દરબારગઢ શ્રી ઓગડ વિદ્યા મંદિર થરા**



# રુબીક ક્યુબ સ્પર્ધાનું સફળ આયોજન

## પ્રયાને માત્ર ૪૧ સેકન્ડમાં જ ક્યુબ પૂરો કર્યો

સુરત, તા.૧૦

રુબીક ક્યુબ એક ખૂબ જ સરસ મગજની કસરત છે. જે રમવાથી માનસિક વિકાસ થાય છે, ધ્યાન ધરવાની ક્ષમતા વધે છે, એકાગ્રતા કેળવાય છે ઉપરાંત યાદશક્તિ પણ વધે છે. બાળકોને શરૂઆતથી જ સારી રમતોમાં પરોવીશું તો તેઓ મોબાઈલ, ટીવી તથા અન્ય દુષણોથી દૂર રહેશે તથા તેઓનું માનસિક સ્તર પણ ખૂબ જ ઊંચું આવે છે. આ કારણસર જ આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રકારની રમતનું આયોજન કરવાથી અન્ય બાળકોને પણ ક્યુબ ઉકેલવાનું પ્રોત્સાહન મળે છે. ફેમિલી ફિઝિશિયન્સ એસોસિએશન સુરતના ઉપક્રમે યોજાયેલ સ્વ. શશીકાંત જરદોશ રુબીક ક્યુબ સ્પર્ધા નું પરિણામ નીચે મુજબ છે.વિભાગ ૨ - ૧૦ વર્ષ થી ૧૨ વર્ષ (૧) પ્રયાન નિગમ શાહ ૪૧ સેકંડ (૨) નક્ષ કૃણાલ ગજ્જર ૪૯ સેકંડ (૩) આરુષ રોહિત અપારનાથી ૬૭ સેકંડ વિભાગ ૧ ૬ વર્ષ થી ૯ વર્ષ (૧) નીવ જય જરદોશ ૭૩ સેકંડ (૨) અથર્વ નૈતિક મહેતા ૮૭ સેકંડ (૩) સ્નેહ સંજયકુમાર પટેલ ૧૧૨ સેકંડ. ડૉ મૃદુલાબેન બંકિમભાઈ દેસાઈ અતિથિ વિશેષ તરીકે હાજર રહ્યા હતા. સ્પર્ધાને સફળ બનાવવા માટે ડૉ ચંદ્રેશ જરદોશ , ડૉ વિનોદરાય પટેલ , ડૉ અજીત મહેશ્વરી, ડૉ સ્નેહલ તલાટી એ ખૂબ જ જહેમત ઉઠાવી હતી.

# આર.બી.એસ.કે. યોજના થકી એક નહીં, બે વખત થયા હેમિલના ઓપરેશન

## આજે હેમિલ સ્વસ્થ છે અને ધો.૪માં અભ્યાસ કરે છે

સુરત, તા.૧૦

બારડોલી તાલુકાના મસાડ ગામના ખેડૂત પરિવારનો પુત્ર હેમિલ જન્મથી જ ખાસ પ્રકારની શારીરિક ખામી લઈને જન્મ્યો હતો. હોઠના ભાગમાં જગ્યા ન હોવી અને તાળવા (પેલેટ) નો વિકાસ ન થવો એ બે ગંભીર ખામીઓ તેના જીવનમાં અવરોધરૂપ બની હતી. તબીબી ભાષામાં એવી સ્થિતિને ''ક્લેફ્ટ લિપ એન્ડ પેલેટ'' (Cleft Lip and Palate) તરીકે ઓળખવામાં આવે છે. જ્યાં બાળકને ખાવા, પીવા અને બોલવામાં મુશ્કેલી થતી હોય છે, ત્યારે સરકારની આર.બી.એસ.કે. યોજના થકી એક નહીં, બે વખત હેમિલના નિઃશુલ્ક ઓપરેશન કરાયા છે. જન્મ પછી ૭મા માસે હોઠ અને ૯ વર્ષની ઉંમરે તાળવાનું ઓપરેશન RBSK યોજના હેઠળ સફળતાપૂર્વક કરવામાં આવ્યું છે. હેમિલ અને તેના પરિવાર માટે રાજ્ય સરકારની આ યોજનાએ નવી ખુશીઓની ભેટ આપી છે.હેમિલના પિતા ધર્મેન્દ્રભાઈ પટેલે જણાવ્યું કે, મારા બાળકને જન્મથી જ હોઠ અને તાળવાની ખામી હતી. જ્યારે દિકરો ૭ મહિનાનો થયો ત્યારે ઈમ્જીદ્ધ (રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ)ની ટીમ ગામમાં તપાસ માટે આવી, જ્યાં અમને સરકારની યોજના વિશે સમજ આપી નિઃશુલ્ક ઓપરેશન થતું હોવાનું જણાવી અમને યુ.એન.એમ. ચિલ્ડ્રન હોસ્પિટલ-કામરેજમાં સારવાર માટે માર્ગદર્શન આપ્યું. ત્યારબાદ ઈમ્જીદ્ધ હેઠળ હેમિલના હોઠનું સફળ ઓપરેશન કરવામાં આવ્યું. પરંતુ હેમિલ અને અમારા પરિવારને વધુ એક સંઘર્ષમાંથી પસાર થવું પડ્યું જ્યારે તે ૯ વર્ષનો થયો ત્યારે તાળવાની સમસ્યાને લઈ વધુ એક ઓપરેશન જરૂરી બન્યું.

# શૈક્ષણિક ક્ષેત્રના ૫૨ કર્મીઓનો વિદાયમાન સમારંભ યોજાયો

## વયનિવૃત્ત કર્મચારીઓને સેવા નિવૃત્તિ લાભો અને લાસ્ટ પે સર્ટિફિકેટ એનાયત કરાયા

સુરત, તા.૧૦

જિલ્લા કલેકટર ડૉ.સૌરભ પારધીના અધ્યક્ષસ્થાને જિલ્લા સેવા સદન ખાતે શિક્ષણાધિકારીની કચેરી-સુરતના ઉપક્રમે નિવૃત્ત થયેલા અનુદાનિત શાળાઓના વિવિધ સંવર્ગના કર્મચારીઓ, આચાર્ય, મદદનીશ શિક્ષક, ક્લાર્ક, સેવક સહિત ૫૨ (બાવન) કર્મચારીઓનો વિદાય સમારંભ યોજાયો હતો. વયનિવૃત કર્મચારીઓને સેવાનિવૃત્તિ લાભો અને લાસ્ટ પે સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યા હતા. કલેક્ટરશ્રી તેમજ જિલ્લા વિકાસ અધિકારી શ્રીમતી શિવાની ગોયલે નિવૃત જીવનમાં સૌનું આરોગ્ય નિરામય રહે, નિવૃત્તિના સમયમાં પોતાના પરિવાર અને સમાજને પોતાનો સમય ફાળવે તથા પોતાની મનગમતી પ્રવૃત્તિ અને શોખને માણે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી. જિલ્લા શિક્ષણાધિકારી ડૉ. ભગીરથસિંહ પરમારે સમગ્ર નોકરી દરમિયાન શિક્ષણકાર્ય કરી જ્ઞાનપ્રકાશ ફેલાવ્યો તેનો આનંદ વ્યક્ત કરી નિવૃત જીવનમાં પ્રવૃત્ત રહેવા પોતાના અનુભવજ્ઞાનનો ફાયદો માતૃસંસ્થાને અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને મળતો રહે તે આશયથી ભણાવવાનું કાર્ય ન છોડવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે DEO કચેરીના વહીવટી અધિકારી એન.બી.જોશી, શિક્ષણ નિરીક્ષક હિમાંશુભાઈ બારોટ, સંગિતાબેન મિસ્ત્રી, નરેન્દ્રભાઇ વસાવા, તેજલબેન રાવ, હેડ ક્લાર્ક અનિલભાઈ ચૌધરી તથા કચેરીના ક્લાર્ક વિપુલભાઈ, મનોજભાઈ તથા કચેરીના તમામ મદદનીશ શિક્ષણ નિરીક્ષકો અને નિવૃત્ત કર્મચારીઓના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ITI માંડવી સાથે ઈન્ડસ્ટ્રીયલ પાર્ટનર તરીકે જોડાવાની તક

સુરત, તા.૧૦

કેન્દ્ર સરકારની નાણાકીય સહાયથી વ્યવસાયિક તાલીમની ગુણવત્તામાં સુધારાના હેતુસર 'પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ' (PPP) પદ્ધતિ દ્વારા ITI - ઔદ્યોગિક તાલીમ સંસ્થા-માંડવીને નેતૃત્વ પૂરુ પાડવા માટે તાલીમ ક્ષેત્રે ઈન્ડસ્ટ્રી પાર્ટનર તરીકે જોડાવા યોગ્ય પાત્રતા ધરાવતા ઉદ્યોગો પાસેથી અરજીઓ મંગાવવામાં આવી છે. ઉદ્યોગ એકમ સુરત જિલ્લામાં અથવા મહત્તમ ૧૦૦ કિ.મીની હદમાં આવેલો હોવું જોઈએ. ઉદ્યોગનું વાર્ષિક ટર્નઓવર ઓછામાં ઓછું ૧૦ કરોડ હોવું જોઈએ તથા તે છેલ્લા પાંચ વર્ષથી કાર્યરત અને ૨૫ કર્મચારીઓ ધરાવતાં હોવા જરૂરી છે. આ અંગેની અરજી R.P.A.D અથવા સ્પીડ પોસ્ટ દ્વારા ૩૦-૦૬-૨૦૨૫ સુધી મોકલવાની રહેશે. અરજીનું ફોર્મ વેબસાઈટ www.talimrojgar.gujarat.gov.in પર જોવા મળશે. અન્ય કોઈ ક્વેરી માટે ppbranch@gujarat.gov.in પર ઈ-મેઈલ કરીને સંપર્ક કરવા ઔદ્યોગિક તાલીમ સંસ્થાના આચાર્યની યાદીમાં જણાવાયું છે.

### ૬ રાજ્યોમાં

પહેલા પાનાનું ચાલુ

૫૯ ટકા ઓછો વરસાદ નોંધાયો હતો. આ વર્ષે દક્ષિણપશ્ચિમ ચોમાસું ૨૬ મેના રોજ આંધ્રપ્રદેશ પહોંચ્યું હતું, જે તેની સામાન્ય તારીખ ૪ જૂનના ૯ દિવસ પહેલા હતું.

આ દિવસો દરમિયાન રાજ્યમાં સરેરાશ ૨૪.૪ મીમી વરસાદની સામે માત્ર ૧૦.૧ મીમી વરસાદ નોંધાયો હતો. સમગ્ર રાજ્યના ચાર જિલ્લાઓ - કોનસીમા, બાપટલા, પૂર્વ ગોદાવરી અને કૃષ્ણા, તેમજ કેન્દ્રશાસિત પ્રદેશ પુડુચેરીના એક ખાસ વિસ્તારમાં પહેલા ૯ દિવસમાં કોઈ વરસાદ પડ્યો નથી.

દરિયાકાંઠાના આંધ્રપ્રદેશમાં, યાનમ વિભાગના બે જિલ્લા અનાકાપલ્લી-વિજયનગરમમાં સામાન્ય વરસાદ થયો છે. શ્રીકાકુલમમાં વધુ વરસાદ થયો હતો. એલુરુમાં ૮૦%, ગુંટુરમાં ૯૫%, કાકીનાડામાં ૬૬%, NTR 81%, SPSR નેલ્લોરમાં ૬૪% અને પશ્ચિમ ગોદાવરી જિલ્લામાં ૯૬% ઓછો વરસાદ નોંધાયો છે.

### ઈ-પાસપોર્ટ

પહેલા પાનાનું ચાલુ

બાયોમેટ્રીક ડેટા હોય છે.ઠગાઈ કરવી મુશ્કેલ બનશેઃ ઈ-પાસપોર્ટને વધુ સુરક્ષિત માનવામાં આવે છે. પાસપોર્ટ વિભાગનું કહેવું છે કે, ઈ-પાસપોર્ટ ઈ-પાસપોર્ટમાં છેડછાડ, ઠગાઈ, નકલી પાસપોર્ટ જેવી આપરાધિક ગતિવિધિ નહીં થઈ શકે. જૂના પાસપોર્ટની માન્યતાની તારીખ માન્ય છે, તેને હજુ બદલવાની જરૂર નથી.

### ચૂંટણી પંચે

પહેલા પાનાનું ચાલુ

પ્રમુખ કોનરાડ સંગમા અને સીપીઆઈ(એમ) ના ટોચના નેતૃત્વએ આ બેઠકોમાં ભાગ લીધો હતો.જો કમિશનના સૂત્રોનું માનીએ તો, કોંગ્રેસ સાથે તેની બેઠક ૧૫ મેના રોજ પ્રસ્તાવિત હતી, પરંતુ ઓપરેશન સિંદૂરને ધ્યાનમાં રાખીને, કોંગ્રેસે આ બેઠક મુલતવી રાખવા વિનંતી કરી હતી.

આવી સ્થિતિમાં, કમિશન ટૂંક સમયમાં ચૂંટણી મુદ્દાઓ પર કોંગ્રેસનો અભિપ્રાય જાણવા માંગે છે, જેથી તે તેને સંતુષ્ટ કરવાની દિશામાં આગળ વધી શકીએ છીએ. જો કમિશનનું માનીએ તો, આ વખતે પહેલીવાર બસપા સુપ્રીમો માયાવતી પણ કમિશનની બેઠકમાં હાજરી આપી.સૂત્રોના જણાવ્યા અનુસાર, કમિશન ઈચ્છે છે કે રાહુલ ગાંધી કોંગ્રેસ સાથેની બેઠકમાં ભાગ લે કારણ કે તેઓ જ ચૂંટણી સંબંધિત સૌથી વધુ પ્રશ્નો જાહેરમાં ઉઠાવી રહ્યા છે.કમિશન ઈચ્છે છે કે તેઓ બેસીને તેમના પ્રશ્નોના તથ્યપૂર્ણ જવાબો આપે. ઉપરાંત, જો કોઈ નવો પ્રશ્ન ઉઠાવવામાં આવે છે, તો તેનો પણ જવાબ આપવો જોઈએ. સૂત્રો કહે છે કે કમિશન તેમના બધા પ્રશ્નોના પારદર્શિતા સાથે જવાબ આપવા તૈયાર છે.જો તેઓ તેમની સાથે બેસે અથવા તેમને તેમના વાંધાઓ લેખિતમાં જણાવે.

નોંધનીય છે કે, કમિશને રાજકીય પક્ષોને પૂછ્યું છે.ચૂંટણી પ્રણાલી પર ઉભા થઈ રહેલા પ્રશ્નોને ધ્યાનમાં રાખીને પક્ષો સાથે ચૂંટણી ચર્ચાનું આ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આ સમયગાળા દરમિયાન, રાજકીય પક્ષો સાથે વિશ્વાસ વધારવા માટે તેણે અત્યાર સુધીમાં લગભગ ૪,૭૧૯ બેઠકો યોજી છે.આમાંથી ૩,૮૭૧ બેઠકો વિધાનસભા સ્તરે યોજાઈ છે, જ્યારે જિલ્લા અને રાજ્ય સ્તરે પણ આવી જ બેઠકો યોજાઈ છે. તમામ રાજકીય પક્ષોના લગભગ ૨૮ હજાર પ્રતિનિધિઓએ તેમાં ભાગ લીધો છે.

### વાહનોના

પહેલા પાનાનું ચાલુ

મંત્રાલયની મંજૂરી બાદ એક ડ્રાફ્ટ નોટિફીકેશન જાહેર કરવામાં આવશે.ત્યારબાદ અન્ય પ્રક્રિયા જેમ કે સુચન લેવા અને સમીક્ષા કરવામાં આવશે. ત્યારબાદ ફેરફાર લાગુ થશે.મોટર થર્ડ પાર્ટી વીમો મોટર વાહન અધિનિયમ અંતર્ગત ફરજીયાત છે. આ વીમો આપના વાહન સાથે દુર્ઘટનાની સ્થિતિમાં ત્રીજી વ્યક્તિ (જેમ કે રાહદારી અન્ય વાહન ચાલક કે તેની સંપતિ)ને થનારા નુકશાનની ભરપાઈ કરે છે જોકે તે આપને અને આપના વાહનને થનારા નુકશાનને કવર નથી કરતો, બલકે બીજાને થયેલા નુકશાનને સુરક્ષા આપે છે.

૧.૬ પાર્ટી વીમા વિનં વાહન ચલાવવું અપરાધ છે અને દંડ અને કાનુની કાર્યવાહી પણ થઈ શકે છે તે કાર ચાલકને નાણા બોજથી બચાવે છે જો ભુલથી અન્ય કોઈને નુકશાન થાય તો ઈુસ્યોરન્સ કંપની તેની ભરપાઈ કરે છે તેમાં ત્રીજી વ્યકિતને ઈજા કે મૃત્યુ થવા પર વળતર છે. જયારે ત્રીજા વ્યકિતની સંપતિ (જેમ કે બીજી ગાડી, દુકાન, ઘર)ને નુકશાન થવા પર વળતર પણ સામેલ છે.

ઈુસ્યોરન્સ એકસપર્ટસ અનુસાર ટુ વ્હીલ્સનું પ્રિમીયમ વધશે દાખલા તરીકે ૩૫૦ સીસીનાં ટુ વ્હીલ્સનું મોર્ટ થર્ડ પાર્ટી (ટીપી) ઈુસ્યોરન્સ પ્રિમીયમ હજુ લગભગ ૨૮૦૦ રૂપિયા છે. તો ૧૮ ટકા વધારા સાથે નવા પ્રિમીયમ લગભગ ૩૩૦૦ રૂપિયા થઈ જશે.

વાર્ષિક લગભગ ૫૦૦ રૂપિયા થઈ જશે. એજ રીતે ફોર વ્હીલ્સમાં ૧૫૦૦ સીસીની કાર માટે હાલ ૭૯૦૦ રૂપિયા પ્રિમીયમ દેવુ પડે છે ત્યારે ૧૮ ટકા વધારા બાદ લગભગ ૯૮૭૦ રૂપિયા પ્રિમીયમ થઈ જશે એટલે કે ૧૪૦૦ રૂપિયા વધારે દેવા પડશે.

### લોસ એજન્સમાં

પહેલા પાનાનું ચાલુ

કાઢવાની સરકારની ઈમિગ્રેશન નીતિ સામે અમેરિકાના કેલિફોર્નિયાના લોસ એન્જલસમાં ચાર દિવસથી હિંસક વિરોધ પ્રદર્શન ચાલી રહ્યા છે. હિંસામાં અત્યાર સુધીમાં બે લોકોના મોત થયા છે.અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે જો કેલિફોર્નિયાના ગવર્નર ગેવિન ન્યૂસમની ધરપકડ કરવામાં આવે તો તે એક સારું પગલું હશે. ગેવિન લોસ એન્જલસમાં નેશનલ ગાર્ડ્સની તહેનાતીનો વિરોધ કરી રહ્યા છે. તેમનું કહેવું છે કે રાજ્ય સરકાર આ માટે ટ્રમ્પ વિરુદ્ધ કેસ દાખલ કરશે.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે જો કેલિફોર્નિયાના ગવર્નર ગેવિન ન્યૂસમની ધરપકડ કરવામાં આવે તો તે એક સારું પગલું હશે. ગેવિન લોસ એન્જલસમાં નેશનલ ગાર્ડ્સની તહેનાતીનો વિરોધ કરી રહ્યા છે. તેમનું કહેવું છે કે રાજ્ય સરકાર આ માટે ટ્રમ્પ વિરુદ્ધ કેસ કરશે.

આ પહેલા ટ્રમ્પે લોસ એન્જલસમાં હિંસા અને તોડફોડ બાદ તહેનાત નેશનલ ગાર્ડ જવાનોની પણ પ્રશંસા કરી હતી. આ જવાનોને સામાન્ય રીતે રાજ્યના ગવર્નરોના આદેશ પર બોલાવવામાં આવે છે, પરંતુ આ વખતે ટ્રમ્પે પોતે તેમને તહેનાત કર્યા છે.ટ્રમ્પે કહ્યું, "ન્યૂસમે ખૂબ જ ખરાબ કામ કર્યું છે. તેમનો સૌથી મોટો ગુનો એ છે કે તેઓ ફરીથી ગવર્નર બનવા માંગે છે." તેમણે એમ પણ કહ્યું કે તેમને ન્યૂસમ ગમે છે, પરંતુ તેઓ પ્રદર્શનમાં નબળા લાગે છે.

### મેઘાલયની સોનમ

પહેલા પાનાનું ચાલુ

રાજા હત્યા કેસમાં બોલિવૂડ અભિનેત્રી કંગના રનૌતની પ્રતિક્રિયા પણ સામે આવી છે. કંગનાએ ઓફિશિયલ સોશિયલ મીડિયા એકાઉન્ટ પર લખ્યું છે - આ કેટલું વાહિયાત છે. એક સ્ત્રી લગ્નનો ઈનકાર કરી શકતી નથી કારણ કે તે પોતાના માતા-પિતાથી ડરે છે પરંતુ તે કોન્ટ્રાક્ટ કિલર સાથે ક્રૂર હત્યાની યોજના બનાવી શકે છે. આ વાત સવારથી મારા મગજમાં છે પણ હું તેને સમજી શકતિ નથી. ઉફ્ફ, હવે મને માથાનો દુખાવો થઈ રહ્યો છે, તે છૂટાછેડા પણ લઈ શકતી નથી કે તેના પ્રેમી સાથે ભાગી પણ શકતી નથી.

આગળ અભિનેત્રી લખે છે- કેટલું ક્રૂર, ઘૃણાસ્પદ અને સૌથી વધુ વાહિયાત અને મૂર્ખ. મૂર્ખ લોકોને ક્યારેય હળવાશથી ન લેવા જોઈએ. તેઓ કોઈપણ સમાજ માટે સૌથી મોટો ખતરો છે. આપણે ઘણીવાર તેમના પર હસીએ છીએ અને વિચારીએ છીએ કે તેઓ હાનિકારક છે પરંતુ આ સાચું નથી. બુદ્ધિશાળી લોકો પોતાના ફાયદા માટે બીજાને નુકસાન પહોંચાડી શકે છે પરંતુ યાદ રાખો કે મૂર્ખ વ્યક્તિને ખબર નથી હોતી કે તે શું કરી રહ્યો છે. તમારી આસપાસના મૂર્ખોથી ખૂબ જાગૃત રહો.

### પેલેસ્ટાઈનનો સ્કાફ

પહેલા પાનાનું ચાલુ

ઉતારીને કોન્ફરન્સની બહાર લઈ ગયા હતા. આ ઘટના બાદ જો કે કોન્ફરન્સ યથાવત રહી હતી પણ અમેરિકી ટેક કંપનીઓના ઈવેન્ટમાં આ પ્રકારેની ઘટનાઓ વધી ગઈ છે.

માઈક્રોસોફટની બિલ્ડ કોન્ફરન્સમાં પણ આ પ્રકારની ઘટના બની હતી. જેમાં કંપનીના સીઈએ સત્યા નાદેડાના ઉદબોધન સમયે એક કર્મચારીએ ફ્રી-પેલેસ્ટાઈનના નારા લગાવ્યા હતા. આમ ટેક કંપનીના ઈવેન્ટમાં આ રીતે આંતરિક ધુંધવાટ બહાર આવી રહ્યો છે.

### તમાકુ નિયંત્રણ

પેજ-૨ પાનાનું ચાલુ

પ્રસંગે જિલ્લા આરોગ્ય શાખાના ઈન્ફેક્શન સ્પેશિયાલિસ્ટ ડૉ.પરેશ સુરતી, ટોબેકો સેલના મુકેશ શ્રીવાસ્તવ, ડેપો મેનેજર મનોજ ચૌધરી, M.P.H.જી ના નિલેશ લાડ સહિત એસ.ટી. કર્મચારીઓ, મુસાફરો હાજર રહ્યા હતા.

### સત્સંગ ભવનમાં

પેજ-૨ પાનાનું ચાલુ

કરે છે, તો તે તેના જીવનમાં શાશ્વત સુખ અને આનંદ પ્રાપ્ત કરે છે અને તેનું જીવન ખરા અર્થમાં સફળ બને છે કારણ કે સત્યનું જ્ઞાન જ જીવનનો મૂળ ઉદેશ્ય અર્થાત મુક્તિનો માર્ગ છે.

સત્યના જ્ઞાન પર પ્રકાશ પાડતા તેમણે કહ્યું કે બ્રહ્મજ્ઞાનના દિવ્ય પ્રકાશ દ્વારા આપણી આત્મા નો પરમાત્મા થી મિલન થઈ જાય છે ત્યારે જીવનનો દરેક અવસ્થા સહજ ભાવમાં જ પસાર થાય છે અને આપણે દરેક ક્ષણે ફક્ત કૃતજ્ઞતાનો ભાવ જ વ્યક્ત કરીએ છીએ. આ સંત સમાગમ માં સુરત ઉપરાંત, વલસાડ, નવસારી, દમણ વગેરે શહેરોમાંથી લગભગ ૧૦૦૦ નિરંકારી ભક્તોએ ખૂબ જ ઉત્સાહથી ભાગ લીધો હતો. સમાગમ દરમિયાન અનેક વક્તાઓએ અંગ્રેજી સિવાયની ભાષાઓનો ઉપયોગ કરીને ગીતો, વ્યાખ્યાનો, કવિતાઓ વગેરે દ્વારા પોતાની ભાવનાઓ વ્યક્ત કરી હતી.

### પ્રાકૃતિક ખેતી

પેજ-૨ પાનાનું ચાલુ

અને ઘાસ જેવાં કાર્બનિક પદાર્થોથી ઢાંકીને કરવામાં આવે છે જે જમીનમાં ભેજનું પ્રમાણ જાળવી રાખે છે અને તેનાથી નીંદણ પણ ઓછું ઉગે છે. કપાસ એ લાંબા ગાળાનો પાક છે, તેથી તેને સમયાંતરે પોષણની જરૂર પડે છે. આ માટે જીવામૃત કે ઘનજીવામૃતનો ઉપયોગ દર પંદર-વીસ દિવસનાં અંતરે કરવામાં આવે છે. તેનાથી છોડને જરૂરી પોષક તત્વો તો મળે જ છે, સાથે સાથે છોડની રોગ પ્રતિકારક ક્ષમતા પણ વધે છે. માટી સંજીવ જેવા પ્રવાહી જૈવ-દ્રાવણનો ઉપયોગ કપાસના સ્વાસ્થ્યને જાળવવામાં મદદ કરે છે.

કપાસની ખેતીમાં જીવાતો અને રોગ આવવા એ એક સામાન્ય સમસ્યા છે. પરંતુ રાસાયણિક જંતુનાશકોને બદલે, પ્રાકૃતિક ખેતી જંતુઓને નિયંત્રણમાં રાખવા માટે લીમડાનું તેલ, બ્રહ્માસ્ત્ર અને અગ્નિસ્ત્ર જેવાં ઘરેલું ઉકેલોનો ઉપયોગ કરવામાં આવે છે જે ફાયદાકારક જીવાતોને નુકસાન પહોંચાડતી નથી અને નુકશાનકારક જીવાતોનો નાશ કરે છે.

કપાસ પાક્યા પછી તોડવામાં આવે છે, જે સામાન્ય રીતે બે કે ત્રણ તબક્કામાં થાય છે. પ્રાકૃતિક ખેતી દ્વારા ઉત્પાદિત કપાસની ગુણવત્તા ઘણી સારી છે, કારણ કે તેમાં કોઈ પણ પ્રકારનું રસાયણ હોતું નથી. તેથી, જ્યાં ઓર્ગેનિક ઉત્પાદનોની માંગ હોય તેવાં બજારમાં તે વધુ કિંમત મેળવે છે. જો ઉપજ થોડી ઓછી હોય તો પણ ઓછા ખર્ચ અને સારા ભાવ મળવાથી ખેડૂતને એકંદરે ફાયદો થાય છે.

આમ પ્રાકૃતિક ખેતી દ્વારા કપાસનું વાવેતર કરવાથી ખેડૂતની આવક સારી થાય છે એટલું જ નહી પરંતુ જમીનનાં આરોગ્ય માટે પર્યાવરણ અને લોકોનાં આરોગ્યની રક્ષા માટે વરદાનરૂપ બની રહે છે. ખેતીની આ પદ્ધતિ આપણને પ્રકૃતિની નજીક લઈ જાય છે અને આવનારી પેઢીઓ માટે પર્યાવરણનું જતન પણ કરે છે.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

મંગળવાર, તા.૧૦ જુન ૨૦૨૫ | E-mail : pratap_darpan@yahoo.co.in | મોબાઈલ : ૯૮૨૫૫ ૩૨૫૦૫

## ડીંડોલી મધુરમ સર્કલ નજીક એડવોકેટ અભિષેક રાજપૂત પર ચપ્પુ વડે હુમલો

### પલસાણા કોર્ટમાં જતા યુવાન વકીલની બાઈક આંતરી બે અજાણ્યાઓએ ચપ્પુ હુલાવી દીધું

**(પ્રતાપ પ્રતિનિધિ),સુરત,,તા.૦૯**

છાશવારે વકીલો ઉપર થયેલા હુમલાઓ વચ્ચે સુરત શહેરમાં વધુ એક વકીલ ઉપર સરા જાહેર હુમલો થતાં સુરતના વકીલ આલમમાં વ્યાપક રોષ જોવા મળ્યો હતો. પોતાના ક્લાઈન્ટ સાથે બાઈક પર બેસી પલસાણા કોર્ટ જઈ રહેલા રહેલા નવાગામના વકીલ અભિષેક રાજપુતને ડિંડોલી મધુવન સર્કલથી આગળ નહેરવાળા રોડ ઉપર આંતરીને બે અજાણ્યા શખ્સોએ ચપ્પુ વડે હુમલો કરતા વકીલને લોહીલુહાણ હાલતમાં ખાનગી હોસ્પિ.માં ખસેડવામાં આવ્યા હતા. છેલ્લા કેટલાંક દિવસથી વકીલો પર થતા હુમલાઓને લઈને એડવોકેટ બિલ પ્રોટેક્શન એક્ટ અમલમાં લાવવા માગ ઉઠી રહી છે. બીજી તરફ આજે સુરતના જુવાનજોધ વકીલ ઉપર હુમલો થતા ભારે વકીલોની સુરક્ષા માટે ચિંતાનો વિષય બન્યો છે.

સૂત્રો પાસેથી જાણવા મળ્યુ હતુ કે.નવાગામ સ્થિત સાંઈપોઈન્ટ પાસે રહેતા અભિષેક રાજપુત ક્રિમીનલ વકીલ છે. આજે સવારે અભિષેક રાજપુત પોતાના ક્લાઈન્ટ સાથે પલસાણા કોર્ટ જવા રવાના થયા હતા. તેઓ ડિંડોલી મધુવન સર્કલથી કડોદરા તરફ જતા રસ્તા ઉપરથી પસાર થઈ રહ્યા હતા. ત્યારે અભિષેક રાજપુતનો બે બાઈક ઉપર આવેલા ૨ થી વધુ અજાણ્યા ઈસમોએ પીછો કર્યો હતો. ત્યારબાદ નહેરવાળા રોડ ઉપર પેટ્રોલપંપની સામે અભિષેકની બાઈકને ટક્કર મારી પાડી દીધો હતો અને અજાણ્યાઓએ ચપ્પુ વડે વકીલ અભિષેક ઉપર હુમલો કરી દીધો હતો. અભિષેકને જાંઘના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. અજાણ્યાઓ હુમલો કરી ત્યાંથી ફરાર થઈ ગયા હતા. લોહીલુહાણ હાલતમાં અભિષેકને સારવાર માટે ખાનગી હોસ્પિ.માં દાખલ કરવામાં આવ્યો હતો. આ ઘટનાની જાણ થતા સીનીયર વકીલ દીપક કોકાસ સહિતના વકીલો હોસ્પિ. દોડી ગયા હતા. આ અંગે વધુ તપાસ શરૂ કરવામાં આવી છે.



**સૌભાગ્યવતી મહિલાઓએ આજે વટસાવિત્રી નિમિતે પતિના દીર્ઘ, તંદુરસ્ત આયુષ્ય અંગે વટસાવિત્રીનું વ્રત કરી વડના વૃક્ષને સુતરની દોરી બાંધી પૂજા કરી હતી. સુરત શહેરમાં આજે સવારથી ઠેર ઠેર સૌભાગ્યવતી મહિલાઓ વડના વૃક્ષની પૂજા કરતી હોવાના દ્રશ્યો જોવા મળ્યાં હતાં.**
**(તસવીર : હનીફ મલેક)**

### વકીલ પર હુમલો ભાજપના કોર્પોરેટર અમિત રાજપૂતે કરાવ્યો હોવાનો આરોપ

વકીલ દિપક કોકાસે જણાવ્યુ હતુ કે ગઈ કાલે જ વકીલ અભિષેક રાજપુતે પાંડેસરા પોલીસ સ્ટેશનમાં વડોદ ખાતે રહેતા ફાયનાન્સર વિરૂદ્ધ પોલીસ ફરિયાદ કરાવી હતી. ફાયનાન્સરે કિન્નાખોરી રાખીને વકીલ રાજપુત ઉપર હુમલો કરાવવાની શક્યતા પ્રબળ બની છે. નોંધનીય છે કે થોડા દિવસો પહેલા ભાજપના કોર્પોરેટર અમિતસિંહ રાજપુતનો એક મહિલાને લઈને વિવાદ થયો હતો. ત્યારે નેતા રાજપુત સાથે વકીલ અભિષેકનું મનદુખ પણ થયું હતું. નેતા રાજપુતે અભિષેક ઉપર હુમલો કરાવ્યો હોવાની આશંકા પોતે ભોગ બનનાર વકીલે વીડિયો મારફતે વ્યક્ત કરી હતી. પોલીસની તપાસમાં વધુ વિગતો સામે આવશે. આ અંગે અમિત રાજપૂતે તેની વિરૂદ્ધ થયેલા આરોપો ફગાવી દીધા હતા અને જણાવ્યું હતું કે, આ ઘટનાને રાજકીય રંગ આપવામાં આવ્યું છે.

### વકીલોની સુરક્ષા અંગે બાર એસો.એ વ્યક્ત કરેલી ચિંતા

સુરત જિલ્લા વકીલ મંડળના પ્રમુખ બ્રિજેશ પટેલે જણાવ્યુ હતુ કે વકીલ અભિષેક રાજપુત પર થયેલો હુમલો આખા વકીલ આલમ પર થયો હોય તેવુ કહેવાય. વકીલ રાજપુત સાથે વકીલ મંડળ ઉભુ રહેશે. વકીલ રાજપુત ઉપર થયેલા હુમલા બાબતે યોગ્ય તપાસ કરાવવા માટે જવાબદાર અધિકારીઓને પણ સુરત વકીલ મંડળ રૂબરૂ હાજર રહી રજૂઆત કરાશે. ખાસ કરીને છાશવારે વકીલો ઉપર થતા હુમલાઓને ધ્યાને લઈ એડવોકેટ બિલ પ્રોટેક્શન એક્ટ સંદર્ભે સીનીયર વકીલો અને એડવાઈઝરી કમિટી પાસે સૂચનો મંગાવવામાં આવશે અને ત્યારબાદ એડવોકેટ બિલ પ્રોટેક્શન એક્ટ અમલમાં લાવવા ગુજરાત બાર એસો.ને રજૂઆત કરાશે.

### વકીલો પર હુમલો ક્યારેય સ્વીકાર્ય નથી : અશ્વીન જોગડિયા

એડવોકેટ દિપક કોકાસે જણાવ્યુ હતુ કે એડવોકેટ પ્રોટેક્શન માટે માગ ઉઠી રહી છે. પણ કશુ થતુ નથી, હવે કેટલાક વકીલો ભોગ બનશે. ગુનેગારોને કાયદાનો ડર જ નથી. વકીલો પર હુમલાઓ થઈ રહ્યા છે. એડવોકેટ અશ્વિન જોગડિયાએ જણાવ્યુ હતુ કે વકીલો પર થયેલી હિંસાઓ ક્યારેય પણ સ્વીકારી શકાય નહી. આ વકીલો પર હુમલો નથી, પણ બંધારણ પર હુમલો છે. આમા જે આરોપીઓ હોય તેને સખત સજા થવી જોઈએ તેવી માગ વકીલ જોગડિયાએ કરી હતી.

## સુરત મહા નગર પાલિકાના કર્મીઓનું વર્ક ટુ રૂલ આંદોલન

### ફરજના સમય બાદ કર્મચારીઓ કોઈ કામ કરશે નહીં

**સુરત, તા.૧૦**

સુરત મહાનગરપાલિકામાં ફરજ બજાવતા તમામ કર્મચારીઓને આજથી એટલે કે તારીખ ૧૦/૬/૨૦૨૫ થી વર્ક ટુ રૂલ આંદોલનમાં જોડાવવા માટે નો આદેશ કર્મચારી મહામંડળ દ્વારા કરવામાં આવ્યો છે.

સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓના પડતર પ્રશ્નોનો વહેલી તકે નિકાલ આવે તેમ જ ડેપ્યુટી કમિશનર શ્રીમતી નિધિ સિવાજ દ્વારા ગુજરાતીઓની અસ્મિતા ઉપર જે નિવેદન આપવામાં આવ્યું હતું.તેના વિરોધમાં આજથી તમામ કર્મચારીઓએ વર્ક ટુ રૂલ ના આંદોલનમાં ફરજિયાત પણે આંદોલન શરૂ કર્યું છે. જે કર્મચારીઓ જે જે જગ્યાએ ફરજ બજાવી રહ્યા છે તે જગ્યાએ તેઓની ફરજનો જે સમય નિયત થયેલ છે,એ નિયત થયેલ સમય દરમિયાન પોતાની ફરજ નિષ્ઠાપૂર્વક બજાવવાની છે અને ફરજ નો સમય પૂરો થાય એટલે ઓફિસ છોડીને બહાર નીકળી જવું. કોઈ પણ કર્મચારીએ પોતાના ઓફિસ સમય બાદ ઓફિસમાં બેસીને કામગીરી કરવાની નથી. જેની ખાસ નોંધ લેશો. તમામ કર્મચારીઓ આ પોતાનું આંદોલન છે,તેમ સમજી આંદોલનમાં સહકાર આપશે તેવી અપેક્ષા પણ છે. તેમ સુરત મહાનગરપાલિકા કર્મચારી મહામંડળની અખબારી યાદીમાં જણાવાયું છે.

## રૂપિયા એક લાખની ખંડણી પડાવવા સિંગણપોરમાંથી યુવકનું અપહરણ

### જુની અદાવતમાં યુવકનું અપહરણ કરી પતાવી દેવાની ધમકી

**(પ્રતાપ પ્રતિનિધિ),સુરત,,તા.૧૦**

સિંગણપોર વિસ્તારમાં રહેતા યુવકનું અંગત અદાવતમાં અપહરણ કરી યુવકને બળજબરીથી ગાડી ઉપર બેસાડી જઈ એક મર્ડરમાં તો જામીન થયા છે બીજુ મર્ડર થાય તો ફરક નહીં પડે તેમ કહી યુવકના ભાઈને ફોન કરી યુવકને છોડવા માટે રૂ.૧ લાખની ખંડણી માંગવામાં આવી હોવાની ફરીયાદ સિંગણપોર પોલીસ સ્ટેશનમાં નોધાઈ છે.

પ્રાપ્ત વિગત અનુસાર ઉદય કનુભાઈ આંબલીયા (રહે. શિવલોક કંતેશ્વર ચાર રસ્તા, કતારગામ), સંદીપ ઉર્ફે મામાદેવ રાઘવ પીપલીયા, જિજ્ઞેશ, દીપ તેમજ જયદીપ અને શશાંક નામના આરોપીઓએ ગઈકાલે બપોરના સમયે સિંગણપોર વિસ્તારમાં રહેતા એક યુવકનું અપહરણ કરી તેને વિશાલા હોટલ પેટ્રોલ પંપ પાસે લઈ જઈ ધાક ધમકી આપી હતી. ચપ્પુ બતાવીને યુવકના ગળે મુકી દઈ સંદીપ ઉર્ફે મામા દેવે અંગત અદાવતમાં યુવાનને માર માર્યો હતો તેમજ યુવકના ભાઈ અજયને ફોન કરીને છોડાવવાના રૂ.૧ લાખની ખંડણી માંગી હતી.

માથાભારે તત્વો વિરૂદ્ધ સિંગણપોર પોલીસે તાકીદે ખંડણીનો ગુનો નોંધી આરોપીઓને તાકીદે ઝડપી પાડવા માટે પોલીસે ઠેર ઠેર દરોડા પાડી પુરજોશમાં કામગીરી શરૂ કરી દીધી હોવાનું જાણવા મળે છે.

## વેસુની એનવિઝન સાયન્ટીફીન પ્રા.લી કંપની સાથે ૨.૨૩ કરોડની ઠગાઈ

### છેતરપિંડી અંગે કંપનીએ વેસુ પોલીસમાં ગુનો નોંધાયો

**(પ્રતાપ પ્રતિનિધિ),સુરત,,તા.૧૦**

વેસુમાં આવેલ ઍનવિઝ સાયન્ટીફીન પ્રા.લી તેમજ કોન્સેપ્ટ મેડીકલ રીસર્ચ પ્રા,લી કંપની પાસેથી મુંબઈ સહિત અલગ અલગ રાજયની છ જેટલી કંપનીઓ દ્વારા મેડીકલ ડીવાસીસની અલગ અલગ પ્રોડકની ખરીદી કર્યા બાદ લેવાના બાકી નિકળતા રૂપિયા ૨.૩૨ કરોડ નહી ચુકવી ચુનો ચોપડ્યો હતો.

વેસુ પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ રાંદેર પાલનપુર પાટીયા દીનદયાલ સોસાયટીમાં રહેતા ચિંતન બીપીનચંદ્ર કાપડીયા (ઉ.વ.૪૫) વેસુમાં ટ્રીનીટી ઓરીયન કોમ્પ્લેક્ષમાં ઍનવિઝન સાયન્ટીફીન પ્રા.લી નામની ઓફિસમં ડીરેકટર-ફાઈનાનન્સ ઍન્ડ ઍકાઉન્ટ તરીકે છેલ્લા પાંચ વર્ષથી નોકરી કરે છે. અ કંપની મેડીકલ ડિવાઈસા ટ્રેડીગ અને ઉત્પાદનનું જયારે અન્ય કોન્સેપ્ટ મેડીકલ રીચર્સ પ્રા.લી જે કંપની મેડીકલ ડીવાઈસીસમાં રીસર્ચ ઍન્ડ ડેવલોપમેન્ટ અંગેનું ટ્રેડીગનું કામકાજ કરે છે. ચિંતનભાઈની કંપનીમાંથી સને ૨૦૧૮થી અત્યાર સુધીમાં સીમા શુકલા, અક્ષય દીવાન (સાક્ષી ઍન્ટરપ્રાઈઝ, કાલિદી કોલેજ રોડ પચમેડે નાકા રાયપુર), મોહન પાર્થા (બ્રાઈટ કાર્ડીઓ, કાર્થીકેયાન સલઈ પેરીયાનગર પેરામ્બુર, તમિલનાડુ), વેદ્વકટેશ મનોજ ચૌધરી (ઍસવીઆર મેડીકલ ટેકનોલોજીસ પ્રા.લી. પચપખાડી વેસ્ટ), મોહમ્મહ ગફાર (મેડીટ્રી હેલ્થ સોલ્યુસન્સ, ચૈતરુ ટ્રાર્વેસ હૈદરાબાદ), નવલજીતસિંહ ગાંધી (હિન્દુસ્તાન ઍન્ટરપ્રાઈઝ, રેડીયમ કોર્ટ ઍપાર્ટમેન્ટ, રાંચી ઝારખંડ), મંદાર પીલગોનકર, આદિત્ય (ઈન્ફીનાઈટ મેડીકતલ સોલ્યુસન્સ, ગોયલ ટ્રેડ સેન્ટર મુંબઈ) દ્વારા મેડીકલ ડિવાઈસની અલગ અલગ પ્રોકડો મેળવી વેચાણ કરી હતી.કંપની દ્વારા તેમનશ્વા બીલના નિકળતા રૂપિયા ૨,૩૨,૨૪,૪૦૧ની

## કરન્સી કનવર્ટ કરવા આપેલા રૂા.૮.૩૨ લાખ પડાવી છેતરપિંડી

### ઠગાઈ અંગે જીતેન્દ્ર ચુડાસમા અને રવિરંજન ભગત વિરૂદ્ધ ગુનો દાખલ

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૧૦**

પાલનપુર પાટીયા વિસ્તારમાં રહેતા વેપારીને દુબઈ જવા માટે મની એક્સચેન્જની જરૂરીયાત ઉભી થતા તેણે કતારગામ દરવાજા ખાતે જીતેન્દ્ર ચુડાસમાને તેના મિત્ર રવિરંજન ભગત હસ્તક રૂ.૮.૩૨ લાખ આપ્યા હતા આ રકમ પરત નહીં કરી કરન્સી કન્વર્ટ નહીં કરી છેતરપિંડી કરવામાં આવી હતી.

ચોકબજાર પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર પાલનપુર દિનદયાળ સોસાયટીમાં રહેતા આશિષ ભુપેન્દ્ર મિઠાઈવાલા ઉ.વ.૪૦ વેપારી છે. તેમને સને ૨૦૨૪માં દુબઈ જવાનું હોવાથી તેમણે મની એક્સચેન્જ માટે તેમના મિત્ર રવિરંજન ભગતને વાત કરી હતી. દરમિયાન રવિરંજનના કહેવા પ્રમાણે ચોકબજાર પ્રભુનગર પાસે કેબી લાઈટ નામની દુકાન ઉપર વેપારી આશિષ મિઠાઈવાલાએ રવિ વાજા (રહે. અલ સફા એમ બિલ્ડીંગ, દુબઈ)ના પરિચીત જીતેન્દ્ર ઉર્ફે જીતુ હરીલાલ ચુડાસમાને રૂ.૮.૩૨ લાખ આપ્યા હતા. આ રકમ કન્વર્ટ નહીં કરી દુબઈ ખાતે પાછા આપી દઈશુ તેવી વાતો કરી છેતરપિંડી કરવામાં આવી હતી.

કરન્સી કન્વર્ટના બહાને છેતરપિંડી કરવામાં આવી હોય અંતે ગઈકાલે આ મામલે ગઈકાલે ચોકબજાર પોલીસ સ્ટેશનમાં રવિ વાજા અને જીતેન્દ્ર ચુડાસમા વિરૂદ્ધ ગુનો નોંધાવવામાં આવ્યો હતો.

## હત્યા કેસમાં પેરોલ જમ્પ કરી ભાગેલો આરોપી દિલ્હીથી ઝડપાયો

### રમણદિપ સિંઘને દિલ્હીમાંથી શોધી કાઢતી સુરત ક્રાઈમ બ્રાંચ પોલીસ

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૧૦**

સને ૨૦૧૪માં સોનાના વેપારીની હત્યા કરી તેની પાસેથી ઘરેણાની લુંટ કરવાના કેસમાં પકડાયેલા આરોપી લાજપોર જેલમાંથી પેરોલ જમ્પ કરી ફરાર થઈ ગયો હોય ક્રાઈમ બ્રાંચે આરોપીને દિલ્હી ખાતેથી ઝડપી પાડી પરત સુરત લઈ આવી તેની સામે કાયદેસરની કાર્યવાહી કરી તેને જેલ હવાલે કર્યો હતો.

આ પ્રકરણની વિગત અનુસાર ઈચ્છાપોરના ભાઠા ગામે સને ૨૦૧૪માં આરોપી ભરત રમનદિપસિંઘ ઉર્ફે રોમી ગુરદિપસિંઘ ગીલ (રહે. દિલ્હી રોહિણી સેક્ટર-૩૪)એ ભરતભાઈ સોની નામના સોનાના વેપારીની હત્યા કરી ઘરેણાની લુંટ કરી હતી. હત્યા બાદ લાશને કોથળામાં મુકી ભાઠા ગામ પાસે અવાવરૂ જગ્યાએ ફેંકી દેવાઈ હતી. આ ગુનામાં જે-તે સમયે આરોપીને પોલીસે પકડી પાડી કાનુની કાર્યવાહી બાદ તેને લાજપોર જેલ મોકલી દેવાય ેહતો. દરમિયાન આરોપી પેરોલ જમ્પ કરી લાજપોર જેલમાંથી ફરાર થઈ ગયો હતો.

કાચા કામના કેદી તરીકે આરોપી રમનદિંપસિંઘ જેલમાં હાજર થયો ન હોય ક્રાઈમ બ્રાંચે આ માહિતીને આધારે દિલ્હીથી રમનદિપસિંઘને ઝડપી પાડી તેને જેલને હવાલે કર્યો હતો.

### સુરત મહાનગરપાલિકા
### જાહેર નોટીસ
### ચેતવણી

આગામી ચોમાસાની ઋતુમાં નદીના પુરના પાણી સહેલાઈથી વિયર ઉપરથી વહી શકે તે માટે વિયર ઉપરના રસ્તાની બંને બાજુએ લગાવવામાં આવેલ ચેઈનલીંક ફેન્સીંગ (જાળીની વાડ) તથા જી.આઈ.પાઈપની રેલીંગ ખોલીને દુર કરવામાં આવે છે.

જી.આઈ.પાઈપ રેલીંગ દુર કરાયા બાદ લાકડાની કામ ચલાઉ આડાશ લગાવવામાં આવનાર છે. જેની મજબુતાઈ પૂરતી હોતી નથી. જેથી ચેઈનલીંન્ક ફેન્સીંગ અને જી.આઈ.પાઈપ રેલીંગ દુર થયા બાદ નાગરિકોએ વિયરના બંને બાજુએ રસ્તાની ધારથી સલામત અંતરે રહેવું અને બાળકોને રસ્તાની ધાર ઉપર જવા દેવા નહી કે લાકડાનાં વાંસ / બાંબુની કામચલાઉ આડાશ ઉપર ચઢવું નહી કે તેના પર વજન રાખી ઉભા રહેવું નહીં.

આથી શહેરની જાહેર જનતાને અને ખાસ કરીને વીયર કમ કોઝવેનો આવવા, જવા કે ફરવા માટે ઉપયોગ કરતાં નાગરીકોને જણાવવાનું કે, વીયર-કમ-કોઝવે પરથી પસાર થતી વખતે કોઈપણ વાહનો વીયરના રસ્તા પર પાર્ક કરવા નહી અને રસ્તાની ઉપરવાસમાં આવેલ ફુટપાથ ઉપર ચોમાસાની ઋતુમાં બેસવું કે ફરવું નહી અને ખાસ કરીને બાળકોને રમવા માટે છુટા મુકવા નહી. તેમજ ચોમાસામાં ઓવરફલો દરમ્યાન વિયર-કમ-કોઝવે અવર જવર માટે બંધ કરેલ હોય ત્યારે બંને છેડે આવેલ ગાર્ડન્સમાંથી ઉતરી કોઝવે પર જઈ નહાવુ/તરવુ/સેલ્ફી ખેંચવી નહી.

વિયર-કમ-કોઝવેના ઉપરવાસનું જળાશય સુરત શહેરના પીવાના પાણી માટેનું છે. જેથી લોકોના ન્હાવા, કપડા ધોવા, વાહનો ધોવા, ઢોરને પાણી પીવડાવવા/નહવડાવા ઉપર કાયમી ધોરણે પ્રતિબંધ મુકવામાં આવેલ છે. તેમજ અહી પાણીની ઉંડાઈ વધુ હોવાથી નદીમાં ઉતરવામાં, તરવામાં કે ન્હાવામાં જાનનું જોખમ રહેલ છે. જેથી નાગરીકોએ સલામતી ધ્યાને રાખીને આ જગ્યાએ ન્હાવુ કે તરવું નહી.

ઉપરોકત સુચનાનો ભંગ કરનાર નાગરીક કોઈ અકસ્માતનો ભોગ બનશે તો સુરત મહાનગરપાલિકાની કોઈ જવાબદારી રહેશે નહી. જેની સંબધકર્તાઓએ સ્પષ્ટ નોંધ લેવા વિનંતી.

નં.પી.આર.ઓ./૧૫૩/૨૦૨૫-૨૬ — કમિશ્નર
તા.૦૯/૦૬/૨૦૨૫ — સુરત મહાનગરપાલિકા

## ભેસ્તાન ફાયર સ્ટેશન પાસે બંધ ઝૂંપડામાં આગ

**(પ્રતાપ પ્રતિનિધિ),સુરત,,તા.૧૦**

ભેસ્તાન ફાયર સ્ટેશન પાસે આવેલા એક બંધ ઝૂંપડામાં આજે વહેલી સવારે કોઈક કારણોસર આગ લાગી હોવાનો બનાવ ફાયર બ્રિગેડના ચોપડે નોંધાયો હતો. ફાયર બ્રિગેડ સૂત્રોના જણાવ્યા અનુસાર, ભેસ્તાન ફાયર સ્ટેશન પાસે આવેલી ભૈરવ નગર સ્થિત એક લાકડાના ઝૂંપડામાં આજે વહેલી સવારે ૨:૩૦ વાગ્યાના અરસામાં કોઈક કારણોસર આગ લાગી હતી. આગના બનાવની જાણ ફાયર બ્રિગેડ કન્ટ્રોલ રૂમને કરવામાં આવતા તેઓએ ભેસ્તાન ફાયર સ્ટેશનના ફાયર ઓફિસર અને ફાયર જવાનોને ફાઈટર, ટેન્કર અને બ્રાઉઝર સાથે ઘટના સ્થળે મોકલી આપ્યા હતા. જ્યાં તેઓએ પાણીનો મારો ચલાવીને ઝૂંપડામાં લાગેલી આગની બુજાવી નાખી હતી. આગને કારણે લાકડાનું ઝુંપડું અને ઘરવખરી સામાન બળીને રાખ થઈ ગયો હતો. બંધ ઝૂંપડા ના માલિકનું નામ ભોળાભાઈ પટેલ હોવાનું ફાયર બ્રિગેડ એ જણાવ્યું હતું.

## વરસાદના કોઈ સગડ નથી અસહ્ય ઉકાળ અને બફારો

### વહેલી સવારે પણ સુરતમાં ૨૮.૪ ડિગ્રી ઊંચુ તાપમાન

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૧૦**

શહેર જિલ્લામાં હજી સુધી વિધીવત ચોમાસુ બેસ્યું નથી ત્યાં ગરમીને કારણે લોકો અકળાય રહ્યા છે. મહત્તમ તાપમાન અને લઘુત્તમ તાપમાનનો પારો ઉંચો રહેતા અસહ્ય ઉકળાટ અને બફારાથી લોકો અકળાઈ રહ્યા છે. વિતેલા એક અઠવાડીયાથી અસહ્ય ગરમી પડી રહી છે. દરમિયાન આજે સવારે પણ લઘુત્તમ તાપમાનનો પારો ૨૮.૪ સેલ્સિયસ ડિગ્રી નોંધાયો હતો. હવામાં ભેજનું પ્રમાણ ૬૪ ટકા રહ્યું હતું.

હવામાન વિભાગ પાસેથી મળતી વિગત પ્રમાણે બપોરે ૧૨ વાગતા જ ગરમીનો પારો ઉંચે જવા લાગ્યો છે. રાત્રિ દરમિયાન તેમજ વહેલી સવારે લઘુત્તમ તાપમાન વધુ રહેતા બફારાથી લોકો તોબા પોકારી ગયા છે. શહેરમાં હજી વિધીવત ચોમાસુ બેસ્યું નથી ત્યારે ઉનાળા જેવી ગરમીનો સામનો કરવો પડી રહ્યો છે. સવારનું લઘુત્તમ તાપમાન ૨૮.૪ ડિગ્રી નોંધાવા સાથે બપોરે ૧૨ વાગતા જ મહત્તમ તાપમાન ૩૩ ડિગ્રી ઉપર પહોંચી ગયું હતું.

## સ્પાની આડમાં કુટણખાનું ચલાવનાર સાગર ખોખરને જયુડીસીએલ કસ્ટડીમાં મોકલાયો

### વોન્ટેડ સાગર ખોખરની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરાયો હતો

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૧૦**

સરથાણા ખાતે સ્પાની આડમાં કુટણખાનું ચલાવતા સંચાલકની એલસીબી ઝોન વનની ટીમએ પકડી પાડી તેની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. સરથાણા પોલીસે કુટણખાનું ચલાવનાર આરોપી સાગર ખોખરને કોર્ટમાં રજૂ કરતા અદાલતે તેને લાજપોર જેલમાં મોકલી આપવાનો હુકમ કર્યો હતો

આ કેસની વિગતો એવી છે કે, સરથાણા પોલીસ સ્ટેશનમાં સ્પાની આડમાં ચાલતું કુટણ ખાનું પોલીસે પકડી પાડ્યું હતું. સરથાણા પોલીસ સ્ટેશનમાંઈમોરલટ્રાફીકીંગ એક્ટ બદલ ગુનો નોંધાયો હતો. આ ગુનામાં સ્પા સંચાલક સાગર લાલજીભાઈ ખોખર (ઉ.વ-૩૩ રહે-૨૬૯ સ્વામિનારાયણ નગર સોસાયટી, સીમાડા ગામ, સરથાણા સુરત મુળવતન-ભુવા તા- સાવરકુંડલા જી-અમરેલી) છેલ્લા ત્રણ મહિનાથી નાસતા ફરતા આરોપી સાગરને પકડી પાડ્યો હતો. પોલીસે તેને કોર્ટમાં રજૂ કરતા આરોપીને જયુડીસીએલ કસ્ટડીમાં મોકલી આપવાનો હુકમ કરવામાં આવ્યો હતોસરથાણાપોલીસે વધુમાં જણાવ્યું હતું કે, આરોપી સાગર વિરુદ્ધ વેસુ પોલીસ સ્ટેશનમાં પણ આ અંગેનો ગુનો દાખલ થયો હતો.